gujaratvandan.com



‘થપ્પડ સે ડર નહીં લગતા સાહબ, પ્યાર સે લગતા હૈ..’

પેજ 11


નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

# ગુજરાત વંદન

સાપ્તાહિક

ગુરુવાર 2 જૂન 2022

જેઠ સુદ-03, વિક્રમ સંવત 2078 | કિંમત : રૂ. 5 | વાર્ષિક : રૂ. 250 | વર્ષ : 06 | અંક : 04 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12


**સુવિચાર**

ક્રોધ ને જીતવામાં મૌન જેવું બીજું કોઈ સહાયક નથી. - મહાત્મા ગાંધી

## 2015માં હાર્દિક પટેલના પાટીદાર અનામત આંદોલનના પગલે આનંદીબેન પટેલને રાજીનામુ આપવુ પડ્યુ હતું, છતાં પક્ષપ્રવેશ..!

# ભાજપ સરકારને ઉથલાવનારનું ભાજપમાં સુસ્વાગતમ..!

### વાઇરલ વિડિયોમાં હાર્દિક જાહેરસભામાં ઉવાચ- ભાજપે મને 1200 કરોડની ઓફર કરી હતી.., પાટીદાર સાથી મિત્રોના વેધક સવાલો-હવે..?

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ ચાલુ વર્ષના ડિસેમ્બરમાં નિયત સમયપત્રકને બદલે જૂનના પ્રથમ સપ્તાહમાં આવતા આવતા રહી ગઈ. યુપી જીત્યા બાદ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતના પગલે એવી અટકળો વહેતી થઇ કે ચોમાસુ બેસે તે પહેલા સામાન્ય ચૂંટણીઓ યોજાશે. માહૌલ પણ બની રહ્યો હતો. વડાપ્રધાન ઉપરાંત ગૃહમંત્રી અમિતભાઈ શાહની ગુજરાત મુલાકાતો, ઉદઘાટનો ધડાધડ થઈ રહ્યાં હતા. કહેવાય છે કે ભાજપના નેતાઓએ સંગઠનને ચૂંટણીઓ માટે તૈયાર રહેવા ખાનગીમાં કહીને 3 દિવસનું વેકેશન પણ આપ્યું હતું. પણ ચૂંટણીઓ વહેલી આવી નથી અને હવે દિવાળી બાદ ગુલાબી ઠંડીમાં લોકો મતદાન માટે લાઇનમાં ઉભેલા જોવા મળશે. ખેતીના આધાર સમાન ચોમાસુ પણ સમયસર પહોંચી રહ્યું છે અને રાજકારણમાં આગામી સમયમાં ભારે ઉથલપાથલ જગાવે તેવી ઘટનામાં ભાજપની આનંદીબેન સરકારને દૂર કરવામાં નિમિત બનેલ યુવા નેતા હાર્દિક પટેલ આજે 2 જૂને કમલમ પહોંચી રહ્યો હશે અને ભાજપના પ્રદેશ પ્રમુખ સીઆર પાટિલ કોંગ્રેસના કાર્યકારી પ્રદેશ પ્રમુખ હાર્દિકને કેસરી ખેસ પહેરાવીને ભલે પધાર્યા...કહી રહ્યાં હશે...!







કોંગ્રેસમાંથી હકાલપટ્ટી થાય તે પહેલા સમયસર ચેતીને રાજીવ ગાંધી ભવનના પગથિયા ઉતરી જનાર હાર્દિકે રાજીનામુ આપ્યું અને ભાજપમાં જોડાશે એવી અટકળો વચ્ચે ભાજપમાં ગયેલા અને નહીં ગયેલા પાટિદાર યુવા નેતાઓએ તેનો વિરોધ કર્યો અને ચેતવણી પણ આપી. 2015માં પાટીદાર અનમાત આંદોલન દ્વારા ગુજરાતના પાટીદારોને સરકારની સામે ભીડાવનાર તથા પોલીસ ગોળીબારમાં 14 પાટિદારોના મોત માટે હાર્દિક જવાબદાર છે એવા નિવેદનો શરૂ થયા અને હવે હાર્દિકનો એક વિડિયો પણ વાઈરલ થયો. જેમાં તે જાહેર મંચ પરથી 14 પાટીદારોના મોતથી ગળગળા થઈને પાટીદારોને વિનંતી કરી છે કે આપણે એ મોત બદલ આપણી આંખોમાં આંસુને સુકવવા દેવા નથી...આંસુ સારવાનું ચાલુ રાખવાનું છે જેથી ભાજપ સરકારે પાટિદારો સાથે કરેલ અન્યાયની જવાળાને જિવિત રાખી શકાય.. આ જ વિડિયોમાં હાર્દિકે જનસભામાં ધડાકો કર્યો હતો કે ભાજપે મને 1200 કરોડની ઓફર કરી છે પણ મેં ફગાવી દીધી છે કેમ કે મારે મારી માતાઓ મારી બેનોના આંખોમાં આંસુ સુકાવા દેવા નથી..! અને હવે..? સોશ્યલ મિડિયામાં એક સવાલ.

સોશ્યલ મિડિયામાં આ વિડિયોની સાથે હાર્દિકને એવા પણ સવાલો થઈ રહ્યાં છે કે એ વખતે 1200 કરોડની ઓફર હતી તો હવે કેટલાની..? અનામત આંદોલન વખતે હાર્દિકના હોટેલના વિડિયો, જેમાં તે હાથમાં ગ્લાસ સાથે નજરે પડે છે વગેરે બજારમાં આવે તો નવાઈ નહીં. તેમની સાથેના આંદોલનકારીઓના નિવેદનો પણ આવી રહ્યાં છે. જો કે એ બધાની ચિંતા કર્યા વગર ભાજપ સરકારે તેમની સામેના પોલીસ કેસો

...અનુસંધાન પેજ નં. 6 પર


Open a Free Demat A/c* with mastertrust

**બજાર અપડેટ**

| સેન્સેક્સ | નિફ્ટી |
|---|---|
| 55,381.17 | 16,522.75 |

**ટોપ ગેનર્સ**

| | |
|---|---|
| JWS સ્ટીલ | +3.31% |
| કોલ ઈન્ડિયા | +1.63% |
| HDFC લાઈફ | +1.37% |

**ટોપ લુઝર્સ**

| | |
|---|---|
| બજાજ ઓટો | -3.73% |
| એપોલો હોસ્પિટલ | -3.53% |
| ટેક મહિન્દ્રા | -2.85% |

mastertrust®
BROKING & INVESTMENTS

| સોનું | ચાંદી |
|---|---|
| 52,290 | 60,600 |


## ન્યૂઝ બ્રિફ

### કેજરીવાલ 6 જૂને ગુજરાત આવશે, અમદાવાદ-ઉ.ગુજરાતમાં રેલી કરશે

વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને ભાજપના રાષ્ટ્રીય નેતાઓ એક પછી એક કાર્યક્રમમાં ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. કોંગ્રેસના નેતા અને સાંસદ રાહુલ ગાંધી 12 જૂને નવસારીના વાંસદા તાલુકાના ચારણપાડા ખાતે જાહેર સભાને સંબોધશે. તો બીજી તરફ આમ આદમી પાર્ટીના સંયોજક અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પણ ગુજરાતની મુલાકાત લેશે. રાહુલ ગાંધી વાંસદામાં આદિવાસી અધિકાર સત્યાગ્રહ રેલીનુ સમાપન કરાવશે.

### મનસેના રાજ ઠાકરે બીજી વાર કોરોનાગ્રસ્ત, હોસ્પીટલમાં દાખલ

કોરોના સંક્રમણની ગતિ ધીમી પડી છે, પરંતુ તે હજુ પણ સંપૂર્ણ રીતે સમાપ્ત થઈ નથી. હવે મહારાષ્ટ્ર નવનિર્માણ સેના પ્રમુખ રાજ ઠાકરે બીજી વખત કોરોના પોઝિટિવ આવ્યા છે. ખાસ વાત એ છે કે રાજ મુંબઈની લીલાવતી હોસ્પિટલમાં દાખલ છે અને (1 જૂન) તેના પગની સર્જરી કરાવવાની હતી. જો કે, તેના કોરોના પોઝિટિવ પછી, ડોકટરોએ હવે તેની સંપૂર્ણ સ્વસ્થતા સુધી તેની સર્જરી સ્થગિત કરી દીધી છે.

### કોંગ્રેસ પોતે તો સુધરતી નથી પણ બીજાને ડુબાડે છે : પ્રશાંત કિશોર



થોડા સમય પહેલાં પ્રશાંત કિશોર કોંગ્રેસમાં જોડાવાના હતા. પરંતુ તે સમયે વાત આગળ વધી નહીં. હવે ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોર કોંગ્રેસ સાથે કામ કરવાની વાત પર બે હાથ જોડી રહ્યા છે. કોંગ્રેસ ખુદ ડૂબી રહી છે, સાથે મને પણ ડૂબાડશે.

### વાંકી નજરે...




## અયોધ્યામાં ભવ્ય રામ મંદિર નિર્માણ, CM યોગીએ ગર્ભગૃહની ‘પૂજા’ કરી



અયોધ્યામાં ભવ્ય રામ મંદિરના નિર્માણ માટે ગર્ભગૃહનું નિર્માણ કાર્ય શરૂ થઈ ગયું છે. મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે બુધવારે સવારે ગર્ભગૃહના નિર્માણ માટે પ્રથમ શિલારોપણ કર્યું હતું. આ સાથે 29 મેથી શરૂ થયેલ સર્વદેવ અનુષ્ઠાનનું સમાપન થયું. આ દરમિયાન સીએમ યોગી આદિત્યનાથની સાથે ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્ય, શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ન્યાસના પ્રમુખ નૃત્ય ગોપાલ દાસ, સચિવ ચંપત રાય અને 250 સંતો, રાજકીય હસ્તીઓ અને મહાનુભાવો હાજર રહ્યા. પ્રથમ પથ્થરની સ્થાપના બાદ, ગર્ભગૃહનું કામ ડિસેમ્બર 2023 સુધીમાં પૂર્ણ કરવામાં આવશે. એવું માનવામાં આવે છે કે જાન્યુઆરી 2024 માં, મકરસંક્રાંતિના દિવસે, રામલલાને તેમના મંદિરમાં સ્થાપિત કરવામાં આવશે.

### ‘હમ રહે યા ના રહે કલ... અને જીવન સમાપ્ત!

## લાઈવ કોન્સર્ટ દરમિયાન કેકેની તબિયત લથડી, હાર્ટએટેક બાદ મોત

ગુજરાત | વંદન

કોલકાતામાં એક લાઈવ મ્યુઝિક કોન્સર્ટ દરમિયાન બોલીવુડના જાણીતા ગાયક કેકેનું અવસાન થયું છે. આ લાઈવ કોન્સર્ટમાં ગીત ગાતી વખતે જ કેકેને હાર્ટ એટેક આવ્યો હતો. આ પછી તેને તાત્કાલિક સીએમઆરઆઈ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. જો કે, હોસ્પિટલના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. કેકે 53 વર્ષના હતા. તેમણે હિન્દીમાં 200 થી વધુ ગીતો ગાયા છે. તેમણે હમ દિલ દે ચૂકે સનમ ફિલ્મમાં પણ ગીતો ગાયા હતા.



કોલકાતાના ઉલ્ટાડાંગામાં ગુરુદાસ મહાવિદ્યાલયના નઝરુલ મંચના કોન્સર્ટ દરમિયાન ગાયક કૃષ્ણકુમાર કુન્નાથને હાર્ટ એટેક આવ્યો હતો. જોકે, હોસ્પિટલ લઈ જવામાં આવે તે પહેલા જ તેનું મોત નીપજ્યું હતું. હોસ્પિટલ પહોંચ્યા બાદ ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

ગાયક કૃષ્ણકુમાર કુન્નાથ (કેકે) સ્ટેજ પર તેમના પરફોર્મન્સ દરમિયાન બીમાર થઈ ગયા હતા. આ પછી તેણે સ્પોટલાઈટ બંધ કરવાનું કહ્યું. તે વારંવાર કહી રહ્યો હતો કે તેની તબિયત સારી નથી અને તેને ગરમી લાગી રહી છે. આ પછી તે હોટલ ગયો, પરંતુ સીડી ચડતી વખતે અચાનક પડી ગયો. આ પછી તેને કલકત્તા મેડિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (CMRI) લઈ જવામાં આવ્યો, પરંતુ તે પહેલા જ તેનું મોત થઈ ગયું.

સિંગર કેકે ફિલ્મ માચીસ (છોડ આયે હમ વો ગલિયાં) થી બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો. જો કે, કેકેને બોલિવૂડમાં વાસ્તવિક ઓળખ ફિલ્મ ‘હમ દિલ દે ચૂકે સનમ’થી મળી, જ્યારે તેણે ગીત ‘તડપ તડપ કે ઈસ દિલ સે’ ગાયું. ઉલ્લેખનીય છે કે, દિલ્હીમાં 23 ઓગસ્ટ 1968ના રોજ જન્મેલા કેકેએ હિન્દી સિવાય તમિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ, મરાઠી, બંગાળી અને ગુજરાતી ફિલ્મોમાં ગીતો ગાયા હતા.

### પોલીસે અભિનેતાના ઘરની આસપાસ સુરક્ષા વધારી

## મૂસેવાલાની હત્યા બાદ સલમાન ખાનની વધારી દેવાઈ સિક્યુરિટી

ગુજરાત | વંદન

સિદ્ધૂ મુસેવાલાની બે દિવસ પહેલા ગોળી મારીને હત્યા કરવામાં આવી છે અને આ મામલામાં લોરેન્સ બિશ્નોઈનું નામ આવતાની સાથે જ સલમાન ખાનની સિક્યોરિટી વધારી દેવામાં આવી છે. જો કે મીડિયા રિપોર્ટ્સનું માનીએ તો તેની પર્સનલ સિક્યોરિટી ઉપરાંત પોલીસે સલમાન ખાનના ઘરની આસપાસ સુરક્ષા પણ કડક કરી છે જેથી કરીને કોઈપણ અઈચ્છનીય ઘટનાને અગાઉથી અટકાવી શકાય હકીકતે સિદ્ધુ મુસેવાલા હત્યાકાંડમાં ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનું નામ સામે આવ્યું છે. આ હત્યા કેસમાં લોરેન્સ બિશ્નોઈની પૂછપરછ પણ શરૂ થઈ ગઈ છે. લોરેન્સ બિશ્નોઈ એ જ ગેંગસ્ટર છે જેણે 2018માં સલમાન ખાનને મારી નાખવાની ખુલ્લેઆમ ધમકી આપી હતી. એવામાં જ્યારે આ ગેંગ ફરીથી સક્રિય થઈ છે. ત્યારે કોઈપણ પ્રકારની અઈચ્છનીય ઘટના ન બને તે માટે સલમાનની સુરક્ષા વધારી દેવામાં આવી છે.



## સ્મૃતિએ કેજરીવાલને ઘેર્યા, કહ્યું- સત્યેન્દ્ર જૈનને કેમ બચાવી રહ્યા છે?

ગુજરાત | વંદન

EDએ મની લોન્ડરિંગ કેસમાં દિલ્હી સરકારના મંત્રી સત્યેન્દ્ર જૈનની ધરપકડ કરી છે. આ મામલે કેન્દ્રીય મંત્રી સ્મૃતિ ઈરાનીએ અરવિંદ કેજરીવાલ પર આકરા પ્રહારો કર્યા છે. ધરપકડ બાદ પણ મંત્રી તરીકે ચાલુ રહેવા પર ઉઠાવ્યા સવાલ

દિલ્હી સરકારના મંત્રી સત્યેન્દ્ર જૈનને કોર્ટે 9 જૂન સુધી ED કસ્ટડીમાં મોકલી દીધા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ સોમવારે મની લોન્ડરિંગ કેસમાં જૈનની ધરપકડ કરી હતી. આ પછી, તેમને આજે રાઉઝ એવન્યુ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા.



હવે કેન્દ્રીય મંત્રી અને સાંસદ સ્મૃતિ ઈરાનીએ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ પર પ્રહાર કરતા કહ્યું કે, કેજરીવાલ કાળા નાણાના માલિક સત્યેન્દ્ર જૈનને કેમ બચાવી રહ્યા છે?

સ્મૃતિ ઈરાનીએ કહ્યું કે સત્યેન્દ્ર જૈન એક ભ્રષ્ટ વ્યક્તિ છે જેને દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલ દ્વારા ક્લીનચીટ આપવામાં આવી છે. શા માટે તે તેમને બચાવવાનો પ્રયાસ કરી રહ્યા છે? તેમણે કહ્યું કે સત્યેન્દ્ર જૈને શેલ કંપની બનાવીને મની લોન્ડરિંગ કર્યું હતું. તેમણે કહ્યું કે સત્યેન્દ્ર જૈન પાસે અનધિકૃત કોલોનીની આસપાસ 200 વીઘા જમીન છે.

## ગાંગુલીએ BCCIના અધ્યક્ષ પદેથી આપ્યું રાજીનામું?

### કરિયરમાં બીજી ઇનિંગ શરૂ કરશે

ગુજરાત | વંદન

ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન સૌરવ ગાંગુલીએ BCCIના અધ્યક્ષ પદેથી રાજીનામું આપવાની વાત સોશિયલ મીડિયામાં ફેલતા બીસીસીઆઈના સેક્રેટરી જય શાહે ખુલાસો કરવો પડ્યો તેમણે કહ્યું કે સૌરવ ગાંગુલીએ રાજીનામુ આપ્યુ નથી. બીજી તરફ ગાંગુલીએ પોસ્ટ શેર કરતા કહ્યું હું દરેક વ્યક્તિનો આભાર માનું છું જેઓ મારી સફરનો હિસ્સો છે. મને ટેકો આપ્યો અને આજે હું જ્યાં છું ત્યાં પહોંચવામાં મદદ કરી.આજે હું કંઈક શરૂ કરવાનું વિચારી રહ્યો છું જે મને લાગે છે કે કદાચ ઘણા લોકોને મદદ કરશે. આ પોસ્ટમાં તેમમે અત્યાર સુધીના સફર માટે ફેન્સ અને સાથી ખેલાડીઓનો આભાર માન્યો.ગાંગુલીએ કહ્યું, વર્ષ 2022 એ મારું ક્રિકેટમાં 30મું વર્ષ છે.



## મની લોન્ડ્રીંગ કેસમાં હવે સોનિયા-રાહુલ ગાંધીને EDએ મોકલી નોટિસ

ગુજરાત | વંદન

દેશમાં કાળી કમાઈથી પોતાની વ્યક્તિગત મિલકત ઉભી કરવાની કે હવાલા થકી નાણાની હેરફેર માટે તપાસ ચલાવતી સંસ્થા એન્ફોર્સમેન્ટ ડીરેક્ટોરેટે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી અને કોંગ્રેસના પૂર્વ પ્રમુખ રાહુલ ગાંધીને નિવેદન આપવા માટે સમન્સ પાઠવ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. નેશનલ હેરાલ્ડ કેસમાં બન્ને નેતાઓને આ સમન્સ પાઠવવામાં આવ્યું છે.

એક સમયે ઈન્દિરા ગાંધી અને પછી પી.વી નરસિમ્હા રાવ સરકારમાં કોંગ્રેસના મંત્રી રહી ચુકેલા અને હવે ભારતીય જનતા પાર્ટીના રાજ્યસભા સાંસદ સુબ્રમણ્યમ સ્વામીએ નેશનલ હેરાલ્ડ કેસમાં ગાંધી પરિવારે નાણાકીય ગેરરીતિ આચરી અંગત લાભ ઉઠાવ્યો હોવાની ફરિયાદ કરી છે અને હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં કેસ પણ દાખલ કર્યો છે.

નેશનલ હેરાલ્ડ નામના અખબારની સ્થાપના પંડિત જવાહરલાલ નેહરૂ અને અન્ય સ્વાતંત્ર્ય સેનાનીઓએ વર્ષ 1938માં કરી હતી. આ અખબારનું પ્રકાશન એસોસિએટેડ જર્નલ્સ લીમીટેડ દ્વારા કરવામાં આવતું હતું અને આઝાદી પછી તે કોંગ્રેસનું મુખપત્ર હતું.

રાહુલ ગાંધીએ યંગ ઈન્ડિયા લીમીટેડ નામની કંપનીની સ્થાપના કોંગ્રેસના જનરલ સેક્રેટરી પદે હતા ત્યારે વર્ષ 2010માં કરી હતી. રાહુલ અને સોનિયા ગાંધી પાસે આ કંપનીનો



76 ટકા હિસ્સો છે જ્યારે બાકીના 24 ટકા શેર મોતીલાલ વોરા પાસે છે.

સુબ્રમણ્યમ સ્વામીની ફરિયાદ અનુસાર યંગ ઈન્ડિયાએ નેશનલ હેરાલ્ડની રૂ. 2,000 કરોડના મૂલ્યની સંપત્તિ ખરીદી લીધી હતી. આટલી સંપત્તિ ખરીદવા માટે નેશનલ હેરાલ્ડને માત્ર રૂ. 50 લાખ ચુકવવામાં આવ્યા હતા. કોંગ્રેસ પાર્ટીએ અગાઉ એસોસિએટેડ જર્નલ્સને આપેલી અખબાર ચલવવા માટેની રૂ. 90.25 કરોડની લોન પણ પરત મેળવવાની આ સોદામાં જોગવાઈ છે.

સ્વામીની અરજી ઉપરથી એન્ફોર્સમેન્ટ ડીરેક્ટોરેટે વર્ષ 2014માં તપાસ શરૂ કરી હતી અને વર્ષ 2015માં એક કેસ નોંધવામાં આવ્યો છે. સ્વામીએ પોતાની ફરિયાદમાં આરોપી તરીકે રાહુલ ગાંધી, સોનિયા ગાંધી, મોતીલાલ વોરા, ઓસ્કાર ફર્નાન્ડીસ, પત્રકાર સુમન દુબે અને ટેક્નોક્રેટ સેમ પિત્રોડાના નામ આપ્યા છે.

## મે મહિનામાં GST કલેક્શન 16% ઘટીને 1.41 લાખ કરોડ

- **એપ્રિલમાં કલેક્શન રૂ. 1.68 લાખ કરોડ હતું, જે અત્યાર સુધીનું સૌથી વધુ**

ગુજરાત | વંદન

નવા નાણાંકીય વર્ષની શાનદાર શરૂઆત સાથે ઈતિહાસનું સૌથી રેકોર્ડ કલેક્શન દર્શાવ્યા બાદ મે, 2022ના વર્ષમાં જીએસટી કલેક્શન માસિક દ્રષ્ટિએ 16% ઘટ્યું છે. ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) કલેક્શન મે મહિનામાં માસિક ધોરણે 16 ટકા ઘટીને રૂ. 1.41 લાખ કરોડ થયું છે. ગયા મહિને એટલે કે એપ્રિલમાં જીએસટી કલેક્શન રૂ. 1.68 લાખ કરોડ હતું, જે અત્યાર સુધીનું સૌથી વધુ છે.



નાણા મંત્રાલયે મંગળવારે જાહેર કરેલા આંકડામાં માહિતી આપી કે મે 2021ની સરખામણીએ આ વર્ષે મે મહિનામાં GST કલેક્શનમાં 44 ટકાનો વધારો થયો છે. મે મહિનામાં કલેક્શન હંમેશા એપ્રિલ મહિના કરતાં ઓછું નોંધાયું છે. એપ્રિલ મહિનો નાણાકીય વર્ષની શરૂઆત દર્શાવે છે અને મે મહિના માટેનું કલેક્શન એપ્રિલ

...અનુસંધાન પેજ નં. 6 પર

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ તેના નિયત સમયે જ થશે

# વિધાનસભા ચૂંટણી વહેલી થવાની ચર્ચાઓ ઉપર પૂર્ણવિરામ

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ વહેલી યોજાવા બાબતે ચાલુ વર્ષના પ્રારંભ કાળથી જ ચાલી રહેલી ચર્ચાઓ ઉપર પૂર્ણવિરામ મુકી દેવાયું હોવાની પ્રતિતી થઈ રહી છે. રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી બદલવાથી માંડીને ગુજરાત વહીવટી સેવા ઉપરાંત અનેક સનદી અધિકારીઓ સહિત પોલીસના ઉચ્ચ અધિકારીઓની પણ છેલ્લા કેટલાક સમયમાં બદલીઓ કરવામાં આવી છે. જેના પરિણામે વિધાનસભા ચૂંટણીની વહેલી જાહેરાત કરવામાં આવે તેવી ચર્ચાઓ પ્રબળ બની હતી. જો કે, એક જ જગ્યા ઉપર ત્રણ વર્ષ થઈ ગયા હોય એવા અનેક



વિવિધ ઉચ્ચ અધિકારીઓની બદલીઓ બાકી છે. તો બીજી બાજુ ચૂંટણી માટે અનુકૂળ - પ્રતિકૂળ અધિકારીઓની પણ અદલા-બદલી થવાની પણ સંભાવનાઓ રહેલી છે. આ બધી બદલીઓ થતા સુધીમાં ચોમાસાએ પોતાનો પ્રભાવ બતાવી દીધો હોય એ સ્વાભાવિક છે. પરિણામે, ખેતીપ્રધાન દેશ ગણાતા ભારતના મોખરાના રાજ્ય એવા ગુજરાતમાં ચોમાસા દરમિયાન ચૂંટણી કરવી કપરૂ કાર્ય છે. ચોમાસા દરમિયાન સમગ્ર રાજ્યમાં વરસાદી માહોલ ઉપરાંત મતદારોનો મોટો હિસ્સો ગણી શકાય એવા કૃષિકારો પણ વ્યસ્ત હોય એ સ્વાભાવિક છે. આવા સંજોગોમાં ચૂંટણી કરવી એ મતદાનની ટકાવારી ઘટાડવા જેવું સાબિત થાય.

ઉપરોક્ત પરિબળો ઉપરાંત, ચૂંટણી નજીકના ભવિષ્યમાં નહિ થાય એનો પુરાવો આપતો આદેશ ભારત સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. ગુજરાતના પોલીસ વડા આશિષ ભાટિયાને તા. ૩૧, જાન્યુઆરી ૨૦૨૩ સુધી એક્સ્ટેંશન આપવાનો આદેશ કરવામાં આવેલો છે. આ આદેશને જોતાં રાજ્ય વિધાનસભાની સામાન્ય ચૂંટણીઓ નજીકના ભવિષ્યમાં થાય એવા કોઈ સંકેતો દેખાતા નથી.

# મુખ્ય સચિવ પંકજ કુમાર અને પોલીસ વડા આશિષ ભાટિયાને 8 માસનું એક્સટેન્શન

ગુજરાત | વંદન

રાજ્યની વહીવટી પાંખના વડા મુખ્ય સચિવ પંકજ કુમારને ગુજરાત સરકારે એક્સટેન્શન આપવા માટે કેન્દ્ર સરકારને ભલામણ પત્ર લખ્યો તેનો સ્વીકાર થઇ જતાં, હવે સોમવારે તેમનું એક્સટેન્શન મંજૂર કરતું જાહેરનામું કેન્દ્ર સરકાર બહાર પાડશે. આ ઉપરાંત રાજ્યના પોલીસ વડા આશિષ ભાટિયાને કેન્દ્ર સરકારે આઠ મહિનાનું એક્સટેન્શન આપતું જાહેરનામું બહાર પાડ્યું છે. આમ આ બંને



અધિકારીઓ હવે વિધાનસભાની ચૂંટણી, નવી સરકારની રચના અને આગામી જાન્યુઆરીમાં યોજાનારા વાઈબ્રન્ટ સમિટના આયોજન સુધી રહેશે. ગુજરાત સરકારમાં છેલ્લાં કેટલાંય સમયથી પંકજ કુમાર અને આશિષ ભાટિયાના એક્સટેન્શ મુદ્દે ઘણી ખેંચતાણ ચાલી હતી. પંકજ કુમાર આ મંગળવારે જ વયનિવૃત્ત થવાના હતા પરંતુ હવે તેમને એક્સટેન્શન મળી ગયું છે.

ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ રાજીવ કુમાર ગુપ્તા મંગળવારે નિવૃત્ત થઈ રહ્યા છે ત્યારે તેમને સ્થાને નવા ઉદ્યોગ સચિવ તરીકે હાલ કોઈ અધિકારીને ચાર્જ આપીને થોડા સમય બાદ ફૂલ ટાઈમ નિમણૂક કરવામાં આવશે.

## એક વર્ષ થવા છતાં કામ પૂરું ન થયું હોવાની ફરિયાદો

# સાંતેજ-ખાત્રજ રોડની ધીમી કામગીરીથી લોકો પરેશાન

ગુજરાત | વંદન

કલોલ તાલુકામાં સાંતેજ-ખાત્રજ રોડની કામગીરી મંથરગતિએ ચાલતી હોવાની ફરિયાદો ઉઠી છે. ગત ચોમાસા પહેલાં અહીં 4 કિલોમીટરના રસ્તાની કામગીરી શરૂ કરાઈ હતી. ત્યારે વચ્ચે-વચ્ચે કામગીરી શરૂ થાય છે અને પછી બંધ થઈ જાય છે. આમ કરતાં કરતાં આ બીજુ ચોમાસુ આવવવા આવ્યું ત્યાં સુધી રસ્તાની કામગીરી પૂર્ણ થઈ નથી. જેને પગલે અહીંના સ્થાનિકો પરેશાન થઈ ગયા છે.

આ રસ્તાની એવી હાલત છે કે વાહનો તથા વાહન ચાલકો બંનેની હાલત ખરાબ થઈ જાય છે. સ્થાનિકો દ્વારા અનેક રજૂઆતો છતાં હજુ



પણ કામગીરીમાં ઝડપ આવી ન નથી. ત્યારે હવે જો વરસાદ પહેલાં કામગીરી પુરી નહીં થાય તો ચાર કિલોમીટરનો આ રસ્તા નાગરિકો માટે મુશ્કેલીરૂપ બની જાય તેમ છે. જેમાં રસ્તા પર પાણી ભરાવાથી લઈને ખાડા પડવાની શક્યાઓ રહેલી છે. જેને પગલે સ્થાનિકો દ્વારા વહેલામાં વહેલી તકે રસ્તાની કામગીરી પૂર્ણ થાય તેવી માંગ કરાઈ રહી છે.

## કૌભાંડી અધિકારીએ મંજૂર કરેલાં 2.67 કરોડનાં 7 ટેન્ડર રદ

# ગાંધીનગર મનપાના સસ્પેન્ડેડ અધિકારી દ્વારા મંજૂર ટેન્ડરો રદ!

ગુજરાત | વંદન



ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સ્ટોર શાખા દ્વારા ખરીદીમાં કૌભાંડ કરાયું હોવાના દાવા સાથે વહીવટી અધિકારી સંજય શાહને સસ્પેન્ડ કરાયા છે ત્યારે સોમવારે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં વહીવટી અધિકારીના સમયમાં થયેલાં 2.67 કરોડના 7 જેટલાં ટેન્ડર રદ કરાયાં હતાં. જોકે 51 લાખનાં 2 ટેન્ડર મંજૂર કરાયાં છે.

સોમવારે 32 મુદ્દા સાથે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં 8 ટેન્ડર નામંજૂર થયાં હતાં જ્યારે અન્ય ટેન્ડર સહિતના 24 મુદ્દા પર મંજૂરીની મહોર મારવામાં આવી હતી.

સ્ટેન્ડિંગ કમિટી દ્વારા વહીવટી અધિકારી સાથે રહેલી આઉટ સોર્સની મહિલા કર્મચારી તાન્યા ભાર્ગવની કંપની માજી ગ્રુપના 49.50 લાખનું 10 હજાર ખુરશીનું ટેન્ડર, મીનાક્ષી એન્ટરપ્રાઈઝનું 17.50 લાખના 100 સાઉન્ડ સિસ્ટમનું ટેન્ડર, ગણેશ કોર્પોરેશનનું 11.99 લાખનું 100 તિજોરીનું ટેન્ડર, ગણેશ કોર્પોરેશનનું 29.99 લાખનું 100 સંગીત સાધનોના સેટનું ટેન્ડર, આઈમા એન્જિનિયરિંગ કંપનીનું 100 વૉટરકૂલર માટેનું 1.13 કરોડનું ટેન્ડર, કીર્તિ ટેલેન્ટ પ્રાઈવેટ લિમિટેડનું 24,46,125નું 25-25 કોમ્પ્યુટર અને પ્રિન્ટરનું ટેન્ડર, કેએમ એન્ડ કં.નું 12,71,508નું 5 કમ્પ્યુટર, એ-3 અને એ-4 સાઈઝના કલર પ્રિન્ટર મલ્ટિફંક્શનનું ટેન્ડર રદ કરાયું છે.

ગાંધીનગર કોર્પોરેશનની બે ટીમોએ ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન ઈન્વીટેશન ટી-20 ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લીધો હતો. જેમાં મનપા દ્વારા 6 લાખનો ખર્ચ કરાયો હતો. મળેલી માહિતી મુજબ ખેલાડીઓ માટે શુઝ જ 8થી 10 હજારના લેવાયા હતા. આ ઉપરાંત ક્રિકેટ કીટ, ડ્રેસ, આવવા-જવાના ભાડ સહિતમાં મનપાએ કુલ 6 લાખ ખર્ચ કર્યો છે.

## રિવર ફ્રન્ટના કામમાં ગુણવતાની ચકાસણી માટે 88 લાખ ચૂકવાશે

# ગાંધીનગરમાં રિવર ફ્રન્ટ આપવાની વાત પાંચ વર્ષ પહેલા કરાઈ હતી

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરની વચ્ચેથી જ સાબરમતી નદીં પસાર થાય છે અને અહીં રિવર ફ્રન્ટ વિકસાવાયો છે. પરંતુ પાટનગરને સ્પર્શતી નીકળતી નદી પર રિવર ફ્રન્ટની વાતો પાંચ વર્ષ પહેલાથી કરાઈ રહી છે. છેલ્લે વિધાનસભામાં આ મુદ્દે હા ભણવામાં આવી હતી. ત્યારે ૨૫૦ કરોડના ખર્ચની આ યોજનાના કામમાં ગુણવતાની ચકાસણી પાછળ રૂપિયા ૮૮ લાખનો ખર્ચ થવાનો અંદાજ મુકવામાં આવ્યો છે.

નોંધવું રહેશે કે ગાંધીનગરમાં ગિફ્ટ સિટી નજીક સાકાર થનારી આ યોજનાને રિવર ફ્રન્ટ નહીં પરંતુ ડેવલપમેન્ટ ઓફ સાબરમતી રીવર બેન્ક્સ વિથ વોટર બોડી એવું નામ આપવામાં આવ્યું છે. ત્યારે એ વાતનો ઉલ્લેખ પણ જરૂરી બને છે, કે સરિતા ઉદ્યાન પાસે સંત સરોવર ડેમ બાંધવામાં આવ્યો તે જે તે સમયે તો ગાંધીનગરમાં પીવાના પાણીની વ્યવસ્થા કરવા માટેની યોજના હતી. પરંતુ ચેકડેમ પ્રકારનું બાંધકામ અત્યંત હલકી ગુણવતાના કારણે સતત ત્રણ ચોમાસા દરમિયાન ધોવાઈ



ગયા પછી અહીં દરવાજાવાળો વિયર બનાવવામાં આવ્યો હતો. વિયર બનાવવા પાછળ પણ ગિફ્ટ સિટી આસપાસ વોટર બોડી બનાવવામાં આવે તેમાં સદાકાળ પાણી છલોલછલ રહે તેના માટે અહીંનો પાણી સંગ્રહ કામે લાગે અને જ્યારે જરૂર પડે ત્યારે સંત સરોવરમાંથી પાણી છોડવામાં આવે તેના માટે આ યોજના પાર પાડવામાં આવી હતી. આખરે રિવર ફ્રન્ટ નહીં પરંતુ ગિફ્ટ સિટી પાસે નદી કાંઠાના વિકાસના નામે રૂપિયા ૨૫૦ કરોડના ખર્ચની યોજના હાથ ધરવામાં આવનાર છે. ત્યારે તેના કામની ગુણવતાની ચકાસણી થતી રહે તેના માટે થર્ડ પાર્ટી ઈન્સપેક્શન કરાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે અને જે એજન્સી કામ કરવા તૈયાર થાય તેને રૂપિયા ૮૮ લાખ જેવી રકમ ચૂકવવી પડશે તેવો અંદાજ મુકવામાં આવ્યો છે. તેનો અર્થ એવો પણ કરી શકાય કે ગાંધીનગર નજીક પણ અમદાવાદના રિવર ફ્રન્ટ જેવું કંઈક વિકસાવવામાં આવશે તે વાત નક્કી છે.

# સેક્ટર 11માં પરમિશન વિના શેરબજારના હવાલા કરતા દલાલ સામે ફરિયાદ

- દલાલ કોઈ પણ પ્રકારની પરમિશન વિના લે વેચનો ધંધો કરતો હતો, પોલીસે શરૂ કરી તપાસ

ગુજરાત | વંદન

શહેરના સેક્ટર 11 સ્થિત એક કોમર્શિયલ કોમ્પ્લેક્ષમા પરમિશન વિના શેરબજારના હવાલા પાડતા દલાલ સામે ફરિયાદ કરવામા આવી હતી. ભારત સરકારને આર્થિક નુકશાન કરવાના ઈરાદા સાથે છેતરપિંડી કરવામા આવી રહી હતી. જેને લઈને શેરબજારના દલાલ સામે છેતરપિંડીની ફરિયાદ દાખલ કરવામા આવી હતી.

સેક્ટર 7 પોલીસની ટીમ સર્વેલન્સ ચોકી ઉપર કામગીરી કરી રહી હતી. સેક્ટર 11 સ્થિત એક કોમર્શિયલ કોમ્પ્લેક્ષના પહેલા માળે શેરબજારની ઓફિસ આવેલી છે. જ્યા દલાલ કોઈ પણ પ્રકારની પરમિશન વિના લે વેચનો ધંધો કરી રહ્યો છે. માહિતીના આધારે રવિકુમાર, બાબુજી, પ્રદીપસિંહ સિદ્ધરાજસિંહ સહિત બાતમીવાળી જગ્યાએ પહોંચ્યા હતા. ત્યા પહોંચીને તપાસ કરતા સામે આવ્યુ હતુ કે, ભારત સરકારના સિક્યુરીટી ટ્રાન્ઝેક્શને લગતા ટેક્ષ ભર્યા વિના શેરની લે વેચ થઈ રહી છે.ઓફિસમા બેઠેલા યુવકનુ નામ ઠામ પૂછતા તેણે મિહિર બાબુભાઈ પટેલ (રહે, મોટો માઢ, ઉનાવા, ગાંધીનગર) કહ્યુ હતુ. જ્યારે ગોલ્ડન9ટ્રેડ. કોમ ઉપર શેરબજારના એનએસઇ એક્ષચેન્જના સોદા કરતો હતો. જેને લઈને પોલીસે દલાલ સામે ફરિયાદ નોંધીને ઓફિસમા રહેલા કોમ્પ્યુટર સહિતનો 72 હજારનો સામાન જપ્ત કરી છેતરપિંડીની ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી હતી.

# લક્ઝમ્બર્ગ સ્ટોક એક્સચેન્જ અને ઇન્ડિયા INXએ સહકાર સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા

## ભારતીય જામીનગીરીઓ આંતરરાષ્ટ્રીય રોકાણકારો સુધી

ગુજરાત | વંદન

ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક (GIFT) સિટીમાં આજે યોજાયેલા સમારોહમાં લક્ઝમબર્ગ સ્ટોક એક્સચેન્જ (LuxSE) અને ઈન્ડિયા ઈન્ટરનેશનલ એક્સચેન્જ લિમિટેડ (IFSC)લિમિટેડ (ઈન્ડિયા INX) એ સહકાર સમજૂતિ પર હસ્તાક્ષર કર્યા હતા, જેનાં દ્વારા બંને એક્સચેન્જ લિસ્ટેડ ભારતીય જામીનગીરીઓને LuxSE પર લઈ જઈને આંતરરાષ્ટ્રીય રોકાણકારોને સરળતા કરી આપશે.

નવેમ્બર 2020માં બંને સંસ્થાઓ દ્વારા થયેલાં સમજૂતિપત્રને આધારે આ સમજૂતિ થઈ છે. સમજૂતિમાં ભારતના ગ્રીન ફાઈનાન્સને આગળ ધપાવવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. આજની જાહેરાત ભારત અને આંતરરાષ્ટ્રીય મૂડી બજારો વચ્ચેનો અવકાશ પૂરવા અને સસ્ટેનેબલ ફાઈનાન્સમાં સરહદ પારનાં સહકારને મજબૂત બનાવવા બંને ઈન્ટરનેશનલ એક્સચેન્જ દ્વારા આગામી મહત્વનાં પગલાંની શરૂઆત છે.

સમારોહ દરમિયાન, ભારતીય કંપની પાવર ફાઈનાન્સ કોર્પોરેશન દ્વારા જારી કરવામાં આવેલા ગ્રીન બોન્ડનાં LuxSE પર પલિસ્ટીંગની જાહેરાત પણ કરવામાં આવી હતી. 300 મિલિયન યુરોનાં ગ્રીન બોન્ડ ઈન્ડિયા INX પર પહેલેથી જ લિસ્ટેડ છે, જ્યારે હવે તે LuxSEની જામીનગીરીઓની સત્તાવાર યાદીમાં રજીસ્ટર્ડ છે.



LuxSE એ ઈન્ટરનેશનલ ડેટ સિક્યોરિટીઝનાં લિસ્ટિંગ માટે વિશ્વનું અગ્રણી એક્સચેન્જ છે, જે 100 વિવિધ દેશોમાંથી 2,000 ઈશ્યુઅર્સને સેવા પૂરી પાડે છે. સસ્ટેનેબલ ફાઈનાન્સ એજન્ડા આગળ ધપાવવા માટે તેણે 2016માં LGX ની સ્થાપના કરી હતી અને ત્યારથી તે આબોહવા સાનુકુળ રોકાણને વેગ આપવામાં પ્રદાન કરવા બદલ તેને માન્યતા આપવામાં આવી છે. LGX પર હાલમાં 1,300 ગ્રીન, સોશિયલ, સસ્ટેનેબિલિટી અને સસ્ટેનિબિલિટી-લિન્કડ બોન્ડ્સ છે, જે વિશ્વભરમાં ખાસ ગ્રીન અને સોશિયલ પ્રોજેક્ટ્સ તથા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ માટે કુલ 727 અબજ યુરો એકત્ર કરી રહ્યાં છે.

આ પ્રસંગે ભારતની નાણાકીય નિયમનકાર ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસિસ સેન્ટર્સ ઓથોરિટી (IFSCA) ના ચેરમેન ઈન્જેતી શ્રીનિવાસે જણાવ્યું હતું કે, "ઈન્ડિયા INX અને LuxSE વચ્ચેની સમજૂતિ IFSC ને સસ્ટેનેબલ ફાઈનાન્સ માટેનાં હબ તરીકે વિક્સાવવાની દિશામાં બીજું પગલું છે."

# ગુજરાતમાં બે દિવસીય રાષ્ટ્રીય શિક્ષણ મંત્રીઓની કોન્ફરન્સ શરૂ થઈ

- મહાત્મા મંદિર ખાતે 'નેશનલ કોન્ફરન્સ ઓફ સ્કૂલ એજ્યુકેશન મિનિસ્ટર'નું આયોજન

ગુજરાત | વંદન

ગુજરાત બે દિવસીય નેશનલ એજ્યુકેશન મિનિસ્ટર્સ કોન્ફરન્સનું આયોજન કર્યું છે. ગુજરાતમાં યોજાનારી રાષ્ટ્રીય શિક્ષણ મંત્રી પરિષદ 2022ની અધ્યક્ષતા કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન કરશે. આ પરિષદમાં દેશભરના રાજ્ય શિક્ષણ મંત્રીઓની સહભાગિતા જોવાની અપેક્ષા છે જેઓ દેશમાં શિક્ષણ ઈકોસિસ્ટમને મજબૂત કરવા ચર્ચા કરવા માટે એકસાથે આવશે. 2 જૂન 2022ના રોજ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2022ના અમલીકરણની સમીક્ષા સાથે કોન્ફરન્સ સમાપ્ત થશે.

શિક્ષણ મંત્રીની કોન્ફરન્સનો મુખ્ય એજન્ડા દેશમાં શિક્ષણ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવાની આસપાસ ફરશે. આ કોન્ફરન્સ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2022 હાંસલ કરવા માટે દેશમાં શૈક્ષણિક પ્રણાલીને વધારવા, શાળાઓમાં કૌશલ્ય વિકાસ, ડિજિટલ પહેલ અને અન્ય વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

રાજીવ ચંદ્રશેખર, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા અને ઈલેક્ટ્રોનિક્સ અને માહિતી પ્રૌદ્યોગિકી રાજ્ય મંત્રી, અન્નપૂર્ણા દેવી, શિક્ષણ રાજ્ય મંત્રી ડૉ. સુભાષ સરકાર અને શિક્ષણ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનની સાથે હશે.

## ફોર્ડ ઈન્ડિયા કંપનીના તમામ કર્મચારીને ટાટા મોટર્સમાં સમાવેશ કરાશે

# હજારો લોકોને બેકાર થતો બચાવતો ટાટા મોટર્સ-ફોર્ડ અને ગુજરાત સરકારનો ત્રિપક્ષીય કરાર

ગુજરાત | વંદન

ટાટા મોટર્સ, ફોર્ડ અને ગુજરાત સરકાર વચ્ચેના ત્રિપક્ષીય કરારથી હજારો લોકો બેકાર થતા બચ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં ગુજરાત સરકાર, ટાટા મોટર્સની સબસિડીયરી ટાટા પેસેન્જર ઈલેક્ટ્રીક મોબિલિટી લિમિટેડ અને ફોર્ડ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ વચ્ચે ત્રિપક્ષીય સમજૂતી કરાર સંપન્ન થયા હતા.

ફોર્ડ મોટર્સના પ્લાન્ટમાં 3043ને સીધી રોજગારી અને અંદાજે 20 હજાર જેટલી આડકતરી રોજગારી આપવામાં આવે છે. આ પ્લાન્ટ બંધ થવાના કારણે અંદાજે 25 હજાર જેટલા લોકો રોજગારી ગુમાવે તે રાજ્ય સરકાર માટે ચિંતાનો વિષય બની રહ્યો હતો.આ ઉપરાંત આ પ્લાન્ટને સ્પેરપાર્ટસ પૂરા પાડતા સહાયક એકમો પણ બંધ થશે અને તેમાં કામ કરતા કામદારોની રોજગારી ઉપર પણ અવળી અસર પડે તેવી



સ્થિતિ ઊભી થઈ હતી આ સૂચિત હસ્તાંતરણથી હવે તે પ્રશ્ન નું નિવારણ આવી શકશે.તેની સાથે. ગુજરાતમાં ઈલેક્ટ્રીક વાહનોના ઉત્પાદનની શરૂઆત થશે અને પર્યાવરણ પ્રિય ગ્રીન મોબીલીટીની પહેલમાં ગુજરાત અગ્રેસર રહેશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દીર્ઘ દ્રષ્ટિપૂર્ણ અભિગમ અને ત્વરિત નિર્ણાયાક્તા ને પરિણામે આ સમગ્ર વિષયે માત્ર 90દિવસના ટૂંકા ગાળામાં રાજ્ય સરકારે પોઝીટીવ એપ્રોચ દાખવી આ એમ.ઓ.યુ કર્યા છે. ગુજરાત સરકારે 2011માં ફોર્ડ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ સાથે કરેલા સ્ટેટ સપોર્ટ એગ્રીમેન્ટના અનુસંધાનેતથા ટાટા મોટર્સની પેટાકંપની ટાટા પેસેન્જર ઈલેક્ટ્રિક મોબિલિટી લિમિટેડ વચ્ચે થયેલી સમજૂતીના સંદર્ભમાં આ ત્રિપક્ષીય સમજૂતી કરાર કરવામાં આવ્યા છે.

# 5 વર્ષથી નાના બાળકોના એનિમિયા સર્વેમાં ગુજરાતનું સ્થાન છેલ્લી હરોળમાં

ગુજરાત | વંદન

સમગ્ર ભારતના પાંચ વર્ષથી નાની વય જૂથ ધરાવતા બાળકોમાં લોહીની ઉણપ બાબતે કરવામાં આવેલા સર્વેક્ષણમાં ગુજરાતનું સ્થાન છેલ્લી હરોળમાં રહેવા પામ્યું છે. જેના કારણે બાળકોના આરોગ્ય સામે પ્રશ્નાર્થ ખડો થવા પામ્યો છે.

ગુજરાતમાં સગર્ભાવસ્થાથી શરૂ કરીને બાળકના જન્મ સુધી માતાને, પોતાના તથા તેના ગર્ભમાં રહેલા જીવ બાબતે સચોટ સમજણ આપવામાં આવે છે. એટલું જ નહીં ગરીબ મહિલાઓને સગર્ભાવસ્થા દરમિયાન સમયાંતરે વિવિધ પ્રકારનો ગુણવત્તાસભર ખોરાક, સરકાર દ્વારા પૂરો પડાતો હોવાની વાતો પણ કરવામાં આવે છે. આવી અનેક યોજનાઓને કારણે માતા અને સંતાનનું સ્વાસ્થ્ય વધુ સારૂ બનતું હોવાનો ગર્વ તંત્ર દ્વારા અનુભવાતો હોવાની બાબત જોવા મળે છે. જોકે, તંત્રનો આ ગર્વ કડડભૂસ થતો હોવાની ઘટના પ્રકાશમાં આવી છે.

સમગ્ર ઘટનાની ચોંકાવનારી હકીકત એવી છે કે સમગ્ર ભારતમાં બાળકોના સ્વાસ્થ્ય અંગે કરવામાં આવેલા સર્વેક્ષણ દરમિયાન ગુજરાતનાં બાળકોમાં લોહીની ઉણપની ટકાવારી ઘણી વધારે રહેવા પામી હતી. ૬ મહિનાથી માંડીને ૫૯ મહિના સુધીની ઉંમર ધરાવતા બાળકોના સ્વાસ્થ્ય બાબતે દેશના વિવિધ રાજ્યોમાં સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. આ સર્વેક્ષણ દરમિયાન બહાર આવેલી વિગતો ચોંકાવનારી હતી. દરેક બાબતે નંબર વન રહેવાનો ગર્વ અનુભવતા ગુજરાતીઓનો ગર્વ ટુકડે ટુકડા થઈ જાય એવા આંકડા સર્વેક્ષણ દરમિયાન બહાર આવવા પામ્યા હતા. ગુજરાતના બાળકોમાં અન્ય રાજ્યોની સરખામણીએ લોહીની ઉણપની ટકાવારી ઘણી વધારે હોવાનો ઘટસ્ફોટ થવા પામ્યો હતો. બાળકોના આરોગ્ય બાબતે કરાયેલા સર્વેક્ષણમાં ગુજરાત અગ્રેસર રહેવાને બદલે છેલ્લી હરોળમાં પહોંચી ગયું હોવાનું જોવા મળ્યું હતું.

**અઢી ટન કચરો કર્યો એકઠો**

# ગુજરાત યુનિ.નાં વિદ્યાર્થીઓ દ્વારા લદાખની સિંધુ નદીનું સફાઈ અભિયાન હાથ ધરાયું



ગુજરાત | વંદન

ગુજરાત યુનિવર્સિટી તેમજ લદાખ યુનિવર્સિટી વચ્ચે સ્ટુડન્ટસ એક્સચેન્જ પ્રોગ્રામ અંતર્ગત MoU કરવામાં આવ્યા છે. જેના ભાગરૂપે ગુજરાત યુનિવર્સિટીનાં 20 વિદ્યાર્થીઓનું ડેલિગેશન લદાખ યુનિવર્સિટી ખાતે પહોંચ્યું હતું. ગુજરાત યુનિવર્સિટીનાં વિદ્યાર્થીઓ તેમજ પ્રોફેસર દ્વારા સ્વચ્છતાનો સંદેશો પાઠવવા એક વિશેષ પ્રયાસ કરાયો. જેના ભાગરૂપે લદાખમાં વહેતી સિંધુ નદીના ઘાટ પર સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું.

સિંધુ નદીની સફાઈ કરતા અંદાજે અઢી ટન જેટલો પ્લાસ્ટિક વેસ્ટ બહાર કાઢવામાં આવ્યો. લદાખમાં ફરવા જતા પ્રવાસીઓ દ્વારા દાખવવામાં આવતી કેટલીક બેદરકારીને કારણે લદાખમાં પ્રદૂષણ ફેલાય રહ્યું છે ત્યારે લદાખ પ્રવાસે જતાં પ્રવાસીઓને પ્રદૂષણનાં ફેલાવવા અંગે સંદેશો આપવાનો પ્રયાસ કરાયો હતો. વિશ્વભરમાં હાલ ગ્લોબલ વોર્મિંગની અસર જોવા મળી રહી છે એવામાં લદાખ પણ ગ્લોબલ વોર્મિંગનો સામનો કરી રહ્યું છે.

હિમાલયની પર્વતમાળાઓમાં ગ્લેશિયર પીગળી રહ્યો છે અને આવી જ સ્થિતિ લદાખની પહાળીઓમાં જોવા મળી રહી છે. ગ્લેશિયરમાંથી મળતા પાણી પર લદાખની ખેતી તેમજ જનજીવન ટકેલું છે પરંતુ વધતાં પ્રદૂષણને કારણે ગ્લેશિયર પીગળતા લદાખના ભવિષ્ય સામે ખતરો મંડરાઈ રહ્યો છે.

સ્થાનિકો દ્વારા થતા પ્રયાસોમાં લદાખમાં જતા પ્રવાસીઓ પણ પોતાની જવાબદારી સમજે એ ખૂબ જરૂરી છે, એટલે જ ગુજરાત યુનિવર્સિટીનાં ડેલિગેશન દ્વારા સિંધુ નદીની સાફ સફાઈ હાથ ધરવામાં આવી હતી.

**અભ્યાસમાં તારણ : છ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે શહેરની હવા હાનિકારક**

# અમદાવાદમાં વાયુ પ્રદૂષણ બન્યું બાળકોના સ્વાસ્થ્ય માટે વધુ જોખમી



ગુજરાત | વંદન

અમદાવાદ શહેરનું વાયુ પ્રદૂષણ બાળકોના સ્વાસ્થ્ય માટે મોટા જોખમ તરીકે ઉભરી રહ્યું છે. સંશોધકોએ 6 વર્ષથી ઓછી ઉંમરના બાળકો પર કેરેલા અભ્યાસમાં અને જાહેર હોસ્પિટલના ડેટા મુજબ રજકણના પ્રદૂષણ (PM 2.5) નવજાત શિશુઓ અને બાળકોના સંપર્કમાં આવે ત્યારે તેઓ પુખય વયના લોકો કરતાં પણ વધુ પીડાય છે.

ચિરંતપ ઓઝા સાથે AMC મેડિકલ એજ્યુકેશન ટ્રસ્ટ મેડિકલ કોલેજ અને LG હોસ્પિટલના ડૉ. ખ્યાતિ કક્કડ દ્વારા નેતૃત્વ હેઠળ 18-મહિના સુધી કરેલા 12,635 બાળ ચિકિત્સકોના અભ્યાસમાં જાણવા મળ્યું કે, છ વર્ષથી ઓછી ઉંમરના 2,682 બાળકોમાં લગભગ 21% વાયુ પ્રદૂષણને કારણે શ્વસન સંબંધી વિકૃતિઓ અને ચેપ નોંધાયા હતા. 2,682 બાળકોમાંથી લગભગ 30.6% બાળકો તમાકુના ધુમાડાના સંપર્કમાં આવ્યા હતા.

2,682 શ્વસન પ્રવેશમાંથી, 1612 (60.1%) "ઘરઘર વિકૃતિઓ" અનુભવી રહ્યા હતા જ્યારે 1,070 (39.9%) "નોન-વ્હીઝિંગ ડિસઓર્ડર" હોવાનું નિદાન થયું હતું. અન્ય 74.83% મુખ્ય માર્ગથી 500 મીટર કરતા ઓછા અંતરે રહેતા હતા, આમ તેઓ વાહનના ધૂમાડાના સંપર્કમાં આવતા હતા; લગભગ 11.59% બાળકો ઘરની અંદરના વાયુ પ્રદૂષણથી પ્રભાવિત થયા હતા. લગભગ 25% બાળકો આર્થિક રીતે નબળા વર્ગના હતા અને કાચા ઘરોમાં રહેતા હતા.

અભ્યાસમાં નોંધવામાં આવ્યું છે કે, "શિશુઓ અને નાના બાળકોમાં ઓછા સુસંગત ફેફસાં, નાના વાયુમાર્ગોનું મોટું પ્રમાણ અને ઓછી અપરિપક્વ રોગપ્રતિકારક શક્તિ હોય છે. આ તેમને શ્વસન સંબંધી રોગો માટે વધુ સંવેદનશીલ બનાવે છે." અન્ય એક તથ્ય જે અભ્યાસમાંથી બહાર આવ્યું છે તે WHOની ભલામણ અનુસાર, નાના શિશુઓ અથવા ટોડલર્સને PM 2.5ના રજકણ પ્રદૂષણના સ્તરના 15 માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટરથી વધુના સંપર્કમાં ન આવવા જોઈએ. જો કે, અમદાવાદમાં વાર્ષિક સરેરાશ PM2.5 સાંદ્રતા 80.27 માઈક્રોગ્રામ પ્રતિ ઘન મીટર હતી.

WHOએ 15 માઈક્રોગ્રામ પ્રતિ ક્યુબિક મીટર (PM 2.5)ના ક્રમના રજકણ પ્રદૂષણ માટે ટોડલર્સ અને શિશુઓનું ન્યૂનતમ એક્સપોઝર નક્કી કર્યું છે. પરંતુ સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ (CPCB)ના ધોરણોનું પાલન કરવામાં આવે ત્યારે પણ બાળકો ત્રણ વખત અથવા ક્યારેક પાંચ વખત PM 2.5 પ્રદૂષણના સંપર્કમાં આવે છે, આમ તેમને PM 2.5નું વધુ જોખમ રહેલું છે. આ સમય આવી ગયો છે કે રાજ્ય અને કેન્દ્ર પ્રદૂષણના ધોરણો ડિઝાઈન કરતી વખતે બાળકોને સામેલ કરવાની વ્યૂહરચના વિકસાવે. સરકારે પ્રદૂષણ ઘટાડવા અને તે બાળકોને કેવી રીતે અસર કરી રહ્યું છે તેની તપાસ કરવા માટે સંશોધનને પ્રોત્સાહન આપવું જોઈએ

**ઓનલાઈન એમ.ડી. ડ્રગ્સનો ધીકતો ધંધો: સાયબર ક્રાઈમની ચાંપતી નજર**

# ડ્રગ્સનો ઓનલાઈન કારોબાર કરતા ત્રણ પેડલરોની સાઈબર ક્રાઈમ પોલીસે ધરપકડ

ગુજરાત | વંદન

શહેરમાં એમ.ડી. ડ્રગ્સનો ઓનલાઈનમાં ધીકતો ધંધો થઈ ગયો છે. તેના પગલે સાબદી થયેલી સાઈબર ક્રાઈમ પોલીસે એમ.ડી. ડ્રગ્સનો ઓનલાઈન કારોબાર કરતા ડ્રગ પેડલરોની ધરપકડ કરી છે. પોલીસના સાઈબર ક્રાઈમ વિભાગે વોટ્સએપ, ફેસબૂક, ટેલિગ્રામ, ઈન્સ્ટાગ્રામ, શેરચેટ, ટ્વીટર, સ્નેપચેટ જેવા માધ્યમોની સાથે પેમેન્ટ ગેટવે અને તથા વોલેટો પર સતત ચાંપતી નજર



રાખીને આ ડ્રગ પેડલરોની ધરપકડ કરી છે. પોલીસે આ પ્રકરણમાં આરોપી સાજીદ ઉર્ફે અરબડી ડોસુખાન પઠાણ અને માહીરોદ્દીન ઉર્ફે ડબ્બી મન્નુમીયા શેખની ધરપકડ કરી છે. જ્યારે સાજુખાન પઠાણ ઉર્ફે ઈસ્માઈલ ઘાંચી ફરાર છે. ઉપરોક્ત બંને આરોપી પેટલાદના છે. જ્યારે આરોપી અકરમઅલી ફરીદઅલી પોલીસ કસ્ટડીમાં છે.

આ આરોપીઓ કોલેજિયન યુવક-યુવતીઓને ઓનલાઈન પેમેન્ટ્સ લઈ ડ્રગ્સની ડિલિવરી કરતા હતા. આરોપીઓ પાસેથી 8,900 ગ્રામ ડ્રગ્સની સાથે દોઢ લાખનો મુદ્દામાલ પકડ્યો હતો. પકડાયેલા એમ.ડી. ડ્રગ્સની બજારકિંમત દસ હજાર રૂપિયા છે. પકડાયેલા આરોપીઓ યુવક-યુવતીઓનો ઓનલાઈન સંપર્ક કરી અને વોલેટ દ્વારા પેમેન્ટ મેળવી નાના પાઉચમાં એમ.ડી. ડ્રગ્સની ડિલિવરી કરતા હતા.

# મારી પત્ની સાથે કેમ લગ્ન કર્યા કહીને યુવકને માર્યા છરીના ઉપરાછાપરી ઘા માર્યા

ગુજરાત | વંદન

વટવામાં મારી પત્ની સાથે કેમ લગ્ન કર્યા કહીને યુવક ઉપર છરીથી હુમલો કરવામાં આવ્યો હતો. મહોલ્લામાં લગ્ન પ્રસંગ દરમિયાન મારા મારી થતાં દોડધામ મચી જવા પામી હતી. ગંભીર રીતે ઘાયલ યુવકને સારવાર દરમિયાન ૨૪ ટાંકા આવ્યા હતા. આ બનાવ અંગે વટવા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.વટવા વિસ્તારમાં દેવી પાર્ક ચાર માળિયા મકાનમાં રહેતા અને મજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા સિકન્દર ઉર્ફે લાઈટવાળા સલીમભાઇ શેખ (ઉ.વ.૩૨)એ વટવા પોલીસ સ્ટેશનમાં ચાર માળિયા મકાન પાસે વસંત ગજેન્દ્ર ગડકરનગર ખાતે રહેતા મોહસીન સલીમભાઈ શેખ સામે ફરિયાદ નોંધાવી છે કે વર્ષ પહેલા છૂટાછેડા થતાં યુવકે આરોપીની પૂર્વ પત્ની સાથે કોર્ટમાં મેરેજ કર્યા હતા.

ગત રોજ રાતે મહોલ્લામાં લગ્ન પ્રસંગ હોવાથી જે મહિલા સાથે યુવક લગ્ન કર્યા હતા તેની સાથે હાજર હતા. આ સમયે આરોપીએ આવીને યુવકે કહ્યું કે તે મારી પત્નીને મારાથી અગલ કેમ કરી છરીથી હુમલો કર્યો હતો. યુવક જમીન પર ઢળી પડયા બાદ માથામાં તેમજ હાથમાં છરીના આડેધડ ઘા મારીને ગડદાપાટુનો માર મારીને આરોપી નાસી ગયો હતો.


# ચાંદખેડા તપોવન સર્કલ પાસે વેલ્ટોસા કંપનીના સંચાલકની તેની જ ઓફિસમાં હત્યા

**નાણાંકીય લેતીદેતીમાં બન્યો બનાવ**

ગુજરાત | વંદન

ચાંદખેડા તપોવન સર્કલ પાસે દ્વારકેશ રેસિડન્સીમા વેલ્ટેસા પ્રા. લી.કંપનીના સંચાલકની તેની જ ઓફિસમાં મારમારીને હત્યા કરવામાં આવી હતી. પૈસાની પઠાણી ઉઘરાણી કરવા આવેલા શખસે યુવાન વેપારીને ગડદાપાટુનો મારમારી બેહોશ કરી નાખ્યો હતો. સ્ટાફના માણસો વેપારીને હોસ્પિટલ લઈ ગયા પણ ફરજ પરના ડોકટરોએ મૃત જાહેર કર્યા હતા. ચાંદખેડા પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ચાંદખેડાના ન્યુ સીજી રોડ પર ઉર્જા બગલોમાં રહેતા પ્રતિતીબહેન કમલેશ પટેલએ આરોપી ભદ્રેશ ઉર્ફ ચીકા ડાહ્યાભાઈ પટેલ રહે, શિવ દર્શન સોસાયટી, ચાંદખેડા વિરૂધ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી છે. જે મુજબ ફરિયાદી તેમના





પતિ કમલેશભાઈ, 17 વર્ષના પુત્ર સાથે રહેતા તેમજ વૃદ્ધ સાસુ-સસરા તેમના વતનમાં રહે છે. કમલેશભાઈ હાઈજેનિક અને હેલ્થ પ્રોડકટનો વેપાર કરતા હતા. કમલેશભાઈએ દ્વારકેશ રેસિડન્સીમા વેલ્ટોસા પ્રા.લી.કંપનીના નામે ઓફિસ શરૂ કરી હતી. આ દુકાન આરોપી ભદ્રેશ ઉર્ફ ચીકાએ ભાડે આપી હતી. આ ઉપરાંત કમલેશભાઈ આરોપી પાસેથી ધંધા માટે નાણાંકીય લેવડદેવડ કરતા હતા. કમલેશભાઈએ પૈસા ચૂકવી દીધા હોવા છતાં આરોપી મારા પૈસા બાકી છે તેમ કહી ઉઘરાણી કરતો હતો.

આરોપીએ થોડા સમય અગાઉ પુત્રને ગોંધી રાખી કમલેશભાઈ અને તેમની પત્ની પાસે લખાણ કરાવી કાગળો બનાવ્યા હતા. આરોપીના ત્રાસથી પત્નીને કમલેશભાઈ બે વાર પિયરમાં મૂકી આવ્યા હતા. આ ચાલુ મહિનામાં પત્નીને પિયરમાં મૂકી આવેલા કમલેશભાઈએ જણાવ્યું હતું કે, ભદ્રેશે મારી પાસે આપડા મકાનનું બાનાખત કરાવી લીધું અને મકાનની ચાવી લઈ લીધી હોવાથી હું અને શ્રેય બહાર રહીએ છીએ. કમલેશભાઈની ઓફિસમાં કામ કરતા જીજ્ઞેશભાઈએ પ્રતિતીબહેનને ફોન કરી જણાવ્યું કે, તમે જલ્દી આવી જાવ ભદ્રેશે તકરાર કરી છે. ફરિયાદી અમદાવાદ પહોંચ્યા તો જીજ્ઞેશભાઈએ જણાવ્યું કે, ભદ્રેશે ઓફિસે આવી કમલેશભાઈએ મારમારતા તેઓ બેહોશ થઈ ગયા હતાં. હોસ્પિટલ લઈ જતા ડૉક્ટરોએ તેઓને મૃત જાહેર કર્યા હતા. બનાવની જાણ ચાંદખેડા પોલીસને કરતા આરોપી ભદ્રેશ ઉર્ફ ચીકા વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**ગૃહમંત્રીએ કહ્યું, અમદાવાદ માટે આ ખૂબ જ ગર્વની વાત છે..**

# ઓલિમ્પિક ગેમ્સ માટે અમદાવાદને સજ્જ કરાશે: અમિત શાહ

ગુજરાત | વંદન

નારણપુરામાં 632 કરોડ રૂપિયાના આંતરરાષ્ટ્રીય કક્ષાના સ્પોર્ટસ સંકુલનો શિલાન્યાસ કરતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું હતું કે, અમદાવાદને ઓલિમ્પિક ગેમ્સની તૈયારી માટેની સુવિધાઓથી સજ્જ કરવામાં આવશે. આ પ્રસંગે શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે, પીએમ નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભારત તમામ મોરચે પ્રગતિ કરી રહ્યું છે. જ્યાં સુધી મોદીના અભિપ્રાયને ધ્યાનમાં લેવામાં ન આવે ત્યાં



સુધી વૈશ્વિક મંચ પરની કોઈ પણ ચર્ચા પુરી ગણાતી નથી.પછી ભલે તે રશિયા-યુક્રેન યુદ્ધ હોય, કોવિડ -19ની રસી હોય, અર્થતંત્ર અથવા પર્યાવરણની વાત હોય.


તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 30 મેના રોજ, મોદી સરકાર તેના બીજા કાર્યકાળના ત્રણ વર્ષ સહિત કુલ આઠ વર્ષ પૂર્ણ કરશે. આ આઠ વર્ષમાં પીએમ મોદીએ દેશને વૈશ્વિક સ્તરે આગળ વધારવાનું કામ કર્યું છે. અમિત શાહે કહ્યું કે, સરદાર પટેલ સ્પોર્ટસ કોમ્પ્લેક્સના નિર્માણ સાથે અમદાવાદ એવું શહેર બની જશે જે ઓલિમ્પિકની તૈયારી માટે સજ્જ હશે.

સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ, નરેન્દ્ર મોદી સ્ટેડિયમ, નારણપુરા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને અન્ય ત્રણ સ્પોર્ટ્સ સુવિધાઓ મળીને ઓલિમ્પિક ગેમ્સ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાના ગ્રાઉન્ડસ અને સ્ટેડિયમની અમારી તૈયારી પૂર્ણ થશે.અમદાવાદ માટે આ ખૂબ જ ગર્વની વાત છે, એમ તેમણે ઉમેર્યું હતું.

# જુહાપુરામાં મહિલા પર ત્રણ રાઉન્ડ ફાયરિંગથી ચકચાર, પોલીસ દોડતી થઈ

ગુજરાત | વંદન

જુહાપુરા વિસ્તારમાં મેરેજ પ્રોગ્રામ પૂર્ણ કરીને ઘરે જતી 55 વર્ષિય મહિલા પર ત્રણ રાઉન્ડ અજાણ્યા શખ્સે ફાયરિંગ



કરતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. મૂળ વિરમગામ મુનિરાબીબી રાત્રે લોખંડવાળા પાર્ટી પ્લોટ પાસે લગ્નપ્રસંગમાં હાજરી આપીને રીક્ષામાં ઘરે જતા હતા. આ દરમ્યાન અજાણ્યા શખ્સે તેમણી ઉપર ત્રણથી વધુ રાઉન્ડ ફાયરિંગ કર્યું હતુ. ફાયરિંગનો અવાજ આવતા સ્થાનિક લોકો અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. તેઓને ગંભીર ઈજાઓ પહોંચતા તાત્કાલિક સારવાર અર્થે એસવીપી હોસ્પિટલમાં લઈ જવામાં આવી હતી. પોલીસે આ મામલે હત્યાના પ્રયાસ અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી સીસીટીવીના આધારે તપાસ શરૂ કરી હતી.

# રાજપુર-ગોમતીપુર જેવા વિસ્તારમાં 7 દિવસીય અભિનય વર્કશોપનું આયોજન

**કર્ણાવતી કલા કેન્દ્ર અને સેન્ટ મેરિસ મહિલા શિક્ષણ કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે**



ગુજરાત | વંદન

કર્ણાવતી કલા કેન્દ્ર અને સેન્ટ મેરિસ મહિલા શિક્ષણ કેન્દ્રના સંયુક્ત ઉપક્રમે રાજપુર ગોમતીપુર જેવા વિસ્તારમાં સૌ પ્રથમ વાર સાત દિવસીય અભિનય વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. તારીખ 04-06 - 2022થી 11-06 - 2022ને સવારે 10 થી 12ના સમયગાળામાં રાજપુર ગોમતીપુરના સેન્ટ મેરિસ નર્સિંગ હોમની નવી બિલ્ડિંગમાં આ વર્કશોપ થશે.

આ વર્કશોપમાં 7 વર્ષથી મોટા કોઈ પણ વિદ્યાર્થી ભાગ લઈ શકે છે, આ વર્કશોપમાં બસિક સ્ટેજનું નોલેજ, એક્ટિંગ, સ્ક્રિપ્ટ, પ્રોડક્શન, લાઈટ, સંગીત, બોડી મૂવમેન્ટ, માસ્ક મેકિંગ, વોઈસ એન્ડ સ્પીચ તથા અન્ય થિયેટર ફિલ્મ અને એક્ટિંગને લગતા વિષયોના ક્લાસ લેવાશે...

આ વર્કશોપમાં નિરવ વેગડા, અંકિત વૈષ્ણવ, રિષભ શુક્લા, મયુર ભાટિયા,ઋતુરાજ રોય, પાર્થ રૂપારેલિયા, ભાવિક શ્રીમાળી તથા સાથી મિત્રો અલગ અલગ વિષયો પર નાટકીય રમતો સાથે જ્ઞાન પૂરું પાડશે. વર્કશોપ ના અંતે વિદ્યાર્થીઓને પપ્રમાણ પત્ર આપવામાં આવશે...

## તસવીર સમાચાર

(તસ્વીરો-મૌર્ય ભાગ્યવાન)



અમદાવાદ મ્યુનિ.કોર્પોરેશન દ્વારા શહેરમાં ઠેર ઠેર ગટર, પાણી અને રસ્તાના કામો થાય તો છે, પરંતુ કામ અધુરૂ મુકીને વહીવટી તંત્ર સંતોષ માને છે. બહેરામપુરા વિસ્તારમાં ઘણા સમયથી આવી રીતે ગટરનું ઢાંકણું ખોલ્યા બાદ સમારકામ કરીને તેને ખુલ્લુ મુકી દેવામાં આવ્યું છે.



હાલમાં મોંઘવારી વધતા બિયારણના ભાવ અને પેટ્રોલ-ડીઝલના ભાવ પણ વધી ગયા છે. અમદાવાદના પીરાણા વિસ્તાર અને સાબરમતી નદીના કિનારાની વચ્ચેના વિસ્તારમાં ગુજરાન ચલાવવા માટે પાલકનું અને શાકભાજીનું વાવેતર કરતી ખેડૂત સ્ત્રીની મહેનત નજરે પડે છે.



ચોમાસું હવે દુર નથી, રસ્તા, ગટર, સાફ-સફાઈ વગેરેના કામે પુરા થઈ જવા જોઈએ. પરંતુ શહેરના દૂધેશ્વરથી શાહીબાગ જતા રોડ વચ્ચે પાઈપ લાઈન તુટતાં ઘણા દિવસોથી આવી રીતે ખાડો પડી ગયો છે અને ઘણા દિવસોથી ખુલ્લુ પડી રહ્યું છે, જે અકસ્માતને નોતરે તેમ છે.



હાલ સુધી અમદાવાદની ઓળખ આપવી હોય તો સીદીસૈયદની જાળી કે પતંગ હોટલને બતાવતા હતા પરંતુ ઉપરોક્ત ફોટામાં સાબરમતી નદીના સુંદર જળમાં રાત્રે રોશનીથી ઝગમગતો આ વોકવેબ્રિજ આવનારા સમયમાં અમદાવાદની ઓળખ ઊભી કરશે.

**ઉત્તરઝોન એસ્ટેટ વિભાગની કાર્યવાહી**

# કુબેરનગર વોર્ડમાં રોડ ખુલ્લો કરવા મિલકતધારકોને મ્યુ.તંત્ર દ્વારા નોટિસ

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરના જુદા જુદા ઝોનમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટી.પી.રસ્તા ખુલ્લા કરવાની કામગીરી કરવામાં આવી રહી છે.આ કામગીરી અંતર્ગત ઉત્તરઝોન એસ્ટેટ વિભાગ તરફથી બંગલા એરિયાથી કુબેરનગર રેલવે ક્રોસિંગ સુધીના રોડની બંને તરફના મિલકતધારકોને કપાત અંગેની નોટિસ આપવામાં આવી છે.

આ અંગે મળતી માહિતી મુજબ,ઉત્તરઝોનના કુબેરનગર વોર્ડમાં ટાઉન પ્લાનિંગ સ્કીમ નંબર-૯૬-બી અંતર્ગત રોડ ખુલ્લો કરવા અંગેની તજવીજ હાથ ધરવામાં આવી છે.એસ્ટેટ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી કવાયતમાં ખુબ ઓછા સમયની અંદર રોડની બંને તરફ આવતી મિલકતોના ડીમાર્કેશનની કામગીરી પુરી કરી લેવામાં આવી છે.આ સાથે જ જે મિલકતધારક કે જમીન માલિકની મિલકત રોડલાઈનના



અમલના કારણે કપાતમાં જાય છે એ તમામને મ્યુનિસિપલ કોર્પોરેશન તરફથી નોટિસ પણ આપવામાં આવી છે.જે મિલકતધારકોને તંત્ર તરફથી નોટિસ આપવામાં આવી છે એમને ૭ જુન -૨૦૨૨ સુધીમાં જો કોઈ વાંધા-સુચન હોય તો તે રજુ કરવા સુચના આપવામાં આવી છે.આગામી બે સપ્તાહમાં મ્યુનિસિપલ તંત્ર દ્વારા રોડલાઈનનો અમલ પુરો કરી દેવામાં આવશે એમ આધારભૂતસૂત્રોમાંથી જાણવા મળ્યુ છે.

જે મિલકતધારકોને તંત્ર તરફથી નોટિસ આપવામાં આવી છે તે પૈકી જો મિલકતધારક તરફથી કોઈ વાંધાસુચન રજુ કરવામાં નહીં આવે તો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.ઉપરાંત કપાત અંગે આપવામાં આવેલી નોટિસની સાથે એક સ્કેચ પણ આપવામાં આવ્યો છે.આ સ્કેચમાં પીળા રંગથી દર્શાવવામાં આવેલ જમીનનો ખાલી અને પ્રત્યક્ષ કબજો તે ઉપરના ઉપરદળને આ નોટિસ મળ્યાના સાત દિવસની અંદર દુર કરી મ્યુનિસિપલ કોર્પોરેશનને સોંપી દેવા તાકીદ કરવામાં આવી છે.જો આમ કરવામાં નહીં આવે તો મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઉપરદળનો પ્રત્યક્ષ કબજો લેવામાં આવશે.આ કાર્યવાહી સામે વિરોધ કરનાર સામે આઈ.પી.સી.ની કલમ-૧૮૮ મુજબ કાર્યવાહી કરવામાં આવશે એવી પણ નોટિસમાં ચેતવણી આપવામાં આવી છે.

સાપ્તાહિક ગુજરાત વંદન

## સંપાદકીય....

# પંજાબમાં "આપ" સરકારના બે જ મહિનામાં પારખાં થઈ ગયા- પોલમપોલ અને લોલમલોલ..!



**પંજાબ** વિધાનસભા ચૂંટણીઓમાં પ્રજાને મોટા મોટા વચનોની લ્હાણી કરીને સત્તા મેળવનાર આમ આદમી પાર્ટીની સરકારે ક્યા યોગમાં, ક્યા મહુર્તમાં શપથ લીધા કે ભગવંત માન સીએમ બન્યા ત્યારથી સરકારમાં કંઈને કંઇ એવા બનાવો બની રહ્યાં છે કે તેનાથી સરકારની સામે ખાસ કરીને આપ પાર્ટીના કેજરીવાલના દાવા સામે લોકો સવાલોનો મારો ચલાવી રહ્યાં છે... વિધાનસભા ચૂંટણીમાં માનસા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર અને પંજાબી પોપસિંગર સિધ્ધુ મૂસેવાલાની ધોળા દિવસે હત્યા કરી દેવામાં આવી. તેમને અગાઉની સરકાર દ્વારા સુરક્ષ આપવામાં આવી હતી. પરંતુ આપ પાર્ટીની સરકારે મૂસેવાલાની સુરક્ષા પાછી ખેંચ્યાના બીજા જ દિવસે ગેંગસ્ટર દ્વારા તેમને હણી નાંખવામાં આવ્યાં.

પંજાબમાં આપના એક ધારાસભ્યને જેલની સજા થઇ છે અને એક કેબિનેટ મંત્રી વિજય સિંગલા કટકીકાંડમાં સંડોવાતા તેમને જેલમાં ધકેલી દેવાયા છે. માદક પદાર્થોની હેરાફેરી નવી સરકાર આવ્યાં બાદ પણ અટકી નથી. માદકપદાર્થના ઓવરડોઝથી અઢી મહિનામાં 60ના મોતની આશંકા વ્યકત કરવામાં આવી. મોહાલીમાં પોલીસ ઈમારત પર આતંકી હુમલો થયો, આપની સરકારમાં 24 કરતાં વધુ ખેડૂતોએ આપઘાત કર્યો, બે કબ્બડી ખેલાડીઓની હત્યા કરી દેવામાં આવી અને તાજી ઘટનામાં યુવાન પોપસિંગર મૂસેવાલા પર જાનનો ખતરો હોવા છતાં માન સરકારે તેમની સુરક્ષા પાછી ખેંચીને તરત મૂસેવાલાની હત્યા દર્શાવે છે કે માન સરકારે જે દાવાઓ કર્યા તે પોકળ નિવડી રહ્યાં છે.

પંજાબ એક સીમાવર્તી રાજ્ય છે. નજીકમાં પાકિસ્તાન દ્વારા માદક પદાર્થો અને હથિયારો વગેરે. ઘૂસાડવામાં આવે છે. કોંગ્રેસની સરકારમાં બધુ ઠીક નથી એમ કહીને પરિવર્તનનું વચન આપીને કેજરીવાલે સત્તા મેળવી પણ માન સરકારમાં પણ બધુ ઠીક નથી એવુ પૂરવાર થઇ રહ્યું છે.

આપ સરકારના સીએમ માનની ફજેતી તો ત્યારે થઇ કે જ્યારે તેમણે પીએમ મોદીને મળીને એવી માંગણી કરી કે અમારી સરકારે જે વચનો આપ્યા છે તે પરિપૂર્ણ કરવા અમને 1 લાખ કરોડની સહાય આપો...! આપ પાર્ટીએ મફત મફતની લ્હાણીઓ કરીને લોકોને લાલચો આપી સત્તા મેળવી અને હવે એ વચનો પૂરા કરવા મોદીની સરકાર એક લાખ કરોડ આપે તે એના કરતાં ભાજપ આવા મફત..મફત.. ના વચનો આપીને સરકાર ના બનાવી શકી હોત...? આજના સોશ્યલ મિડિયામાં સીએમ માનની જબરી ખેંચાઇ કરી દેવામાં આવી હતી.

મૂસેવાલાની હત્યાને માન સરકાર હળવાશ ન લે. ભગવંત માન જ્યારે સત્તામાં નહીં હોય ત્યારે તે વખતની સરકાર પણ તેમની જેમ સુરક્ષા પાછી ખેંચી લેશે તો માનને પણ તેમના નિશાન બનાવી શકશે. ના,ના..એવુ નહીં થાય એમ જો સીએમ માન માનતા હોય તો તેઓ ભીંત ભૂલે છે..જેમને ખરેખર આવી ધમકીઓ મળી હોય તો તેમને માન સરકારે ફરીથી સુરક્ષા આપવી જોઈએ. શ્રી, માન તમે સાંભળો છો ને..?!

## ઈ.સ. 2040, 4 અંતરિક્ષયાત્રીઓ, બે જણાં સપાટી પર ઉતરશે - 30 દિવસનું રોકાણ, પણ પરત...?

# મિશન મંગલ: જીવતાં પરત આવવાની કોઈ ગેરંટી નહીં..!

**આગામી** 20 જુલાઇ 2022ના રોજ માનવીને ચંદ્ર પર પગલા પાડ્યાને 53 વર્ષ પૂરા થશે. માનવ ઈતિહાસમાં નીલ આર્મસ્ટ્રોંગનું નામ અમર થઇ ગયું છે કે જેમણે માનવીની કલ્પનાને સાકાર કરીને ચંદ્ર પર સૌથી પહેલાં પગ મૂક્યો હતો. કુલ ત્રણ અંતરિક્ષયાત્રીઓ એપોલો11 નામના યાનમાં બેસીને ચંદ્રને સર કરવા નિકળ્યા હતા. તેમાંથી નીલ અને બઝ એલ્ડ્રી ચંદ્ર પર ઉતર્યા અને ત્રીજો માઈકલ કોલિન્સ તેમને લઈને જે યાનમાં રવાના થવાનું હતું તે યાન લઈને ઉપર ભ્રમણકક્ષામાં ચક્કર લગાવી રહ્યો હતો. નીલ અને બઝે ચંદ્રની સપાટી ઉપર સવા બે કલાક વિતાવ્યાં. ચંદ્રની સપાટી પરથી 21.5 કિલો માટી એકત્ર કરી અને રવાના થયા. તે અગાઉ ચંદ્રની સપાટી ઉપર કૂદકા માર્યા, ફોટો પડાવ્યાં અને અમેરિકાનો ઝંડો લગાવીને એક નયા ઈતિહાસ રચી નાંખ્યો હતો...

ચંદ્ર પર ડગ માંડ્યા બાદ હવે માનવી રાતા ગ્રહ મંગળ પર રવાના થશે....! અમેરિકન સ્પેસ એજન્સી નાસા આવનારા વર્ષોમાં ઘણા મોટા મિશન પર કામ કરવા જઈ રહી છે.જેમાં ચંદ્ર અને મંગળ પરના માનવ મિશનનો પણ સમાવેશ થાય છે. તાજેતરમાં, એજન્સીએ તેના ડીપ સ્પેસ એક્સપ્લોરેશન મિશન અને કાર્યક્રમોની વ્યૂહરચના અને ઉદ્દેશ્યો માટે યુએસ ઉદ્યોગ, શિક્ષણવિભાગ, આંતરરાષ્ટ્રીય સમુદાય અને જનતા પાસેથી સૂચનો મંગાવ્યા છે. આ સાથે નાસાએ મંગળ અને ચંદ્ર મિશન માટે ઉચ્ચ સ્તરીય ઉદ્દેશ્યોની યાદી પણ જાહેર કરી છે.

નાસાએ, પૃથ્વી તથા મંગળ ગ્રહ વચ્ચેનું અંતરની ગણતરી કરીને જાહેર કર્યું છે જો પ્રતિ કલાક 39600 કિ.મીની સ્પીડમાં યાન ચાલે તો રાતા ગ્રહ પર પહોંચતા 7 મહિના લાગે.. અને વળતા 3 મહિના બીજા રાહ જોઈને પૃથ્વી અને મંગળ એક ભ્રપમણકક્ષામાં આવે તે પછી ત્યાંથી નિકળી શકે. એટલે વળતા 7 મહિના એટલે કુલ 17 મહિનાની મુસાફરી અંતરિક્ષયાત્રીઓએ કરવી પડે. તેમાંથી મોટા ભાગની મુસાફરી તો યાનની અંદરજ કરવાની થાય. બન્ને ગ્રહો વચ્ચે કુલ અંતર 221.24 મિલિયન કિ.મી.નું અતર છે...એટલે કે કુલ 22 કરોડ 12 લાખ 4 હજાર કિ.મી. નું અંતર થાય...



નાસાનું લક્ષ્ય સને 2030ના દાયકાના અંતમાં અથવા સને 2040 ના દાયકાની શરૂઆતમાં મંગળ પર માનવીના પા પા પગલા પાડવાનું આયોજન છે. બે વર્ષ પહેલા આ લક્ષ્યાંક 2030ના દાયકાના પ્રારંભથી મધ્ય સુધીનો અંદાજ કરવામાં આવ્યો હતો. તેમ છતાં, આ વખતે સમય લંબાવવામાં આવી રહ્યો છે અને તેના માટે એવું માનવામાં આવી રહ્યું છે કે ફંડિંગ અને ટેક્નોલોજીના કારણે આ કાર્યક્રમનો ઘટનાક્રમ બદલાઇ રહ્યો છે..

નાસાના ધ્યેયો પૈકી મંગળ તેનું મહત્વાકાંક્ષી માનવ મિશન છે. આ મિશનમાં બે લોકો મંગળની સપાટી પર 30 દિવસ સુધી રહેશે. નાસાએ તેની યોજના કેવી રીતે અમલમાં મૂકવી જોઈએ તેના પર લોકો પાસેથી પ્રતિક્રિયા માંગી છે. જેમાં ઘણાં નવા આઈડિયા મળી શકે તેમ છે.

નાસા અનુસાર, પૃથ્વીથી મંગળ પર જવામાં, ત્યાં રહેવા અને પછી પાછા આવવામાં ઝડપી અંતર કાપી શકે તેવા યાનની હજુ શોધ કરીને માત્ર 500 દિવસમાં મિશન મંગળ પૂરો થાય તેવી ગણતરી સાથે આગળ વધી રહ્યું છે. આવવા-જવા ઉપરાંત આ સિવાય અનેક પ્રકારના પડકારોનો સામનો અંતરિક્ષયાત્રીઓએ કરવો પડશે. મંગળ ગ્રહ પર ગુરુત્વાકર્ષણની વિવિધતા પણ એક સમસ્યા હશે. મંગળ પર પહોંચવા માટે અવકાશયાત્રીઓ માઈક્રોગ્રેવિટીમાં મહિનાઓ સુધી મુસાફરી કરશે, જ્યાં તેમને મંગળના ગુરુત્વાકર્ષણનો સામનો કરવો પડશે, જે પૃથ્વીના ગુરુત્વાકર્ષણનો એક તૃતીયાંશ છે. હવા પાતળી અને તેમાં પ્રાણવાયુ નથી ગુરૂત્વાકર્ષણના અભાવે અંતરિક્ષયાત્રીઓને ત્યાં હવામાં લગભગ ઉડતા રહેવુ પડે.




### મંગળ માટે પ્રતિ કલાક 39600 કિ.મી.ની ઝડપે ધસમસતા યાનમાં 7 મહિના જતાં અને 7 મહિના આવતાં થશે..

NASAએ સૂચવ્યું છે કે આ સમસ્યાનો સામનો કરવાનો એક રસ્તો એ હોઈ શકે છે કે મિશન દરમિયાન ક્રૂ મેમ્બર્સ એટલે કે અંતરિક્ષયાત્રીઓને દબાણયુક્ત રોવરમાં રહેવુ પડે. નાસાના સ્પેસ આર્કિટેક્ચરના ડિરેક્ટર કર્ટ વોગેલે કહે કે, "અમે વિજ્ઞાન પર વધુ ભાર મૂકવા માંગીએ છીએ જેથી તેઓ પરિસ્થિતિની આદત પાડે તે પહેલાં અમે તેમને બહાર મંગળની સપાટી ઉપર હરવા ફરવા માટે દબાણ નહીં કરીએ.

આ મિશન માટે નાસાની યોજનાઓ હાલમાં તો પ્રારંભિક તબક્કામાં છે અને જેમ જેમ નવી નવી ટેકનોલોજીની શોધખોળ થતી રહે તેમ તેમ પછી તેમાં સમયપત્રક, આવનજવાન, ખાણાપીણી વગેરે. બદલાઈ શકે છે. હાલમાં, નાસા એવા અવકાશયાનનો ઉપયોગ કરવાનું વિચારી રહ્યું છે જે એક હાઈબ્રિડ રોકેટ સ્ટેજ છે (એટલે કે, જે રાસાયણિક અને ઈલેક્ટ્રિક પ્રોપલ્શન બંનેનો ઉપયોગ કરે છે). ચાર લોકો મંગળની લાંબી મુસાફરી કરશે, જેમાંથી બે સપાટી પર ઉતરશે. તે મિશન મૂનના એપોલો-11 પ્રોગ્રામ જેવું જ છે જેમાં ત્રણ અંતરિક્ષયાત્રીઓ ગયા હતા.

2040ની શરૂઆતમાં સમાન અંતરિક્ષયાન રવાના થાય તે પહેલાં લગભગ 25 ટન માલસામગ્રી પહેલેથી જ મંગળ પર પહોંચતી થઈ જશે અને ક્રૂ સભ્યોની રાહ જોશે, માલસામગ્રી રોબોટિક મિશન દ્વારા વિતરિત કરવામાં આવશે. તેમાં ક્રૂ લેન્ડિંગ વ્હીકલ હશે, જે પહેલાથી જ ઈંધણથી ભરેલું હશે અને અંતરિક્ષયાત્રીઓને મિશન મંગળ પર તેમનું કામ પત્યા બાદ તેમને ભ્રમણકક્ષામાં પાછા લઈ જવાનું કામ કરશે.

અત્યાર સુધી, નાસાએ આ મિશન મંગળ માટે અંતરિક્ષયાત્રીઓ પસંદ કરવા ઔપચારિક કરારની માહિતી માટે પ્રમાણભૂત વિનંતી જેવું કામ શરૂ કર્યું નથી. હાલમાં, તેમનું ધ્યાન ચંદ્ર પરના આર્ટેમિસ મિશન પર છે, જે અંતર્ગત સને 2025માં એક પુરુષ અને એક પ્રથમ મહિલા ચંદ્ર પર પહોંચે તેવુ આયોજન ચાલી રહ્યું છે. જો કે મંગળ

(અનુસંધાન પેજ નં.6 પર)

# બુલેટ, સ્ટેચ્યુ, નર્મદા ડેમને મંજૂરી અને રાજકોટમાં એઈમ્સ- આ છે મોદી સરકારની ગુજરાતને ભેટ

## વડાપ્રધાન થયા બાદ છેલ્લાં આઠ વર્ષમાં દેશમાં ગુજરાત મોડેલનો અમલ

ગુજરાત | વંદન

નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા તેના 26મી મેએ 8 વર્ષ પૂરા થઈ જશે. આ 8 વર્ષોમાં તેમણે ગુજરાતને ઘણી પ્રાથમિકતા આપી છે. તેઓ ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે રાજ્યને વિકાસ મોડલ તરીકે સ્થાપિત કર્યું હતું. એ વખતે કેન્દ્રમાં યુપીએની સરકાર હતી, જેના કારણે ગુજરાતને લગતી કેટલીક બાબતોમાં મોદી ઈચ્છતા હતા તે મુજબ કામ થઈ શક્યું ન હતું. પરંતુ વડાપ્રધાન બન્યા પછી તેમણે એ બધી અડચણો દૂર કરી ગુજરાતને ઘણી ભેટ આપી છે.

પીએમ મોદીએ વડાપ્રધાન બન્યા પછી 17 દિવસની અંદર જ સરદાર સરોવર ડેમના દરવાજા બંધ કરવાની મંજૂરી આપી દીધી હતી. 16 જૂન, 2017એ સરદાર સરોવર ડેમના બધા દરવાજા બંધ કરી દેવાયા હતા, જેના કારણે ડેમની ક્ષમતા 3.75 ગણી વધીને 4.73 મિલિયન ક્યુબિક મીટર થઈ છે. માર્ચ 2015માં ક્રૂડ ઓઈલની રોયલ્ટી સાથે સંબંધિત એક મોટો મુદ્દાને ઉકેલ લવાયો હતો. તે અંતર્ગત કેન્દ્ર સરકાર ગુજરાત સરકારને રૂ. 763 કરોડની ક્રૂડ ઓઈલ રોયલ્ટી આપશે. આ મામલો સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ હતો, છતાં આ નિર્ણય લેવાયો હતો.

ગુજરાતમાં લાંબા સમયથી એઈમ્સ હોસ્પિટલની માગણી થઈ રહી હતી. વડાપ્રધાન બન્યા પછી નરેન્દ્ર મોદીએ



રાજકોટમાં એઈમ્સ બનાવવાની મંજૂરી આપી હતી અને 2020માં તેમણે તેનો શિલાન્યાસ કર્યો હતો. લાઈટહાઉસ પ્રોજેક્ટમાં ત્રિપુરા, ઝારખંડ, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને તમિલનાડુની સાથે ગુજરાતનો સમાવેશ કરવામાં આવ્યો. આ પ્રોજેક્ટ અંતર્ગત સ્થાનિક આબોહવા અને ઈકોલોજીને ધ્યાનમાં રાખી લોકોને કાયમી આવાસ આપવામાં આવે છે. આ મકાનો સંપૂર્ણ ભૂકંપ પ્રતિરોધક હશે. રાજકોટમાં આ પ્રોજેક્ટ હેઠળ 114 આવાસો બનાવવામાં આવી રહ્યા છે.

બુલેટ ટ્રેન એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો ડ્રીમ પ્રોજેક્ટ છે. અમદાવાદ અને મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન શરૂ કરવા માટે 14 સપ્ટેમ્બર, 2017એ પીએમ મોદીએ જાપાનના પૂર્વ વડાપ્રધાન શિંજો આબેની ઉપસ્થિતિમાં આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો. આ પ્રોજેક્ટ માટે જમીન સંપાદનનું 98 ટકા કામ પુરું થઈ ગયું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી આજે વિશ્વભરમાં ગુજરાતની ઓળખ બની ગયું છે. આ સ્થળની મુલાકાત માટે પ્રવાસીઓ સરળતાથી કેવડિયામાં રેલવે સ્ટેશન બનાવાયું છે. જેનું ઉદ્ઘાટન પીએમ મોદીએ જાન્યુઆરી, 2021માં કર્યું હતું. હાલ 8 ટ્રેનો આ રૂટ પર ચાલી રહી છે.

કેન્દ્રની મોદી સરકારે સપ્ટેમ્બર 2020માં ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને રક્ષાશક્તિ યુનિવર્સિટીને રાષ્ટ્રીય યુનિવર્સિટીનો દરજ્જો આપ્યો છે. આ બંને યુનિવર્સિટી નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે સ્થપાઈ હતી અને તેમણે વડાપ્રધાન બન્યા બાદ તેને રાષ્ટ્રીય દરજ્જો આપ્યો હતો. તે ઉપરાંત નવેમ્બર, 2020માં જામનગરની ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીને પણ રાષ્ટ્રીય સંસ્થાનો દરજ્જો આપ્યો. લગભગ 175 વર્ષ જૂની આ સંસ્થાને માનદ ઉપાધિ મળતા હવે તેને શૈક્ષણિક સ્વાયત્તતા પણ પ્રાપ્ત થશે. તેમણે સપ્ટેમ્બર 2018માં વડોદાર શહેરને દેશની પ્રથમ રેલવે અને પરિવહન યુનિવર્સિટી (નેશનલ રેલ એન્ડ ટ્રાન્સપોર્ટેશન ઈન્સ્ટિટ્યૂટ)ની ભેટ આપી. 5 સપ્ટેમ્બર, 2018એ શિક્ષક દિનના દિવસે તેમણે દેશની આ પ્રથમ રેલવે યુનિવર્સિટીનું ઉદ્ઘાટન કર્યું હતું.

પીએમ મોદીએ 19 એપ્રિલ, 2022ના રોજ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના ડાયરેક્ટર જનરલ ટેડ્રોસ ગેબ્રેયસસ, મોરેશિયસના વડાપ્રધાન પ્રવિંદ કુમાર જગનાથ અને ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ડબલ્યુએચઓ ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસિનનો શિલાન્યાસ કર્યો હતો. આ ઉપરાંત આધુનિક સુવિધાયુક્ત એક નવા ગ્રીફિલ્ડ એરપોર્ટની પણ પીએમ મોદીએ રાજકોટ શહેરને ભેટ આપી છે. રાજકોટમાં આ નવું એરપોર્ટ અમદાવાદ-રાજકોટ હાઈવે પર 1000 હેક્ટરથી વધુ વિસ્તારમાં અંદાજે રૂ. 1450 કરોડના ખર્ચે બનાવાઈ રહ્યું છે.

આ ઉપરાંત પીએમ મોદીએ વૈશ્વિક નેતાઓને ગુજરાત લાવી રાજ્યનું ગૌરવ વધાર્યું. વડાપ્રધાન બન્યા પછી સપ્ટેમ્બર, 2014માં તેઓ પહેલી વખત ચીનના વડાપ્રધાન શી જિનપિંગને ગુજરાત લાવ્યા. તે પછી સપ્ટેમ્બર 2017માં જાપાનના પૂર્વ વડાપ્રધાન શિંજો આબેએ તેમની ભારતની મુલાકાતની શરૂઆત અમદાવાદથી કરી હતી. એ સમયે જ અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો પાયો પણ નંખાયો હતો. જાન્યુઆરી, 2018માં ઈઝરાયેલ વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ પહેલી વખત ભારતની મુલાકાતે આવ્યા હતા અને તેમણે પણ અમદાવાદથી પોતાનો પ્રવાસ શરૂ કર્યો હતો. વર્ષ 2020માં અમેરિકાના પૂર્વ પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ પણ ભારતની મુલાકાત દરમિયાન ગુજરાત આવ્યા હતા. અમદાવાદમાં બનાવાયેલા ભારતના સૌથી મોટા સ્ટેડિયમમાં પીએમ મોદીએ તેમનું સ્વાગત કર્યું હતું. તાજેતરમાં જ એપ્રિલ 2022માં ડબલ્યુએચઓના ડાયરેક્ટર ટેડ્રોસ ગેબ્રેયસસ અને મોરેશિયસના વડાપ્રધાન પવિંદ કુમાર જગનાથ પણ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. તે પછી એપ્રિલ મહિનામાં જ બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોન્સન પણ ગુજરાતની મુલાકાતે આવ્યા હતા. તેઓ ગુજરાતની મુલાકાત લેનારા બ્રિટનના પહેલા વડાપ્રધાન છે. અહીં તેમણે એડિનબર્ગ યુનિવર્સિટીના સહયોગથી બનેલી ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી અને બુલડોઝર મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટની મુલાકાત લીધી હતી.

## ધર્મ

# સોનું ધારણ કરવા પર આ રાશિના લોકોના જીવનમાં આવે છે 'રાજયોગ'

**આજ**નો જમાનો એટલો મોંઘો થઈ ગયો છે કે સામાન્ય વ્યક્તિ તેની વિશે વિચાર તો પણ નથી. સામાન્ય રીતે જેની પાસે પૈસા હોય છે તે સોનુ પેહરે છે પરંતુ મિત્રો આજે અમે તમારી માટે એક ખાસ જાણકારી લઈને આવ્યા છે.અને આ જાણકારી મુજબ તમારે સોનાની ની વીટી ધારણ કરવાની રહેશે પરંતુ અહીં દર્શાવેલ રાશિ તમારી હોય તો જ. આજે અમે તમને એવી રાશીઓ વિષે જણાવીશું જે રાશીઓ જો સોનાની વીટી રેગ્યુલર આ વર્ષે પહેરશે તો એમની કિસ્મત ચમકી જશે.



જ્યોતિષ શાસ્ત્ર અનુસાર જો રાશિ પ્રમાણે ધાતુઓ પહેરવામાં આવે તો તે વિશેષ ફળદાયી સાબિત થાય છે. દરેક ધાતુનું પોતાનું મહત્વ છે. અને વ્યક્તિના વ્યક્તિત્વ પર ધાતુઓની વિશેષ અસર જોઈ શકાય છે. જ્યોતિષશાસ્ત્રમાં રાશિ પ્રમાણે સોનું, ચાંદી, તાંબુ, કાંસ્ય વગેરે ધાતુ પહેરવાની સલાહ આપવામાં આવે છે. આ તમામ ધાતુઓનું અલગ અલગ મહત્વ છે. આજે આપણે જાણીશું સોનાની ધાતુ વિશે. જ્યોતિષમાં સોનું પહેરવાના ઘણા ફાયદા છે. જો તેને તર્જની પર પહેરવામાં આવે તો વ્યક્તિની એકાગ્રતા વધે છે.

સોનાની વીંટી રાજયોગમાં પણ મદદરૂપ માનવામાં આવે છે. જો કોઈ વ્યક્તિ સંતાનના સુખમાં આવતી અડચણોને દૂર કરવા ઈચ્છે છે તો તેને રીંગ ફિંગરમાં ધારણ કરવું જોઈએ. ચાલો જાણીએ કઈ રાશિ માટે સોનાની વીંટી પહેરવી ફાયદાકારક છે.

**સિંહ રાશિ** | જ્યોતિષ શાસ્ત્ર અનુસાર આ રાશિના લોકો માટે સોનાની ધાતુ વિશેષ શુભ હોય છે. આ રાશિના જાતકોનું નસીબ વધારવા માટે સોનાની ધાતુ ધારણ કરવાની સલાહ આપવામાં આવે છે. વાસ્તવમાં આ રાશિ અગ્નિ તત્વની નિશાની છે અને તેનો સ્વામી સૂર્ય છે. તેથી આ રાશિના લોકો માટે સોનું ફાયદાકારક રહે છે.

**કન્યા રાશિ** | જ્યોતિષીઓનું માનવું છે કે આ રાશિના લોકો લક્ઝરી લાઈફના શોખીન હોય છે. અને તેમનો આ શોખ પૂરો કરવા માટે તેમને સોનું પહેરવાની સલાહ આપવામાં આવે છે. આ લોકો સોનાની વીંટી, બ્રેસલેટ અથવા ચેન પહેરી શકે છે.

**તુલા રાશિ** | આ રાશિના લોકો જો સોનાની ધાતુ ધારણ કરે છે તો તેમનું ભાગ્ય પલટાઈ જાય છે. તેમને ખાસ કરીને સોનાની વીંટી પહેરવાની સલાહ આપવામાં આવે છે. શુક્ર આ રાશિનો સ્વામી હોવાથી તેમણે સોનાની ધાતુ ધારણ કરવી જોઈએ.

## ઉદાસી

# "...રોજ હસતાં ચહેરા વાળું તરબૂચ આજે ઉદાસ ચહેરાવાળું લાગતું હતું"

સાપ્તાહિક ગુજરાત વંદન

જીવન વહેણ

અશોકસિંહ એ. ટાંક

લગભગ ફેબ્રુઆરી મહિનો આવે એટલે એ લોકો આવી જતા. તેમનું ઠેકાણું સરકારી ઓફિસની દિવાલ. તે લોકો રોડ કાંઠે ફૂટપાથ પર સરકારી ઓફિસની દિવાલની આગળ કાપડનો માંડવો કરે. તેમાં જથ્થાબંધ તરબૂચ ઉતારે. રોડે આવતાં જતાં લોકો તાજા તરબૂચ લેતાં જાય. લગભગ છેલ્લાં ચારેક વર્ષથી આ લોકો આ સિઝનેબલ ધંધો કરવા અહી આવે છે. તે વડોદરા બાજુથી આવે. આ ખુલ્લી દુકાનમાં વેપાર કરે ને રાત્રે માંડવા ફરતે કપડું બાંધી ને પેક કરી દે. તેમાં જ રસોડું ને તરબૂચના ઢગલાંની બાજુમાં પથારી કરી સૂઈ જાય. એજ તેમનો બેડ રૂમ.

એક માડી, દાદા ને પંદરેક વર્ષનો એક છોકરો. આવડો પરિવાર આખો દિવસ તરબૂચનો વેપાર કર્યા કરે. જેમ જેમ ઉનાળો જામતો જાય તેમ તેમ તરબૂચની ઘરાકી પણ જામતી જાય. ને તડકો પણ પોતાનો પ્રભાવ બતાવતો જાય. આવા બળબળતા તડકામાં પણ ત્રણેય ખાલી કાપડના માંડવાના છાયડે બેઠાં હોય. એમને પણ વતનમાં ઘર હશે. પરંતુ રોજગારી માટે લોકોએ ગમે ત્યાં ભટકવું પડે છે. હું અવાર નવાર તરબૂચ લેવાં જાવ એટલે તેઓ મને ઓળખે. મારે તેમની સાથે પરિચય થઈ ગયો હતો. હું જાવ એટલે દાદા કાંઇને કાંઈ વાતો કરે. તેણે જ મને પરિચય આપ્યો હતો કે આ અમારો ભાણો છે. દાદા તેની બોલીમાં મને કહે,

" આ ભાનો નાનકડો હટો ટે દિવસથી અમારી ભેગો રેટો. હું ટેને ભણવાનું કેટો પણ ટેનું ધ્યાન નહિ લાગતું."

હું ભાણા ને ભણવાની ભલામણ કરતો. ભણવાથી જીવન સુધરે તેવું સમજાવતો. ભાણો હસીને મારી સામું જોઈ રહેતો.

" લે સાબને એક મીઠું તડબૂચ કાઢી આલ...".

પછી ભાણો તરબૂચ કાઢે, તે તરબૂચ દાદા પોતાનાં હાથમાં લઈ તપાસતાં ને તેને પાછું ઢગલામાં મૂકતાં. બીજા બે ચાર ટરબૂચને થપથપાવીને તેમાંથી એક આપી ને કહેતાં,

" આ એકદમ જ સરસ છે. તમને મોલું ના અલાય ને... ટમે ટો અમારા જાનીતા સો."

એમ કહી દાદા મારી સામે જોઈ હસી પડતા. ભાણો વજન કરે, થોડું નમતું હોય તો પણ દાદા કહે,

" ભઈ, આલી દે ને ટુ ટો ઘી ની માફક જોખ્ટો છે. સાહેબ આપનું કાયમી ગ્રાહક છે."



વળી મારી સામે જોઈ દાદા હસી પડતાં. ધોળા વાળ ને કરચલી વાળું મોઢું. દાદા હસે ત્યારે પાતળું મોં ભર્યું ભર્યું લાગતું. દાદા ખૂબ વાતુડા હતાં. હું જ્યારે જાવ ત્યારે તેની પહેલી ફરિયાદ હોય,

" ટમે ટો હમના ડેખાતા જ નહીં ને!!".

પછી દાદાની વાતો નો દોર ચાલુ થાય.

"આ વખટે ટો મહારાષ્ટ્રમાંથી ટરબૂચ લાવેલા. ભઈ ગાડી ભાડું ખૂબ મોંઘું પડેલું. પન ટરબૂચ બહું મિથા હો સાહેબ.."

હું કહું, " દાદા તડકો નથી લાગતો આ માંડવામાં?"

" અરે સાહેબ અમે ટો ટેવાય ગયેલાં. ટ્યા અમારા વટનમાં પન અમારે ક્યાં બંગલા હટા. ટયાં પણ અમે ઝૂંપડામાં જ રેહવી સી. ટડકો ટમને લાગે સાહેબ. અમારાથી ટો આઘો ભાગે."

એમ કહી પેલું કરચલિવાળું હાસ્ય કરતાં. વાતો વાતોમાં પોતાનાં ગામની, પરિવારની, સગા વ્હાલા, બધી જ વાતો કરે.

મેં એક દિવસ તેમનાં છોકરાઓ વિશે પૂછ્યું.કે તમારે આ ઉંમરે કેમ ધંધો કરવા આવવું પડે? છોકરાઓ તમને ન રાખે?

તો દાદાનાં મોઢાં પર ઉદાસી આવી ગઈ, " છોકડા બચાડા મજૂડી કરી ટેનાં પરિવારનું માંડ ભરણપોસણ કરી સકે. ટેનો એક નાનકો ડીકરો બીમાર રેટો છે. તેં બિચાડો ડવાખાનામાં બહું ખર્ચાય ગયેલો છે. આપડે ટેના પર ભાર સુકામ કરવો. જ્યાં સુઢી હાથ, પગ હાલટા છે ટયા સૂઢી કામ કરીએ.પછી ટો બચાડા રાખવાનાં જ છે." છોકરાની ચિંતામાં દાદાની આંખોમાં ઝળઝળિયા આવી ગયાં. ઘડીક નીચે જોઈ ગયાં. પછી મારી સામે જોઈ સ્મિત કર્યું. આવી બધી વાતો ચાલ્યાં કરે. હું રસ્તે નીકળું ત્યારે ડોશી મા તરબૂચનાં ઢગલાની પાછળની જગ્યાએ ત્રણ ઈંટોનો ચૂલો બનાવી રસોઈ બનાવતાં હોય. દાદા તરબૂચ પર લાગેલી ધૂળ ઝાપટીયાથી ઉડાડતાં હોય. ને ભાણો બેઠો બેઠો આવતાં જતાં વાહનો જોયાં કરતો હોય. ભાણો

(અનુસંધાન પેજ નં.6 પર)

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act'.

# પોલીસ જવાનો, તમે ગુજરાતનું ધ્યાન રાખો, તમારા પરિવારનું ધ્યાન સરકાર રાખશે : અમિત શાહ



ગુજરાત | વંદન

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તે રાજકોટમાં નવનિર્મિત ક્રાઈમ બ્રાંચ કચેરી અને સાયબર ક્રાઈમ પોલીસ મથક અને પોલીસ પરિવારોના રહેણાંક આવાસોનું લોકાર્પણ કરાયું હતું. આ અંગે તેઓ ખેડાના કાર્યક્રમમાં હાજર રહ્યા હતા અને ત્યાંથી રાજકોટ ખાતે વર્ચ્યુઅલી જોડાયા હતા. તેમણે રાજ્યની સમગ્ર પોલીસ ફોર્સને સંબોધી કહ્યું કે, પોલીસ જવાનો, તમે ગુજરાતનું ધ્યાન રાખો, તમારા પરિવારનું ધ્યાન સરકાર રાખશે.

કેન્દ્રીય ગૃહમંત્રી દ્વારા ખેડા ખાતેથી રૂ.૩૪૮ કરોડના ખર્ચે સમગ્ર ગુજરાતના ૨૫ જિલ્લાઓમાં પોલીસ માટે નવનિર્મિત બિન રહેણાંક અને રહેણાંક આવાસો સહિતના વિવિધ પ્રકલ્પોનો લોકાર્પણ કાર્યક્રમ યોજાયો હતો. જે અન્વયે પોલીસ હેડક્વાર્ટર, રાજકોટ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાજકોટ પોલીસ માટે નવનિર્મિત બિન રહેણાંક અને રહેણાંક આવાસોનું વર્ચ્યુઅલી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ, ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી, મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી સહિતના મંત્રીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

**રાજકોટમાં નવનિર્મિત ક્રાઈમ બ્રાંચ કચેરી અને સાયબર ક્રાઈમ પોલીસ મથક અને પોલીસ પરિવારોના રહેણાંક આવાસોનું લોકાર્પણ**

રાજકોટમાં ગૃહમંત્રી અમિત શાહના વર્ચ્યુઅલી કાર્યક્રમમાં રૂપિયા ૩ કરોડના ખર્ચે બનેલું ડી.સી.પી.પોલીસ સ્ટેશન, રૂ. ૪ કરોડના ખર્ચે બનેલું સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન, પોલીસ સબ ઈન્સપેક્ટર માટે બનેલા ૮૦ ક્વાર્ટર્સ, એએસઆઈ, પોલીસ હેડ કોન્સ્ટેબલ, પોલીસ કોન્સ્ટેબલ માટે બનેલા 2 બીએચકેના ૮૦ ક્વાર્ટર્સનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

## મા, લંચનો ટાઈમ થઈ ગયો છે, હજી કેટલી વાર?!



મા..મા..હજી ખાવાને કેટલી વાર છે? બહુ ભૂખ લાગી છે. બુલબુલ પરિવારે બોગન વેલની ડાળે પ્યાલા જેવો માળો બનાવ્યો તેમાં બે બચ્ચાં ઉછેર્યાં. પક્ષીઓ રાત્રે પોતાનાં માળામાં રહેતાં નથી. સવારે જાગી પોતાનાં બચ્ચાંની સંભાળ લેવા આવી જાય. આખી રાતના ભૂખ્યાં બચ્ચાં તેની મા ક્યારે ખોરાક લઈ આવે તેની રાહે બેઠાં છે. બુલબુલમા ચાંચમાં ખોરાક લઈ આવી પહોંચી છે. જે ફોટોગ્રાફની ક્લિકમાં આબાદ ઝડપાઈ ગયાં હતાં. -અશોકસિંહ એ. ટાંક

## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
આ અઠવાડિયે સામાજિક અને પારિવારિક કાર્યો પૂરા થાય, સવારના સમયમાં વેપાર વધારવા, સાનુકૂળતા રહે તેમ જણાય છે . શનિવારે આ અંગે પ્રયાસ કરવો. મંગળવારે આર્થિક વિકાસ હાંસલ કરી શકાય. ગુરુવારે વડિલો અને સિનિયર સિટીઝન ની તબિયત જાળવવી.

**વૃષભ** (બ.વ.ઉ)
આ અઠવાડિયે, તમારી જૂની આર્થિક પરિસ્થિતિમાં બદલાવ અનુભવાય, અને મન આનંદમાં રહે. ધંધામાં યોજનાઓને અમલમાં મૂકાશે, લોકો સાથે મતભેદ ટાળવા, કાર્યક્ષેત્રમાં બદલાવ થાય, પોતાના વ્યવહારથી બીજા નિરાશ ન થાય તેનું ધ્યાન રાખવું.

**મિથુન** (ક.છ.ઘ)
આ સપ્તાહે... આવક અને શાંતિ વધારવા, અથવા ધંધાકીય કે અન્ય ગુંચવણ અંગે ઉકેલ લાવવા માટે વડીલની મદદ ઉપયોગી નીવડે, આર્થિક પરિસ્થિતિ સુધરે, અંગત પ્રશ્નોને કારણે મૂંઝવણ વધે, સાથે સાથે... નવી તકોનું નિર્માણ પણ જણાય છે. જૂના સંબંધ ફરી તાજા થાય.

**કર્ક** (ડ.હ)
આ અઠવાડિયે, નવી સમસ્યા ઉદ્ભવે, પરંતુ શાંતિથી કામ કરતા હળવી થાય. આ માટે, મહત્ત્વના નિર્ણય પહેલાં વડિલોની કે મિત્રોની સલાહ લેવી, જૂના મિત્રોને મળવાનું સંભવ બને, રોકાણ સાચવીને કરવું, કાર્યક્ષેત્રમાં અધિકારીઓ આપના ઉપર મહેરબાન રહેશે, ગેરસમજ મનદુ:ખ ટાળવા.

**સિંહ** (મ.ટ)
આ સપ્તાહે, જીત મેળવવા વધુ મહેનત કરવી પડશે , પોતાના હરીફ અને વિરોધી લોકોથી, તમારી નવી યોજનાઓને ગુપ્ત રાખવી, દામ્પત્ય જીવનમાં મતભેદ જણાય તો સાવધાની રાખવી , ખર્ચ અને રોકાણ પહેલા આયોજન કરવું જરૂરી છે નહીં તો વધુ ખર્ચ થવાનો ભય રહે.

**કન્યા** (પ.ઠ.ણ)
આ અઠવાડિયે, તમારા કાર્યક્ષેત્રમાં સાથ સહકાર મળે, નાણાકીય વ્યવહાર સાચવીને કરવો, કૌટુંબિક મતભેદ દૂર થાય, આર્થિક માર્ગોમાં કઠિન સમય હળવો બને, જૂના વિવાદ સમાપ્ત થાય, કાર્યક્ષેત્રમાં પદોન્નતિ મળવાની શક્યતા છે. મિત્રો પાસે મનની વાત મૂકવામાં વિલંબ ન કરવો.

**તુલા** (ર.ત)
આ સપ્તાહે, ઈશ્વરની અણધારી સહાય, આપની નાવને કિનારે લગાવવા મદદરૂપ થશે, વાણી વર્તનમાં મર્યાદા જાળવવી, બીજા પ્રત્યે આદરભાવ રાખવો, આપનું મૌન અડચણની દવા બને, માટે વધુ બોલવું નહીં. વિદેશમાંથી સારા સમાચારની પ્રાપ્તિ સંભવ છે.

**વૃશ્ચિક** (ન.ય)
આ સપ્તાહે તમને મહેનતનું મધુર ફળ મળે, અગત્યના પ્રશ્નોનું નિરાકરણ આપે, રોજિંદા કામોથી લાભ જણાય, અંગત જીવનમાં સામાન્ય મતભેદ સર્જાતા જણાય, રોજિંદી કાર્યશૈલીમાં બદલાવ લાવવાનું મન થાય, આર્થિક ગૂંચવણનું નિરાકરણ જણાય, ઋતુગત બીમારીથી સાચવવું.

**ધન** (ભ.ધ.ફ)
આ અઠવાડિયે, જીવનમાં પ્રગતિ માટે, સામુહિક કાર્યની બધી જવાબદારી પોતાના ઉપર લેવી હિતાવહ નથી, ખોટી અને વધુપડતી જવાબદારી, આર્થિક અને માનસિક ટેન્શન ઊભું કરે છે. જમીન મકાન કે સ્થાવર સંપત્તિની લે વેચમાં ધ્યાન રાખવું. મોસાળ પક્ષથી લાભ સંભવ છે.

**મકર** (ખ.જ)
આ અઠવાડિયે તમોને શાંતિ અને આનંદ માણી શકાય તે માટે, કુટુંબ, મિત્રો અને ધંધાકીય મનભેદ-મતભેદ ટાળવા, સુસુપ્ત સમસ્યાઓ પુન: માથું ઊંચકાતી જણાય, તેથી આર્થિક વિવાદ ટાળવો, ખોટા અવિચારી ખર્ચ ટાળવા હિતાવહ છે. નવી યોજનાનું આયોજન સંભવ છે

**કુંભ** (ગ.સ.શ.ષ)
કૌટુંબિક જીવનમાં સારા પ્રસંગો આવી રહ્યા છે. તમારી અને ઘરના સભ્યોની સુખ શાંતિ માટે, આ સપ્તાહે ઉતાવળિયું પગલું ન ભરવું, આપના કાર્ય અને વિચારથી બીજાને પ્રોત્સાહિત કરો તેવું બને, જે તમને લાંબા ગાળે મદદરૂપ થાય . દામ્પત્ય જીવનમાં મધુરતા જળવાશે.

**મીન** (દ.ચ.ઝ)
આ અઠવાડિયા દરમિયાન, નવી આવી રહેલી પરિસ્થિતિ માં, આર્થિક મુશ્કેલીનો માર્ગ નિકળતો જણાય, વિરોધી લોકો સામે જીત મેળવી શકાય અને તમારી પ્રગતિ થાય, સામાજિક તથા વ્યવસાયિક કામગીરીમાં સાનુકૂળતા જણાય, કાર્યક્ષેત્રમાં લાભદાયક પગલા લેવાય, ઉતાવળિયો નિર્ણય ન લેવો, વૈવાહિક જીવનના પ્રશ્નોનું નિરાકરણ આવે, સપ્તાહભર શારીરિક ઊર્જા સારી જણાય.

# ગીર લાયન પ્રોજેક્ટનું બજેટ બે વર્ષમાં રૂ. 2000 કરોડમાંથી 50 ટકા ઘટી ગયું

ગુજરાત | વંદન



એશિયામાં એક માત્ર ગીરમાં જ્યાં સિંહોનો વસવાટ છે તેવા એશિયાટિક લાયનને બચાવવા અને તેના સંવર્ધન માટે ભારત સરકારે ગીર લાયન પ્રોજેક્ટ લોન્ચ કર્યો છે. ગીરમાં તાજેતરમાં કેન્દ્રીય વન મંત્રીની મુલાકાત બાદ ફરી એક વાર આ પ્રોજેક્ટ ચર્ચામાં આવ્યો છે અને સિંહોને બચાવવા બરડા ડુંગરમાં વસાવવા સહિતની વિચારણા ઉચ્ચ સ્તરે કરવામાં આવી રહી છે પરંતુ વાસ્તવિકતા એ છે કે બે વર્ષ પહેલા જ્યારે આ પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો હતો ત્યારે રૂ. ૨૦૦૦ કરોડનો હતો પરંતુ બે વર્ષમાં તેનું બજેટ ૫૦ ટકા જેટલુ ઘટીને રૂ.૧૦૫૦ કરોડનું થઈ ગયુ હોવાનું બહાર આવ્યુ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ટાઈગર પ્રોજેક્ટ ની સાથે તા. ૧૫ ઓગસ્ટ ૨૦૨૦ નાં રોજ લાલ કિલ્લા પરથી ગીર લાયન પ્રોજેક્ટ લોન્ચ કર્યો હતો. બાદમાં વન અને પર્યાવરણ મંત્રાલયે આ પ્રોજેક્ટનું કદ ઘટાડી નાખ્યુ હોવા છતાં રાજ્ય સરકારનાં વન વિભાગે તેની સામે કોઈ વિરોધ પણ કર્યો ન હોવાનું વાઈલ્ડ લાઈફ સાથે જોડાયેલા નિષ્ણાંતોએ જણાંવ્યુ હતુ. ભારત સરકારનાં વન મંત્રાલયે બજેટનાં કદમાં મોટો ઘટાડો કર્યો એટલું જ નહિ પ્રોજેક્ટ અંતર્ગત જેમ કામ આગળ થતુ જશે તેમ દર વર્ષે ગ્રાન્ટ રિલીઝ કરાશે તેવી કેટલીક શરતો મુકતા રાજયનાં અધિકારીઓએ પણ રસ લેવાનું ટાળ્યુ છે. બે વર્ષ બાદ પણ ગીર લાયન પ્રોજેક્ટ હજુ સરકારી ફાઈલોમાંથી બહાર નીકળી શકયો નથી.

દરમિયાન ગીર અને આસપાસનાં એરીયામાં સિંહોની સંખ્યા સતત વધી રહી છે. છેલ્લે ૨૦૨૦માં ગણતરી કરવામાં આવી ત્યારે ૬૭૪ સિંહોની વસતી જાહેર કરવામાં આવી હતી.

# કામદારનું માથું માલવાહક લિફ્ટમાં આવી જતાં ધડથી અલગ થઈ ગયું

ગુજરાત | વંદન

વલસાડ જિલ્લાને અડીને આવેલા દાદરા અને નગર-હવેલીમાં આવેલી સન પ્લાન્ટ કંપનીમાં સામાન લઈ જવાની લિફ્ટમાં કામદારનું માથું બહાર રહી જતા કામદારનું કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ દાદરા અને નગર-હવેલીના પોલીસને થતાં પોલીસના ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. વલસાડને અડીના આવેલા સંઘ પ્રદેશ દાદરા અને નગર-હવેલીના સન પ્લાન્ટ કંપનીમાં સામાન લઈ જવા માટે બનાવેલી લિફ્ટમાં સાગર શર્મા નામના 27 વર્ષીય યુવકની ગરદન લિફ્ટની બહાર રહી જતાં કમકમાટી ભરી દુઘટનામાં કામદારનું મોત નીપજ્યું હતું. ગરદન ફસાઈ ગઈ હતી, એ દરમિયાન લિફ્ટ ચાલુ થઈ જતાં સાગરની ગરદન અને ધડ અલગ થઈ ગયાં હતાં. ઘટના અંગે નજીકના પોલીસ મથકે જાણ કરી હતી.

# કથિત કૌભાંડ પાછળ પૂર્વ મુખ્યમંત્રી રૂપાણીની શંકાસ્પદ ભૂમિકા હોવાનો નિવૃત્ત અધિક કલેક્ટરનો દાવો

ગુજરાત | વંદન

હિરાસર એરપોર્ટ નજીક બામણબોરની કરોડો રૂપિયાની જમીન પધરાવી દેવાના પ્રકરણના આરોપી અને નિવૃત્ત અધિક કલેક્ટર પંડ્યા અને તેમનો પરિવાર



અચાનક જ મીડિયા સમક્ષ આવ્યા હતા અને સુરેન્દ્રનગરના પૂર્વ કલેક્ટર કે. રાજેશના કહેવાથી ફાઈલ ક્લિયર કરી હોવાનું જ્યારે બાકી બીજું કંઈ યાદ નથી તેવો બચાવ કરતા અનેક ચર્ચાઓ શરૂ થઈ છે.

રાજકોટ રહેતા ચંદ્રકાંત પંડ્યા તેમની પુત્રી રાધિકાબેન અને જમાઈ વિવેક રાજપૂતે અચાનક નિવેદન આપ્યું હતું કે, જમીન કૌભાંડ કરવા તત્કાલિન અધિકારી કે. રાજેશે દબાણ કર્યું હતું અને તેમણે ફસાવ્યા હતા. માનસિક સંતુલન ન હોવાનું પરિવાર જ કહે છે આમ છતાં સી. કે. પંડ્યાની સાથે રહીને નિવેદન આપ્યું હતું કે જેમાં સી. કે. પંડ્યા કહે છે કે, 'બધું રાજેશ જ કરાવ્યું હતું,' 'તે રજા પર ગયો મને ચાર્જ આપ્યો અને ફાઈલ ક્લિયર કરવા કહેતો હતો.'

આ તમામ નિવેદનની સાથે સાથે પંડ્યા એમ પણ કહેતા હતા કે, 'હવે મને કશું યાદ નથી' કઈ ફાઈલ ક્લિયર કરવા કહેવાયું, ક્યારે કહેવાયું એવા પ્રશ્નોમાં તેઓ યાદ નથી તેમ કહી દેતા હતા.

# હંગેરી ઈન્ટરનેશનલ ફેસ્ટિવલ

## ભારતની 27 વર્ષ પછી એન્ટ્રી, બનાસકાંઠાની નર્તકી દેશનું પ્રતિનિધિત્વ કરશે

ગુજરાત | વંદન

યુરોપના હંગેરી દેશમાં યોજાનાર બુડાપેસ્ટ ડેનયુબ ઈન્ટરનેશનલ ફોકલેર ફેસ્ટિવલમાં ભારતને 27 વર્ષ પછી પ્રથમ વખત સ્થાન મળ્યું છે. જેમાં બનાસકાંઠાના વડગામ તાલુકાના કોદરામની દીકરી સુરતની ઉત્કર્ષ ડાન્સ એકેડેમીની 30 નર્તકીઓ સાથે ભારત દેશનું પ્રતિનિધિત્વ કરશે અને ભરતનાટ્યમ રજૂ કરી ફેસ્ટિવલમાં ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરશે.

યુરોપના હંગેરી દેશમાં છેલ્લા 27 વર્ષથી બુડાપેસ્ટ ડેનયુબ ઈન્ટરનેશનલ ફોકલેર ફેસ્ટિવલ યોજાય છે. જેમાં ભારતને 27 વર્ષ પછી પ્રથમ વખત સ્થાન મળ્યું છે. સમગ્ર દેશમાંથી સુરતની ઉત્કર્ષ ડાન્સ એકેડમી આ ફેસ્ટિવલમાં ભાગ લેવા માટે સિલેક્ટ થઈ છે. જેમાં 30 નર્તકીઓમાં બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના કોદરામની દીકરી વિભૂતિ પ્રજાપતિ પણ છે. જે ટીમ સાથે ભારત દેશનું પ્રતિનિધિત્વ કરશે અને ભરતનાટ્યમ રજૂ કરી ફેસ્ટિવલમાં ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરશે.

વિભૂતિના પિતા મનોજભાઈ લવજીભાઈ પ્રજાપતિ સુરતમાં બિલ્ડરના વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેણી પહેલા ધોરણથી જ ભરતનાટ્યમ શીખતી હતી. અને 2021માં જુલાઈ માસમાં ભરતનાટ્યમની આરંગનેત્રમની ડિગ્રી પ્રાપ્ત કરી હતી. બુડાપેસ્ટ ડેનયુબ ઈન્ટરનેશનલ ફોકલેર ફેસ્ટિવલ યુનેસ્કોના નિરીક્ષણ હેઠળ 3 જૂને યોજાશે. જેમાં બલ્ગેરિયા, ઈટલી, ગ્રીસ, મેકેડોનીયા સહિત યુરોપના દેશો ભાગ લેશે. ભારતનું ભરતનાટ્યમ સહિત અન્ય દેશના કલપેલીયા, ડાંગી, લેઝીમ, તેરાતાલી સહિતના નૃત્યો લાઈવ મ્યુઝિક પર પ્રસ્તુત કરાશે.

## વિશ્વનો સૌથી મોટો કૃત્રિમ હીરો તૈયાર થયો ડાયમંડ સિટીમાં..

# સુરતની સિધ્ધિ : લેબમાં તૈયાર કરવામાં આવ્યો 27.27 કેરેટનો હીરો

ગુજરાત | વંદન

ડાયમંડ સિટી સુરતના હીરાની ચમક વિશ્વભરમાં ફેલાઈ છે. શહેરના હીરા ઉત્પાદકે દુનિયાનો સૌથી મોટો લેબગ્રોન પોલિશ્ડ ડાયમંડ બનાવ્યો છે. 27.27 કેરેટના સૌથી મોટા મારક્વિઝ સ્ટેપ કટ હીરાનું નામ ઓમ છે. ગ્લોબલ ડાયમંડ સર્ટિફિકેશન ઓર્ગેનાઈઝેશન ઈન્ટરનેશનલ જેમોલોજીકલ ઈન્સ્ટીટ્યૂટ દ્વારા ઓમને પ્રમાણિત કરવામાં આવ્યો છે. સુરતના ગ્રીનલેબ ડાયમંડ્સના ભાગીદાર સ્મિત પટેલે કહ્યું, "અમે દુનિયાનો સૌથી મોટો લેબગ્રોન પોલિશ્ડ ડાયમંડ તૈયાર કર્યો છે. અગાઉ ચીને 16 કેરેટનો હીરો ઉત્પાદિત કર્યો હતો અને અમે તેમનો રેકોર્ડ તોડ્યો છે."

ગ્રીનલેબ ડાયમંડ્સના 27.27 કેરેટના હીરા ઉપરાંત 20.24 કેરેટ અને 15.16 કેરેટના અન્ય બે હીરાને પણ ઈન્ટરનેશનલ જેમોલોજીકલ ઈન્સ્ટીટ્યૂટ દ્વારા પ્રમાણિત કરવામાં આવ્યા છે. નમઃ નામનો હીરો પિઅર રોઝ કટ છે જ્યારે શિવાય નામનો




હીરો એમરલ્ડ કટ છે. આ ત્રણ લેબગ્રોન ડાયમંડ તૈયાર કરીને ગ્રીનલેબ ડાયમંડ્સે ચીનને પાછળ છોડીને વિશ્વમાં ભારતનો ડંકો વગાડ્યો છે. લેબગ્રોન પોલિશ્ડ ડાયમંડ સૌરઊર્જાથી તૈયાર કર્યો હોવાથી તે ગ્રીન ડાયમંડ હોવાનો દાવો ઉત્પાદકે કર્યો છે. મતલબ કે, કંપનીની પ્રયોગશાળામાં સૌરઊર્જાથી વીજળી ઉત્પાદિત થાય છે.

સ્મિત પટેલે અમારા સહયોગી અખબાર ટાઈમ્સ ઓફ ઈન્ડિયાને જણાવ્યું, "અમે લેબગ્રોન પોલિશ્ડ ડાયમંડ સૌરઊર્જાથી તૈયાર કર્યા છે. જંબુસરમાં 90 એકર જમીનમાં વીજળી ઉત્પાદિત કરવાનો અમારો પોતાનો 25 મેગાવોટનો પ્લાન્ટ છે." અહીં ઉલ્લેખનીય છે કે, ઈન્ટરનેશનલ જેમોલોજીકલ ઈન્સ્ટીટ્યૂટના જણાવ્યા અનુસાર આ હીરો રાસાયણિક વરાળ ડિપોઝિશન (CVD)નો ઉપયોગ કરીને લેબમાં તૈયાર કરવામાં આવ્યો છે.

"હીરાના યૂનિક ફીચર્સ અને સાઈઝના કારણે તેની ચોક્કસ કિંમત નક્કી નથી કરી શકાઈ. જમીનમાંથી ખોદીને કાઢવામાં આવતાં હીરાની સરખામણીમાં લેબગ્રોન પોલિશ્ડ ડાયમંડ 10 ટકા સસ્તી કિંમતે ખરીદી શકાય છે માટે જ અમે તેને પોસાય તેવી મોજશોખની વસ્તુ કહીએ છીએ", તેમ સ્મિત પટેલે ઉમેર્યું.

## શબ્દોની સંતાકૂકડી 12 — ગુજરાત વંદન સાપ્તાહિક

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | ■ | 3 | 4 | 5 | |
| 6 | | 7 | ■ | 8 | | |
| | ■ | 9 | 10 | | ■ | 11 |
| ■ | 12 | ■ | | ■ | 13 | |
| 14 | | 15 | ■ | 16 | | |
| | ■ | 17 | | | | ■ |
| 18 | | | ■ | | ■ | 19 |

**ઊભી ચાવી**
(1) એક છંદ [3]
(2) નસ [2]
(4) પૂજ્ય, મુરબ્બી, મોટી ઉંમરના [3]
(5) ચિહ્ન, નિશાન [2]
(7) ગુસ્સો [2]
(10) એક તેલી બી [2]
(11) ડુંગર [3]
(12) અફસોસ [2]
(13) આકાશ [3]
(14) ગાન, ગીત [3]
(15) અહીં કસર શબ્દ ઊંધો થયો છે [3]
(16) કથન, કેફિયત [3]

**આડી ચાવી**
(1) એક સંખ્યા [2]
(3) ઉંમર [4]
(6) પાણી અને જમીન બન્ને ઉપર રહી શકે તેવું એક પ્રાણી [3]
(8) શરીર [2]
(9) શરીર [3]
(13) માન, અભિમાન [2]
(14) સસલાને પ્રિય એક વનસ્પતિ [3]
(16) માહિતી [3]
(17) સુલેહ [4]
(18) મીઠું [3]
(19) જવુંનું અંગ્રેજી [1]

**શબ્દોની સંતાકૂકડી-11નો ઉકેલ**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 અં | 2 જ | ની | ■ | 3 તા | 4 કા | 5 ત |
| 6 જી | વ | ■ | 7 સુ | લ | તા | ન |
| ર | ■ | 8 પ | ગ | ■ | ત | ■ |
| ■ | 9 મ | લ | મ | 10 લ | ■ | 11 ટ |
| 12 ઘા | ત | ક | ■ | 13 ચા | ત | ક |
| ■ | લ | ■ | 14 બ | ટ | ■ | ટ |
| 15 મ | બ | લ | ગ | ■ | 16 ચો | ક |

**શબ્દોની સંતાકૂકડી-12 નો ઉકેલ આવતા અંકે**

## કોયડો નં. 14 સુડોકુ — ગુજરાત વંદન સાપ્તાહિક

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 2 | 8 | | 9 | | 7 |
| 1 | | | | | 3 | | 6 | 8 |
| | 7 | | | 6 | | | | |
| 3 | | 8 | | | | | 9 | |
| | 9 | | | | 6 | | 8 | |
| | | | | | | 3 | 1 | 6 |
| 6 | | | | 1 | | | | |
| 4 | | | 6 | | 5 | | | |
| | 8 | 5 | 4 | 3 | | 6 | | |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

**સુડોકુ-14નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 3 | 6 | 2 | 8 | 1 | 9 | 4 | 7 |
| 1 | 4 | 2 | 7 | 9 | 3 | 5 | 6 | 8 |
| 8 | 7 | 9 | 5 | 6 | 4 | 1 | 3 | 2 |
| 3 | 6 | 8 | 1 | 4 | 7 | 2 | 9 | 5 |
| 2 | 9 | 1 | 3 | 5 | 6 | 7 | 8 | 4 |
| 7 | 5 | 4 | 8 | 2 | 9 | 3 | 1 | 6 |
| 6 | 2 | 7 | 9 | 1 | 8 | 4 | 5 | 3 |
| 4 | 1 | 3 | 6 | 7 | 5 | 8 | 2 | 9 |
| 9 | 8 | 5 | 4 | 3 | 2 | 6 | 7 | 1 |



## પૂરગ્રસ્ત વિસ્તારોમાં જઇને બચાવ અને રાહત કાર્યમાં જોતરાઇ

# માનવીય સંવેદના ધરાવનાર મહિલા IASના થઈ રહ્યાં છે ભારોભાર વખાણ

ગુજરાત | વંદન

દિલ્હીના ત્યાગરાજ સ્ટેડિયમમાં કુતરાને ફેરવવું IAS દંપતિને ભારે પડ્યું. ત્યારબાદ સોશિયલ મીડિયામાં તેમના વિશે અનેક વાતો અને ફોટો વાયરલ થઈ રહ્યા છે. કુતરાને ફેરવવાનો મુદ્દો મીડિયામાં ખૂબ ઉછળ્યો હતો, એટલા માટે આ અધિકારીઓએ પર ગૃહ મંત્રાલય તરફથી ગાજ ગરજી છે. પોતાની પોઝિશનનો ખોટો ફાયદો ઉઠાવીને સ્ટેડિયમમાં કૂતરાને વોક કરાવનાર સીનિયર IAS સંજીવ ખિરવાર અને તેમની IAS પત્ની રિંકુ દુગ્ગાની દેશભરમાં ટીકા થઈ રહી છે. જ્યારે, આ સમયે જ આસામના એક યુવા IAS ઓફિસર કીર્તિ જલ્લી પોતાના સારા કાર્યોને કારણે અહેવાલોમાં છે.

કીર્તિ જલ્લી આસામના કછાર જિલ્લાના જિલ્લા ડેપ્યુટી કમિશનર એટલે કે ડીસી છે. કછાર જિલ્લામાં હાલના દિવસોમાં ગંભીર પૂરની ઝપેટમાં છે. ત્યાં પાણીમાં ડૂબી જવાથી લોકોનો પાક બરબાદ થયો છે અને પાણીમાં ઘરો તૂટ્યા છે.

આવી સ્થિતિમાં પૂરના પ્રકોપમાં લોકોને રાહત આપવા માટે ડીસી કીર્તિ જલ્લી પોતે આગળ આવીને મોર્ચો સંભાળ્યો છે. તે માત્ર પૂરગ્રસ્ત વિસ્તારોની જાતે જ મુલાકાત નથી લઈ રહ્યા પરંતુ પીડિતોને રાશન, દવા, શુધ્ધ પાણી અને ધાબળા અને કપડાં પણ આપી રહ્યા છે.

ડીસી કીર્તિ જલ્લી (આઈએએસ કીર્તિ જલ્લી) 25 મેના રોજ પૂર પ્રભાવિત ચેસરી ગામમાં નિરીક્ષણ કરવા પહોંચ્યા હતા. નદીની વચ્ચે આવેલા ટાપુ પર આવેલા આ ગામમાં પહોંચવા માટે તેણે હોડીનો સહારો લીધો. તે પછી જ તે લોકો સુધી પહોંચી શકી.

ગામમાં પહોંચ્યા પછી અંદર જવાનો રસ્તો નહોતો. આવી સ્થિતિમાં તે પોતે જ પોતાના ચપ્પલ ઉતારીને કાદવથી ભરેલા રસ્તાઓમાંથી અંદર પહોંચ્યા અને ગામની હાલત વિશે જાણ કરી. તેમણે અધિકારીઓને જમીન ધોવાણ રોકવા અને ગ્રામવાસીઓને રાહત સામગ્રી પહોંચાડવાનો આદેશ આપ્યો.



ગામમાં પહોંચ્યા ત્યારે કેટલાક અધિકારીઓ પગ ધોવા માટે ચોખ્ખું પાણી લઈને આવ્યા ત્યારે તેઓએ ના પાડી અને કહ્યું કે, આ પાણી ગ્રામજનોને આપો, તેઓ પૂરના પાણીથી જ પગ ધોશે.

જણાવી દઈએ કે આ વર્ષે કછાર જિલ્લાના 291 ગામો ભયંકર પૂરથી પ્રભાવિત થયા છે. જેના કારણે 1,63,000 લોકો પ્રભાવિત થયા છે. આ દુર્ઘટનાને કારણે 11,200 ઘરોને નુકસાન થયું છે અને તેઓએ અન્ય સ્થળોએ આશરો લેવો પડ્યો છે. જ્યારે, કછારમાં 5,915 હેક્ટર પાક ડૂબી ગયો છે. હવે પ્રશાસન લોકોને રાહત આપવા માટે અભિયાનને તેજ કરવામાં વ્યસ્ત છે.

---

અનુસંધાન પેજ 12 પરથી...

### કોંગ્રેસ સત્તાને લઇ...

રેશમા પટેલની સાથે આવેલ એક પુરૂષ દ્વારા પણ યુવતીના માથાના વાળ ખેંચવામાં આવ્યા હોવાનું વીડિયોમાં જણાય છે. છેલ્લા કેટલાક સમયથી ભરતસિંહ સોલંકી અને પત્ની રેશમા પટેલ વચ્ચે ખટરાગ ચાલી રહ્યો છે. પારિવારીક ઝઘડો ભરતસિંહના કોઇ નિજી સ્ત્રી સાથેના સંબંધોને લઇને ચાલી રહ્યો છે. ભરતસિંહ કોઇ યુવતી સાથે રહે છે. તેવી ઉડતી વાતોને લઇને કહેવાય છે કે, રેશમા પટેલે તેના પર વોચ રાખી હતી. અને ભરતસિંહ એ યુવતીને સાથે હોય એવી ચોક્કસ માહિતીના આધારે રેશમા પટેલ પોતાની સાથે કેટલાક સંબંધીઓને લઇને ભરતસિંહ જ્યાં હતા ત્યાં પહોચે છે, આ સમગ્ર ઘટનાની વીડિયોગ્રાફી રેશમા પટેલની સાથે આવેલા લોકો દ્વારા કરવામાં આવી હતી.

વીડિયોમાં દેખાય છે તેમ રેશમા પટેલ દરવાજો ખોલીને પ્રવેશતા એક નાઇટ ડ્રેસમાં એક યુવતી દરવાજાની સામે હાથમાં મોબાઇલ લઇને આવે છે, પરંતુ રેશમાને જોતા જ ડરી જાય છે અને એક તરફ ખસી જતાં તરત જ ગ્રીન ટી-શર્ટ અને પીળા રંગના ચડ્ડા સાથે ભરતસિંહ પત્નીને જોઇને તરત ધસી આવે છે. તે દરમિયાન રેશમા પેલી યુવતી પર હુમલો કરીને મારપીટ શરૂ કરે છે. ભરતસિંહ દોડીને યુવતીને બચાવવા વચ્ચે પડે છે અને રેશમાને શું કરે છે શુ કરે છે એમ કહીને તેણે વારવાનો પ્રયાર કરે છે. પરંતુ રેશમાએ યુવતીના માથાના વાળ પકડીને મારવાનું ચાલુ રાખતા ભરતસિંહ મોટેથી બોલતા સંભળાય છે કે, 'પોલીસ બોલાવો, પોલીસ બોલાવો..'

વાયરલ વીડિયોમાં રેશમા પટેલ યુવતીને ગુસ્સામાં કહે છે કે, તું મને આંટી કહે છે, તો આ (ભરતસિંહ) તારો દાદો થાય અને દાદા સમાન વ્યક્તિ સાથે આવું કરતા શરમ નથી આવતી...જે મારો ના થયો તે તારો ક્યાંથી થશે... આના કારણે મારો બાપ મરી ગયો, અને તું આવા ધંધા કરે છે આમ યુવતીને ખુબ મ્હેણાં ટોણાં મારે છે. એક વીડિયોમાં રેશમા પટેલની સાથે આવેલ એક પુરૂષ પેલી યુવતીના માથાના વાળ ખેંચે છે અને તારો ચહેરો બતાવ એમ કહીને મોબાઇ કેમેરાની સામે યુવતીનો ચહેરો બળજબરીપૂર્વક બતાવવાનો પ્રયાસ કરે છે.

આ ઘટનાને લઇને કોંગ્રેસમાં ભરતસિંહની સામે ભારે નારાજગી જોવા મળી રહી છે, અત્યાર સુધી ભરતસિંહ સામે બીજી કોઇ યુવતી સાથે લફરૂ હોવાના આક્ષેપો થતાં આવ્યા છે. રેશમા પટેલ દ્વારા પણ વારંવાર કહેવામાં આવતું હતું કે, ભરતસિંહ કોઇ બીજી યુવતી સાથે સંબંધો ધરાવે છે, પરંતુ આ ઘટનામાં કોંગ્રેસના કદાવર નેતા પહેલીવાર પત્નીના હાથે રંગેહાથે ઝડપાઇ જતાં ચૂંટણીમાં રાજકિય નુકસાન નિવારવા ભરતસિંહને ચૂંટણી પ્રક્રિયાથી દુર રાખવામાં આવે તેમ છે, કેમકે ભાજપ અને ભરતસિંહના વિરોધીઓ યુવતી સાથેનો વીડિયો વાયરલ કરીને કોંગ્રેસને નુકસાન પહોંચાડવામાંકોઇ કસર નહીં રાખે.

### રેઇનકોટ અને છત્રી...

માહોલમાં આમિરખાને પોતાની આગામી ફિલ્મ લાલસિંહ ચઢ્ઢાનું ટ્રેલર લોંચ કર્યું તેની પણ નોંધ લેવાઇ.

ઘણાંને નવાઇ પણ લાગી હશે કે નર્મદા વિરોધી અને જેને મોદી સરકારે અતુલ્ય ભારતના બ્રાન્ડ એમ્બેસેડરમાંથી 2014 પછી દૂર કર્યા અને આમિરની બીજી પત્ની કિરણરાવનું વિવાદી નિવેદન કે હવે (મોદીશાસનમાં) ભારતમાં રહેવુ ડર લાગે છે.. એ આમિરખાનને આઈપીએલની ફાઇનલમાં તેમની ફિલ્મના પ્રમોશન માટે તક આપવામાં આવે તો તેનો મતલબ...?

શું આમિરખાન પોતાની ફિલ્મ માટે અને બોલીવુડમાં ટકી રહેવા માટે ભાજપમ શરણ ગચ્છામિ... થયો..? સવાલ એટલા માટે કે આખો આઈપીએલ રમતોત્સવ પરોક્ષ રીતે ગૃહમંત્રી અમિતશાહના હાથમાં હોય, ફાઈનલ અમદાવાદમાં રમાવવાનો નિર્ણય પણ સંભવતઃ તેમનો જ હોય અને બીસીસીઆઇમાં પણ એક રીતે જોઇએ તો તેમનો જ દબદબો હોય ત્યારે આઇપીએલમાં આમિરખાનની એન્ટ્રી અને તેમની ફિલ્મને પ્રમોટ કરવાની તક આપવી એ ઘણાંને વિચારતા કર્યા હશે...? કારણ તો થ્રી ઇડિયટ પૈકીનો એક રેન્ચો જાણતો જ હશે. પણ કંઇક ગોઠવણ કરીને આમિરખાન મોદી સ્ટેડિયમ પહોંચ્યો હશે..!

### રણનીતિ : ચૂંટણી પહેલા...

પગલે સરકારને સમગ્ર કાયદો પાછો ખેંચવાની ફરજ પડી હતી. હાઈકોર્ટમાં અપાયેલી ખાતરી અંગે પૂછવામાં આવતા સરકારે મીડિયાને જણાવ્યું હતું કે સ્થાનિક મ્યુનિસિપલ કોર્પોરેશનો પાસે રખડતા ઢોરના ત્રાસને રોકવા માટે પૂરતી સત્તા છે અને તેનો કડક અમલ કરવામાં આવશે.આ ઉપરાંત ગુજરાતભરમાં એક અસાધારણ વિરોધ પ્રદર્શનમાં, પોલીસ સ્ટાફ અને તેમના પરિવારો લાંબા સમયથી પડતર પગાર ગ્રેડનાં અમલની માંગણી સાથે રસ્તા પર ઉતરી આવ્યા હતા.

સેંકડો પોલીસ કોન્સ્ટેબલોના પરિવારોએ દિવસો સુધી દેખાવો અને ભુખ હડતાળ પણ કરી હતી. પોલીસકર્મીઓએ તેમના જ સાથીદારોના પરિવારોને વિખેરવા પડ્યા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. લાંબા સમય સુધી અવગણના કર્યા પછી, રાજ્ય સરકારને આખરે પોલીસ પરિવારોનો ગુસ્સો શાંત કરવા માટે એક સમિતિની રચના કરવાની ફરજ પડી હતી.

જુનિયર સરકારી રેસિડેન્ટ ડોક્ટરો ઘણીવાર હડતાળ પર જતા હોય છે, પરંતુ આ વખતે મેડિકલ કોલેજોના ડીન અને પ્રોફેસર કેડરનાં સિનિયરો પણ સાતમા પગારપંચના અમલની માગણી સાથે હડતાળ પર ઉતર્યા હતા. આ હડતાલને કારણે રાજ્યભરની સરકારી હોસ્પિટલોમાં આરોગ્ય સેવાઓ ખોરવાઈ ગઈ હતી. આખરે સરકારને તેમની માંગણીઓ સ્વીકારવાની ફરજ પડી હતી. સાતમા પગારપંચની ભલામણોનો પાછલી અસરથી તાત્કાલિક અમલ કરવામાં આવ્યો હતો.

તેવી જ રીતે, સરકારને વિદ્યા સહાયકો (હંગામી શિક્ષકો)નાં પગારમાં વધારો કરવાની અને તેમને સરકારના રોલ પર લેવાની માંગણી સ્વીકારવાની ફરજ પડી હતી કારણ કે તેમની જોબ પ્રોફાઇલ નિયમિત સરકારી શિક્ષકોની સમકક્ષ છે.

### 'તારા જેવા કેટલાય...

સારું અને સાચું કામ કરવા તે વ્યક્તિ પ્રતિબદ્ધ બને તો એવા વ્યક્તિને કામ કરવાની તક મળતી હોવાનો ઉલ્લેખ કર્યો હતો. અને કહ્યું હતું કે અમે કોઈ મહાત્મા નથી કે વ્યક્તિને પાપી ગણીએ. ખરેખર તો સારું સાચું કામ કરતાં નાગરિકને અમારી પાર્ટીમાં આવકારીએ છીએ અને એટલે હું કોઈ વ્યક્તિગત વાત નથી કરતો તેમ કહીં પત્રકારોના વધુ પ્રશ્નના ઉત્તર આપવાનું પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ ટાળ્યું હતું.

ઉલ્લેખનીય છે કે, પાટીદાર અનામત આંદોલન સમયે નીતિન પટેલ અને હાર્દિક પટેલ આમને સામને આવી ગયા હતા પરંતુ હવે હાર્દિક પટેલનું ભાજપમાં જોડાવાનું નિશ્ચિત થઈ ગયું છે ત્યારે તેને આવકારવા માટે ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ ખાતે કોણ-કોણ હાજર રહેશે તે મહત્વનું બની રહે છે એટલું જ નહીં આવનાર ચૂંટણીમાં હાર્દિક કેવી જવાબદારી સોંપાશે તે સમયે ખબર પડશે.

---

અનુસંધાન પેજ 4 પરથી...

### મિશન મંગલ...

પર ટૂંક સમયમાં કામ શરૂ થશે. કોવિડ સમયગાળા પછી તેમાં વધુ વેગ આવવાની ધારણા હોવાનું મનાય છે.

નાસાએ તેના આગામી અવકાશ કાર્યક્રમોને ચાર ભાગોમાં વિભાજીત કરીને ઉચ્ચ સ્તરીય ઉદ્દેશ્યો જાહેર કર્યા છે. તેમાં પરિવહન અને રહેઠાણ, કામગીરી અને વિજ્ઞાન ઉપરાંત ચંદ્ર અને મંગળ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો પણ ઉલ્લેખ છે. ઈન્ડસ્ટ્રી અને એકેડેમિયા ઉપરાંત, આ તમામ માટે નાસાએ લોકો પાસેથી પણ તેમના અભિપ્રાય માંગ્યા છે. પરંતુ તેમાં સૌથી વધુ જાણકારી અને સુચનો મંગળ મિશન વિશે છે.

ચંદ્ર પર જઈને આવવામાં કેટલાક દિવસો જ લાગે.જેથી અંતરિક્ષયાત્રીઓને તેમાં કોઈ વધારે મુશ્કેલીઓનો સામનો કરવો ન પડે. જ્યારે મંગળ ગ્રહનું અંતર જાતો ખાસ્સા 7 મહિના એક એવા યાનમાં વિતાવવા પડે કે જે પ્રતિ કલાક 39600 કિ.મી.ની ઝડપે ધસમસતુ જઈ રહ્યું હોય...! તેમાંકોઈ મુશ્કેલી પડે તો ખેલ ખતમ...! તેમને પરત લાવવા માટેની કોઈ વ્યવસ્થા જ નહીં હોય. એકવાર તેઓ યાનમાં બેઠા અને તેમને લઈને રોકેટ ઉડ્યુ તે પછી તેઓ જીવિત પરત આવશે કે કેમ તેની કોઈ ખાતરી નથી...પરિણામે નાસા એવા અંતરિક્ષયાત્રીઓએ તૈયાર કરશે કે જે મરજીવા હોય અને માનવ ઈતિહાસમાં નામ અમર કરાવવા માંગતા હોય. અધૂરામાં પુરૂ મિશન માર્સ કે મિશન મંગળનું રોકેટ ઉડે જ નહીં કે પછી ઉડીને અમુક અંતરે પહોંચીને કોઈ યાંત્રિક ખામી સર્જાઇ તો .... મિશન મંગળમાં કંઈ પણ અમંગળ થઈ શકે તેમ છે...

તેમ છતાં માનવી ક્યાં હારે છે. 100 ટકા જોખમ અને પરત આવવાની કે પરત લાવવાની કોઈ જોગવાઈ નથી એવા મિશન મંગલ માટે અનેક લોકોએ જેમાં ખાસ કરીને જેઓ પાયલટ હોય કે અગાઉ આવા કોઈ મિશનમાં કામ કરી ચૂક્યા હોય તેઓ પરત નહીં આવવાની શરતે મિશન મંગલમાં જોડાવવાની હિંમત કરી શકશે.

2040 ક્યાં દૂર છે... સમય જતાં ક્યાં વાર લાગે છે.. દિવસો જુદાઈના જાય છે એ જશે જરૂર મંગળ સુધી....મિશન મંગલ મંગળ... મંગળ...હો...મંગળની સપાટી પર ઉતરનારા અને જેઓ માનવ ઈતિહાસમાં નીલની જેમ અમર થઈ જવાના છે એ ભાવિ અંતરિક્ષ યાત્રીઓને અત્યારથી જ વંદન અને અભિનંદન.....

### ઉદાસી...

રોજ એક તરબૂચનો અડધો ભાગ કરી, તેમાં સ્માઈલ ફેસ કોતરી રોડથી આવતાં જતાં લોકોને લાલ ચટ્ટક જેવું તરબૂચ દેખાય તેમ મૂકી રાખતો. તરબૂચના બી કોતરેલા ચહેરાની આંખો બની જતાં. હું આવતાં જતાં આ તરબૂચ અને દાદાનો હસતો ચહેરો જોઈ રાજી થતો. મને જતો જોઈ દાદાને ભાણો રોજ ઊંચો હાથ કરે. મારે તરબૂચ લેવું હોય તો અથવા ટાઈમ હોય તો વાતો કરવાં ઉભો રહું નહિતર ખાલી હાથ ઊંચો કરી નીકળી જતો.

હમણાં થોડાં દિવસથી હું જોતો હતો, દાદા પહેલાં જેટલાં ખુશ નહોતાં દેખાતાં તેનાં મોઢાં પર ઉદાસી રહેતી હતી. મેં એકાદી વખત પૂછ્યું પણ ખરું,

" કે કહી ચિંતા જેવું છે દાદા?"

તો મને કહે, " ના સાહેબ કસુ નહિ."

તરબૂચ પણ ખૂટવા આવ્યાં હતાં. હજી તો ઉનાળાની અડધી જ સીઝન પૂરી થઈ હતી. મને એમ હતું કે હવે થોડાં દિવસોમાં તરબૂચની ગાડી મંગાવશે. હું બે ત્રણ દિવસ બહાર ગામ ગયો. આવીને હું એક દિવસ મારી બાઈક લઈ નીકળ્યો તો તરબૂચના ઠેલાવાળી જગ્યા ખાલી ખમ્મ. મેં બાઈક ઊભી રાખી જોયું તો માંડવાનું કાપડ તો છોડી લીધું હતું. પરંતુ ઉતાવળમાં તે લોકો આડી ઊભી બાંધેલી બાવળની સોટી તો એમ જ ઊભી મૂકી નીકળી ગયાં હતાં. રોજ જ્યાં રસોઈ બનતી તે ચૂલામાં કાળા મેશ લાકડાંનાં કોલસા શાંત થઈ પડ્યાં હતાં. બાજુમાં ફૂટી ગયેલી તાવડી પડી હતી. હવે પછીનાં ટંક માટે રસોઈ બનાવવાં બળતણની ભારી તૈયાર પડી હતી. તેલનાં ખાલી થયેલાં કેનમાં માડી પાણી ભરતાં હતાં. તે કેન પણ અડધું ભરેલું આડું પડ્યું હતું.લાકડીને છેડે કપડું બાંધી દાદાએ ધૂળ ઝાપટવાનું બનાવ્યું હતું. જે લઈ દાદા આખો દિવસ તરબૂચ પર ચોટતી ધૂળ ઝાપટે રાખતાં તે પણ એક બાજુ પડ્યું હતું. તરબૂચ સાથે આપતાં તે સંચળનાં મસાલાની પડિકી પણ આમ તેમ રખડતી હતી.

થોડે દૂર ભાણો રોજ અડધું તરબૂચ કાપી તેમાં સ્માઈલ ફેસ બનાવતો તે તરબૂચ ઊંધું પડેલું હતું. મે બાઈક પરથી ઉતરી તરબૂચ સીધું કર્યું. બે ત્રણ દિવસ તડકામાં સુકાઈ ગયું હોવાથી રોજ હસતાં ચહેરા વાળું તરબૂચ આજે ઉદાસ ચહેરાંવાળું લાગતું હતું. મને દાદાનો કરચલીવાળો ઉદાસ ચહેરો તેમાં દેખાવા લાગ્યો. હું ત્યાં ઘડિક ઉભો રહ્યો.આ લોકો કેમ આમ અચાનક જતાં રહ્યા હશે? કાયમ કરચલીવાળા હસતા ચહેરાવાળા દાદા કેમ હમણાંથી ઉદાસ રહેતાં હતાં? મને એક પણ પ્રશ્નનો ઉત્તર ના મળ્યો.

હું નિઃસાસો નાખી મારી બાઈક લઈ નીકળી ગયો.રસ્તામાં મારાં મનને ઉદાસી ઘેરી વળી....

---

# ઝડપથી ગાયબ થઈ રહી છે 2000 રૂપિયાની નોટો

## માર્ચના અંત સુધીમાં 1.6 ટકા હિસ્સો ઘટી ગયો

ગુજરાત | વંદન

છેલ્લા કેટલાક વર્ષોથી બે હજાર રૂપિયાની નોટની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે. આ વર્ષના માર્ચના અંત સુધીમાં કુલ ચલણી નોટોમાં તેમનો હિસ્સો ઘટીને 214 કરોડ અથવા 1.6 ટકા થઈ ગયો છે. આરબીઆઈના વાર્ષિક અહેવાલમાં આ વાત કહેવામાં આવી છે. આ વર્ષે માર્ચ સુધી તમામ મૂલ્યોની કુલ નોટોની સંખ્યા 13,053 કરોડ હતી. એક



વર્ષ અગાઉ સમાન સમયગાળામાં આ આંકડો 12,437 કરોડ હતો.

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાના વાર્ષિક અહેવાલ મુજબ માર્ચ 2020ના અંતમાં ચલણમાં 2000 રૂપિયાના મૂલ્યની નોટોની સંખ્યા 274 કરોડ હતી. આ આંકડો ચલણમાં રહેલી કુલ ચલણી નોટોના 2.4 ટકા હતો. આ પછી માર્ચ 2021 સુધીમાં ચલણમાં 2000ની નોટોની સંખ્યા ઘટીને 245 કરોડ અથવા બે ટકા થઈ ગઈ. ગયા નાણાકીય વર્ષના અંતે આ આંકડો ઘટીને 214 કરોડ અથવા 1.6 ટકા થઈ ગયો. ઉપરોક્ત આંકડા જથ્થા પ્રમાણે છે. જો આપણે મૂલ્યના સંદર્ભમાં વાત કરીએ તો માર્ચ 2020માં 2000 રૂપિયાની નોટની કુલ કિંમત તમામ મૂલ્યની નોટોના કુલ મૂલ્યના 22.6 ટકા હતી. માર્ચ 2021માં આ આંકડો ઘટીને 17.3 ટકા અને માર્ચ 2022માં 13.8 ટકા થયો હતો. રિપોર્ટ અનુસાર આ વર્ષે માર્ચના અંતે રૂ. 500 મૂલ્યની નોટોની સંખ્યા વધીને 4,554.68 કરોડ થઈ છે જે એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં 3,867.90 કરોડ હતી. જથ્થાના સંદર્ભમાં 500 રૂપિયાની નોટ (34.9 ટકા) સૌથી વધુ ચલણમાં હતી. તે પછી 21.3 ટકા સાથે 10 રૂપિયાની નોટો હતી. રિપોર્ટ અનુસાર તમામ મૂલ્ય વર્ગમાં ચલણમાં રહેલા કરન્સીનું કુલ મૂલ્ય માર્ચ 2021માં રૂ. 28.27 લાખ કરોડથી વધીને આ વર્ષે માર્ચમાં રૂ. 31.05 લાખ કરોડ થયું છે.

---

અનુસંધાન પેજ 10 પરથી...

### એક કુત્તેવાલા...

દ્વારા હથિયારના લાયસન્સ આપ્યાં, વટ કે સાથ ચેકથી બે નંબરના લાખો લીધા, ગેરકાયદેસર રીતે કલેકટર ફંડ બનાવ્યું, સુરતમાં બે કરોડની બે દુકાનો મળી આવી અને કુલ મિલા કે આવક કરતાં વધારે સંપત્તિનો દેખીતો કેસ છતાં કિંકાપતી ભાગ્યશાળી કે હજુ તેમની ધરપકડ થઇ નથી..

ધરપકડ થઇ હોય તો તેમની ધરપકડના ફોટા મ્ડિયાને મળ્યા નથી, તેમના વચેટિયારફિક મેમણની ધરપકડ થઇ અને તેમની ધરપકડના ફોટા મિડિયાને મળ્યા પણ ભાગ્યશાળી કે. રાજેશનું શું થયું કોઇ અત્તો નથી કોઇ પત્તો નથી..!ત્રણ વિવાદાસ્પદ આઇએએસ. એક કુત્તેવાલા...એક નોટોવાલી અને એક તેલવાલા...! કૂતરાના મામલે સરકારની આંખે ચડેલા આઇએએસની સામે તપાસ થાય તો...? શક્ય છે કે તેમની બદલીથી સંતોષ થયો હશે દિલ્હી સરકારને. કેટલાક ચોક્કસ સવાલ કરી શકે કે આઇએએસ થવા માટે ઉચ્ચ બુધ્ધિમત્તાનો ઉંચો આંક ધરાવનાર અને કોલસાની ખાણમાંથી હીરા શોધીને જેમને પ્રજાની સેવા માટે વહીવટમાં મૂકવામાં આવે છે એ આવા ઉચ્ચ અધિકારી, હું સરકાર ચલાવુ છું... મને કોઇ હાથ અડાડી શકે તેમ નથી..હું ચેકથી બેનંબરના પૈસા લઇશ...હું કૂતરા માટે સ્ટેડિયમ ખાલી કરાવીશ..હું કરોડો રૂપિયા મારા ઘરે લઈને સીએને ત્યાં રાખવા આપીશ...આવી હિંમત અને આવી માનસિકતાનો અભ્યાસ થવો જોઇએ કે નહીં..?!

હુજૂર, હજુ તો આવા ત્રણ વિવાદમાં આવ્યાં છે. કુલમાંથી 10 ટકાની ખાનગીમાં તપાસ થાય તો ખટારા ભરીને રોકડ મળે તો નવાઇ નહીં...પણ તેમની એ માલમિલકતો જાહેર થાય તો.. બાકી તેરી ભી ચુપ અને મેરે ભી ચુપ...નું મસ્ત મસ્ત મિલનસભર સમીકરણ ચાલ્યા કરશે તો કોઇ હાથમાં નહીં આવે...બાકી તો સરકાર ચલને કા નામ ચલતી રહે સાલોં સાલ...

અનુસંધાન પેજ 1 પરથી...

### ભાજપ સરકારને...

પાછા ખેંચ્યાના ભાર વચ્ચે હાર્દિકના પગલાં ભાજપની ટિકિટ પર ચૂંટણી લડીને વિધાનસભામાં પ્રવેશના સ્વપ્ન સાથે કમલમ તરફ પહોંચી ગયા છે.

ગુજરાતના રાજકારણ અને રાજકીય ઘટનાઓ પર નજર રાખનારા સૂત્રો હાર્દિકની ભાજપમાં એન્ટ્રીને લઈને એમ કહી રહ્યાં છે કે ભાજપને પાટીદારોના મતો કોઈપણ હિસાબે જોઈએ છે. 2017ની ચૂંટણીમાં પાટીદારો પર અત્યાચાર, 14ના મોત, સેંકડો પાટીદારોની સામે પોલીસ કેસો વગેરે.થી નારાજ પાટીદારઓ ભાજપને બદલે કોંગ્રેસને વોટ આપતાં કોંગ્રેસ સત્તાની નજીક 182માંથી 77 પર પહોંચી ગઇ હતી અને ભાજપ હાંફતા હાંફતા 99 બેઠકો સાથે માંડ જીતતા 2022ની ચૂંટણીમાં તેનું પુનરાવર્તન રોકવા પાટીદારોને મનાવવા અને ભાજપ તરફ લાવવા દિલ્હી હાઈકમાન્ડ દ્વારા એક રાજકીય કવાયત ચાલી રહી છે. અમદાવાદમાં વડાપ્રધાનના એક કાર્યક્રમમાં, મૂળ ચીમનભાઇ પટેલના સાથી અને વાયા કોંગ્રેસ થઇ 2012માં ભાજપમાં આવેલા નરહરિ અમીનને મંચ પર બેસાડવામાં આવ્યાં ત્યારથી અટકળો શરૂ થઇ કે પાટીદારોને મનાવવા તેમને મિશન પાટીદાર સોંપવામાં આવ્યું હશે..

વડાપ્રધાને તાજેતરમાં જ ગુજરાતમાં પાટીદારોના એક પછી એક કાર્યક્રમોમાં રૂબરૂ હાજર રહી યા વર્ચ્યુલ હાજરી આપીને પાટીદારોના ભારોભાર વખાણ કર્યા. ચૂંટણીમાં હાર્દિક નડે નહીં એટલે ભલે તેણે આનંદીબેનની સરકારને ઉથલાવવાનું કામ કર્યુ તેમ છતાં 182માંથી 150 બેઠકોના ટાર્ગેટ માટે હાર્દિકને કેસરિયો ખેસ પહેરાવવાનો નિર્ણય હાઈકમાન્ડ દ્વારા લેવાયો. સૂત્રો તો એમ પણ શંકા વ્યકત કરીને કહે છે કે શું હાર્દિક ભાજપમાં ગયા પછી અલ્પેશ ઠાકોર, કુંવરજી બાવળિયા, જવાહર ચાવડા, ધવલ ઝાલાની જેમ પતી જશે..!? અલબત, જો હાર્દિકને નરહરિ અમીન લાવ્યાં હોય તો બલવંતસિંહ રાજપૂતની જેમ સરકારી ગાડી-બંગલો અને પદ મળી શકશે. હાર્દિક પટેલે કોંગ્રેસ છોડતી વખતે, કોંગ્રેસના પ્રદેશ નેતાઓ રાહુલ ગુજરાત આવે ત્યારે તે કઇ ચીકન સેન્ડવીચ ખાશે તેની વધારે ચિંતા કરતા હતા એવી વાત કરી તે પ્રદેશ નેતાઓને ચચરી ગઇ છે. પ્રદેશ નેતાઓએ જિગ્નેશ મેવાણીને આગળ કરીને તેમના દ્વારા બોલાવડાવ્યું કે હાર્દિકે આવુ બોલવાની ક્યાં જરૂર હતી..? આ અંગે એમ મનાય છે કે હાર્દિકે એવો મેસેજ આપવાનો પ્રયાસ કર્યો કે દેશમાં મંદિર મંદિર ફરનાર રાહુલ ગુજરાત આવે ત્યારે ચીકન સેન્ડવીચ(નોનવેજ) ખાય છે. તેમના આ નિવેદનનો ચૂંટણી પ્રચારમાં ઉપયોગ કરવામાં આવે તો નવાઇ નહીં. ભાજપ કોંગ્રેસની આવી અંદરની વાતો માટે હાર્દિકનો ઉપયોગ કરી શકે. કેમ કે તે તે કોંગ્રેસની નેતાગીરી સાથે સીધા સંપર્કમાં હતો અને અંદરની ઘણી વાતો જાણતો હશે.રાજકીય રીતે જોઈએ તો બે પાટીદારો મિડિયામાં ચર્ચામાં હતા. તેમાંથી એક હાર્દિક થાળે પડી ગયો પણ અન્ય પાટીદાર નેતા નરેશ પટેલના કોંગ્રેસ પ્રવેશ અંગે તારીખ પે તારીખ પડી રહી છે. કોંગ્રેસ નરેશ પટેલને લાવીને હાર્દિકના જવાથી થનાર પાટીદાર નુકશાનને સરભર કરવા મથી રહી છે. પણ લેઉવા પાટીદારમાં જેમનવો પડ્યો બોલ ઝીલાય છે એ નરેશ પટેલના સંભવિત કોંગ્રેસ પ્રવેશ સામે તેમના વર્તુળોમાં કચવાટ છે. જો નરેશ પટેલ કોંગ્રેસમાં આવે તો તેમને મુખ્યમંત્રીપદના ચહેરા તરીકે આગળ કરીને પાટીદારોના વોટ મેળવવાની રણનીતિ અમલમાં આવી શકે. ભાજપ હાર્દિકને મુખ્યમંત્રીપદના ચહેરા તરીકે તેમને આગળ કરી શકે તેમ નથી. પણ નરેશ પટેલને કોંગ્રેસ સત્તા માટે ભાવિ સીએમ તરીકે આગળ કરે તો પરિણામ પર અસર થઈ શકે. ભાજપની 150ની પૂરપાટ ગાડીને નરેશ પટેલ રોકી શકે તેમ છે, એમ ઘણાં કોંગ્રેસી નેતાનું માનવુ છે.

હાર્દિકના ભાજપ પ્રવેશથી ગુજરાતની ચૂંટણીઓ હવે રપસપ્રદની સાથે દેશ આખાનું ધ્યાન ખેંચનારી બનશે. પોતાના ઘણાં નેતાઓ ભાજપમાં ગયા છતાં શાંત બેસનાર કોંગ્રેસ હાર્દિકના નિવેદનો અને રાજકીય ગદ્દારીને લઈને પૂરા જોમજુસ્સા સાથે મેદાનમાં ઉતરશે. હાર્દિકના આવવાથી ભાજપ 150ની નજીક પહોંચશે કે પાર કરશે એ સવાલનો જવાબ ઈવીએમની પેટીઓ ખુલશે ત્યારે મળશે પણ હમણાં તો મુખ્ય લાઈમલાઈટમાં 28 વર્ષનો હાર્દિક ભરતભાઈ પટેલ છે.

### મે મહિનામાં...

મહિનાના રિટર્ન સાથે જોડાયેલું છે," નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું. મે મહિનાના કુલ GST કલેક્શનમાંથી સેન્ટ્રલ GSTના રૂ. 25,036 કરોડ સ્ટેડ જીએસટીના રૂ. 32,001 કરોડ અને ઈંટીગ્રેટેડ જીએસટીના રૂ. 73,345 કરોડ રૂપિયા ઉપરાંત રૂ. 10,502 કરોડ કમ્પનસેશન સેસના છે. જોકે ISGTમાંથી સરકારે સેન્ટ્રલ જીએસટીમાં રૂ. 27,924 કરોડ અને સ્ટેટ જીએસટીમાં રૂ. 23,123 કરોડ ચૂકવ્યા છે. આ રીતે સેટલમેન્ટ પછી મે મહિનામાં સેન્ટ્રલ જીએસટીનું કુલ કલેક્શન રૂ. 52,960 કરોડ અને સ્ટેટ જીએસટીનું કુલ કલેક્શન રૂ. 55,124 કરોડ હતું.

# રિલાયન્સે 2021-22માં 1184.93 કરોડ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સીબીલીટી પાછળ ખર્ચ્યા




ગુજરાત | વંદન

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે દ્વારા 31 માર્ચ 2022 ના રોજ પુરા થયેલ વર્ષમાં 1184.93 કરોડની રકમ કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સીબીલીટી (સીએસઆર) પાછળ ખર્ચવામાં આવ્યા છે. આ રકમ રિલાયન્સ ફાઉન્ડેશનને આપવામાં આવી છે. નાણાકીય વર્ષ 2021-22 માં કંપનીએ 922 કરોડની રકમ આપી હતી.

કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સીબીલીટી ના સ્થાપક ચેરપર્સન શ્રીમતી નીતા અંબાણી છે. જેઓ ગ્રામ્ય વિસ્તારના આરોગ્ય સંબંધી સેવાઓ કેળવણી, કુદરતી આફત વખતે સહાય ઉપરાંત રમતગમતની પ્રવૃત્તિ માટે સંભાળે છે. આ ઉપરાંત કોવીડ 19 ના રોગચાળા દરમ્યાન ઓક્સિજનની ડિલિવરી પાછળ તેમણે જરુરીયાતમંદોને કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સીબીલીટી ના કાર્યક્રમ હેઠળ સારો પ્રતિભાવ આપ્યો હતો. કોવિડ-19 વખતે મિશન ઓક્સિજન અને મિશન વેક્સીનેશન પાછળ પણ ઘણો ખર્ચ કર્યો હતો. આ ઉપરાંત મિશન કોવિડ ઈન્ફ્રા અને કર્મચારી કલ્યાણ મિશન, મિશન અન્ન સેવા પ્રવૃત્તિ પાછળ પણ તેમણે મહત્વની કામગીરી બજાવી છે.

કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સીબીલીટી દ્વારા 1000 ટન ઓક્સિજન દૈનિક ધોરણે ઉત્પાદન કરાયો હતો. અને કોવિડ-19 માં બીજા તબક્કામાં એક લાખ દર્દીઓને પુરો પાડવામાં આવ્યો હતો. દેશમાં ઓક્સિજન મેડિકલ ગ્રેડ લિક્વિડ ઓક્સિજનનું ઉત્પાદન 11 ટકાની સપાટીએ રહેવા પામ્યું છે.

## બજારોનાં અંતરંગ

### પેટીએમ રૂ 950 કરોડના ખર્ચે જનરલ ઈન્સ્યો.નું સંયુક્ત સાહસ શરુ કરશે

વિખ્યાત પેટીએમ કંપની રૂ. 950 કરોડના રોકાણ દ્વારા જનરલ ઈન્સ્યોરન્સનું સંયુક્ત સાહસ શરુ કરનાર છે. દરમ્યાન કંપનીએ નાણાકીય વર્ષ 2022 માં રૂ 2396.30 કરોડનો કોન્સોલીડેટેડ નુકશાન કર્યું છે. તેની આવક 65 ટકા જેટલી જો કે વધવા પામી છે અન તેનો આંકડો રૂ. 5264 કરોડની સપાટીએ પહોંચ્યો છે.કંપનીએ ગયા વર્ષે રૂ 1701 કરોડની ખોટ દર્શાવી હતી. 2022 ના વર્ષનાં ત્રિમાસિક સમયગાળામાં કંપનીએ રૂ 778 કરોડની ખોટ કરી છે. તેની રેવન્યુ રૂ 1533.40 કરોડની સપાટીએ પહોંચી છે. આ સમાચાર પાછળ શેર બજારમાં પેટીએમના શેરનો ભાવ 3.9 ટકા ઘટીને 575.35 મુંબઈ સ્ટોક એક્સચેન્જમાં રહેવા પામ્યો હતો. જે આઈ.પી.ઓ.ના ઓફર પ્રાઈસ કરતાં 73 ટકા નીચો બોલાવે છે.તેનો ઓફર પ્રાઈસ 2150 હતો.

### આયર્ન ઓર- પેલેટ્સની નિકાસ જકાત લાગુ કરતાં ઉદ્યોગમાં નિરાશા

2019-20 ના વર્ષમાં ભારતમાંથી 12.2 મિલિયન ટન સ્ટીલની નિકાસ થવા પામી હતી. જે 2021-22 ના વર્ષમાં વૃદ્ધિ પામીને 18.4 મિલિયનની સપાટીએ પહોંચી છે. દેશમાં સ્ટીલ પ્રોડક્ટસનું ઉત્પાદન માંગ કરતાં વધુ છે. તેથી તેની નિકાસ કરવાનું પરિબળ મહત્વનું છે. જે.એસ.ડબલ્યુ. સ્ટીલના જોઈન્ટ મેનેજીંગ ડીરેક્ટર શ્રી સેસાઈ રાવના જણાવ્યા મુજબ જો સ્ટીલની નિકાસ ઉપર 15 ટકાના ટેક્ષનું ભારણ લાગુ કરાશે તો સ્ટીલ પ્લાન્ટોની ઉત્પાદન ક્ષમતાનો પુરેપુરો ઉપયોગ થઈ શકશે નહીં. આ ઉદ્યોગમાં નવું મુડી રોકાણ ઘટવાની શક્યતા પણ વધશે.હાલ દેશમાંથી નિકાસ કરાતાં આયર્ન ઓર પર 50 ટકાની નિકાસ ડ્યુટી અને સ્ટીલ પેલેટ્સ ઉપર 45 ટકાની નિકાસ ડ્યુટી અમલી છે. આ સંજોગોમાં સ્ટીલ પ્લાન્ટો દ્વારા આગામી 2 થી 3 વર્ષમાં રૂ. 1.00 કરોડનો મુડી ખર્ચ કરવાનો કાર્યક્રમ પડતો મુકવાની પરિસ્થિતિ ઉભી થશે તેવું દર્શાવ્યું છે. ટાટા સ્ટીલ, જે.એસ. ડબલ્યુ. સ્ટીલ અને આર્સેલર મિત્તલ, નિપોન સ્ટીલનો સમાવેશ થાય છે. આ ઉત્પાદકો દ્વારા 2030 ના સમયગાળા સુધીમાં તેમની ઉત્પાદન ક્ષમતા બમણી કરવાની યોજના ઘડી કઢાઈ હતી. પંરતુ સરકાર દ્વારા નિકાસને પ્રોત્સાહન નહીં આપવાની નિતિથી સમગ્ર પ્રોગ્રામ ખોરંભે પડી જવાની શક્યતા ઉભી થઈ છે.

### ગુજરાતની વિખ્યાત ટોરેન્ટ ફાર્માએ ડો. રેડ્ડી પાસેથી 4 બ્રાન્ડો ખરીદી

ગુજરાતની અગ્રગણ્ય ફાર્મા કંપની ટોરેન્ટ ફાર્મા દ્વારા તાજેતરમાં દક્ષિણ ભારતી અગ્રણી ફાર્મા કંપની ડો. રેડ્ડી લેબોરેટરી પાસેથી ચાર બ્રાન્ડો ખરીદવાના કરાર કર્યા છે. આ બ્રાન્ડોમાં ફિનસ્ટ, ફિનેસ્ટી-ટી, ડાયના પ્રેસ તેમજ સ્ટિપ્ટોવિટ-ઈ નો સમાવેશ થાય છે.

### ટોયેટા મોટર કંપની મોટર કોર્પો.એ ઉત્પાદન ઘટાડવાનું લક્ષ્યાંક રજુ કર્યું

વિખ્યાત જાનાપીઝ ઓટોમોબાઈલ્સ કંપની ટોયેટા મોટર કોર્પોરેશન ઓટોમોબાઈલ વિહ્કલ માટેના ઉત્પાદનમાં પ્રતિકુળ સંજોગોનો સામનો કરી રહી છે. તેને અનુલક્ષીને તેના ઉત્પાદન લક્ષ્યાંકને વારંવાર ઘટાડવાની પરિસ્થિતિ અનુભવી પડે છે. મળતી માહિતી મુજબ જુન મહિનાના ઉત્પાદન ટાર્ગેટમાં ઘટાડો કરાયો છે. તેણે રૂ. 50000 જેટલા યુનિટો વિહકલ ઘટાડો જાહેર કર્યો છે. આ પરિસ્થિતિને કારણે કંપનીની વાર્ષિક ઉત્પાદનનું લક્ષ્યાંક ઘટવાની શક્યતા છે.

### સન ફાર્માએ રોમાનિયાની ફાર્મા કંપની ખરીદી

ગુજરાતના ફાર્માસ્યુટીકલ ઉદ્યોગની જાણીતી કંપની સન ફાર્માએ રોમાનીયાની ફિટરમેન નામની કંપની સાથે કરાર કર્યા છે. આ કરાર હેઠળ કંપની તેના યુરેકેટીવ કારોબારને ખરીદી લેશે. આ ખરીદીના કરારોની સબસીડરી કંપની મારફત થશે.

## સેન્સેક્સ 185 અંક તૂટ્યો, નિફ્ટી 16550ની નીચે બંધ

# તેજી સાથે શરૂ થયેલો શેરબજાર ધડામ થતા રોકાણકારો છેલ્લે રડયા

ગુજરાત | વંદન

સપ્તાહના ત્રીજા દિવસે બુધવારે ભારતીય શેરબજાર ઘટાડા સાથે બંધ થયું છે. જોકે, સવારે શેરબજાર તેજી સાથે શરૂ થયું હતું. તેમ છતાં આખા દિવસ દરમિયાન વેપારમાં કોઈ ઉછાળો જોવા મળ્યો નહતો. બપોરે 3.30 વાગ્યે બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ 185.24 પોઈન્ટ (0.33 ટકા)ના ઘટાડા સાથે 55,381.17ના સ્તર પર બંધ થયો, જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી 61.80 પોઈન્ટ (0.37 ટકા) તૂટીને 16,522.75ના સ્તર પર બંધ થયું હતું.

ઑટો, એફએમસીજી, આઈટી, ફાર્મા, હેલ્થકેર, રિયલ્ટી અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ 0.18-1.34 ટકા સુધી વેચવાલીનું દબાણ જોવામાં આવ્યુ. બેન્ક નિફ્ટી 0.55 ટકાના વધારાની સાથે 35,681.35 ના સ્તર પર બંધ થયા છે. જ્યારે ફાઈનાન્શિયલ સર્વિસ, મેટલ, પીએસયુ બેન્ક, પ્રાઈવેટ બેન્ક અને કંઝ્યુમર ડ્યુરેબલ્સ શેરો તેજીની સાથે બંધ થતા જોવા મળ્યા.


દિગ્ગજ શેરોમાં બજાજ ઑટો, અપોલો હોસ્પિટલ, હિંડાલ્કો, ટેક મહિન્દ્રા, બજાજ ફિનસર્વ, નેસ્લે ઈન્ડિયા અને બ્રિટાનિયા 2.41-3.65 ટકા સુધી તૂટીને બંધ થયા છે. જ્યારે દિગ્ગજ શેરોમાં જેએસડબ્લ્યુ સ્ટીલ, કોલ ઈન્ડિયા, એચડીએફસી લાઈફ, કોટક મહિન્દ્રા બેન્ક, એમએન્ડએમ અને ગ્રાસિમ 1.21-3.56 ટકા સુધી વધીને બંધ થયા છે.

મિડકેપ શેરોમાં અદાણી પાવર, જેએસડબ્લ્યુ એનર્જી, અપોલો હોસ્પિટલ, બેયર કૉર્પસાઈન્સ અને પેજ ઈન્ડસ્ટ્રી 2.34-4.99 સુધી લપસ્યા છે. જો કે મિડકેપ શેરોમાં 3એમ ઈન્ડિયા, ભારત ઈલેક્ટ્રિક, ટોરેન્ટ પાવર, ક્રિસિલ અને અજંતા ફાર્મા 3.78-5.58 ટકા સુધી ઉછળો છે.

સ્મૉલકેપ શેરોમાં પ્રિસિઝન વાયર્સ, કિર્તિ ઈન્ડસ્ટ્રીઝ, કેપીઆર મિલ, આહલુવાલિયા અને પીટીસી ઈન્ડિયા 5.26-9.96 ટકા સુધી લપસ્યા છે. જો કે સ્મોલકેપ શેરોમાં એચબીએલ પાવર, ટિમકેન, શાર્દા મોટર, રોલેક્સ રિંગ્સ અને ડૉલર ઈન્ડસ્ટ્રી 11.99-13.90 ટકા સુધી ઉછળા છે.

### બેન્કની માર્કેટ કેપ વધી

સેન્સેક્સ 55381 નિફ્ટી 16522




આઈસીઆઈસીઆઈ બેન્કની માર્કેટ કેપ મામલામાં ભારતીય જીવન વીમા નિગમને પાછળ પાડતા ભારતની છઠ્ઠી સૌથી મોટી મૂલ્યવાન કંપની બની ગઈ છે. ટોપ 10 મૂલ્યવાન કંપનીઓની યાદીમાં LIC હવે 7મા નંબર પર છે. જ્યારે HDFC લિમિટેડ 8મા સ્થાને છે. તો સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા નવમા સ્થાન પર છે. BSEના ડેટા અનુસાર, મંગળવારે ટ્રેડિંગ સેશન ખતમ થતા LICની માર્કેટ કેપ 5,13,273.56 કરોડ રૂપિયા, જ્યારે ICICI બેન્કની માર્કેટ કેપ 5,22,519 કરોડ રૂપિયા હતી.

### નેસ્લે, ટેક મહિન્દ્રા, બજાજ ફાઈનાન્સના શેર ઘટ્યા

સેન્સેક્સ પર નેસ્લે, ટેક મહિન્દ્રા, બજાજ ફાઈનાન્સ, સન ફાર્મા, એચસીએલ ટેક સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા. નેસ્લે 2.99 ટકા ઘટી 17238.50 પર બંધ રહ્યો હતો. ટેક મહિન્દ્રા 2.86 ટકા ઘટી 1147.05 પર બંધ રહ્યો હતો. એમએન્ડએમ, એચડીએફસી, કોટક મહિન્દ્રા, ટાટા સ્ટીલ, એચડીએફસી બેન્ક સહિતના શેર વધીને બંધ રહ્યાં હતા. એમએન્ડએમ 1.32 ટકા વધી 1047.50 પર બંધ રહ્યો હતો. એચડીએફસી 0.94 ટકા વધી 2328.85 પર બંધ રહ્યો હતો.

## JSW સ્ટીલ લિ. ના ચોખ્ખા નફામાં 20 ટકાનો ઘટાડોઃ 17.35 ફાઈનલ ડિવિડન્ડ જાહેર કર્યું

ગુજરાત | વંદન

જે.એસ.ડબલ્યુ. સ્ટીલ લિ. કંપનીએ તા. 31 માર્ચ 2022 ના રોજ પુરા થયેલ ત્રિમાસિક સમયગાળામાં નિરુત્સાહી કામગીરી દર્શાવી છે. કંપનીની આવક જો કે વધીને 74.11 ટકા વધીને 46.895 કરોડ થઈ છે, જે આગલા વર્ષના આ સમયગાળામાં 26934 કરોડની હતી. આમ છતાં કંપનીએ તેનો કોન્સોલીડેટેડ નફામા 20 ટકાનો ઘટાડો અનુભવી રૂ. 33.43 કરોડનો ચોખ્ખો નફો દર્શાવ્યો છે, જે આગલા વર્ષના નફાની તુલનામાં રૂ. 4193 કરોડ હતો. કંપનીનો નફો ઘટવા માટેનું કારણભૂત પરિબળ કંપની યુ.એસ.એ.ની સબસીડરી કંપની કે જેમાં ઝઘડો ચાલતો હતો તે અંગેનો ચુકાદો કંપનીની વિરુદ્ધમાં આવતા કંપનીને ભારે નુકશાન સહન કરવું પડ્યું છે. આ ઝઘડો કોલસાની ખાણ અંગેના માઈનીંગ લીઝીંગનો અને પ્લાન્ટ લીઝીંગ અંગેનો હતો. તેમાં કંપની હારી જતાં કંપનીને ભારે નુકશાન સહન કરવું પડ્યું છે. કંપની દ્વારા તેની યુએસએ ખાતેની સબસીડરી કંપનીને રૂ. 722 કરોડની લોન આપેલ હતી, તે રકમ તેને ગુમાવવી પડી છે અને તેને કારણે કંપનીના નફા ઉપર માઠી અસર થઈ છે. જો કે કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર દ્વારા શેર દિઠ રૂ. 17.35 લેખે ફાઈનલ ડિવિડન્ડની જાહેરાત કરાઈ છે.31 માર્ચ 2022 ના રોજ પુરા થયેલ સમયગાળામાં કંપનીએ ક્રુડ સ્ટીલનાં ઉત્પાદનમાં વૃદ્ધિ હાંસલ કરી છે. કંપનીએ 5.8 લાખ મેટ્રિક ટન સ્ટીલનું ઉત્પાદન કર્યું છે, જે ત્રિમાસિક ધોરણે 11 ટકાની દ્ધિ ધરાવે છે અને સમગ્ર વર્ષમાં તેની ઉત્પાદન વૃદ્ધિ 38 ટકાની સપાટીએ પહોંચી છે. તેનું સેલેબલ સ્ટીલનું ઉત્પાદન ર્ષિક ધોરણે 29 ટકા વૃદ્ધિ પામીને 5.99 ટકા મેટ્રિક ટન થવા પામ્યું છે. કંપનીનો વાર્ષિક ગ્રોથ નફો વ્યાજ કરવેરા અને ઈન્સ્યોરન્સ પૂર્વેનો નફો 1 ટકા જેટલો વધીને 9184 કરોડ થવા પામ્યો છે.

## કર્ણાટક રાજ્યને સ્વિત્ઝરલેન્ડના દેવોસ ખાતે ઈકોનોમીક ફોરમમાં સારો પ્રતિસાદ

■ રૂ. 65000 કરોડના ઈન્વે.નું કમીટમેન્ટ પ્રાપ્ત થયું

ગુજરાત | વંદન

કર્ણાટક રાજ્ય દ્વારા તાજેતરમાં સ્વિત્ઝરલેન્ડના દેવોસ ખાતે મળેલી વર્લ્ડ ઈકોનોમીક ફોરમ દરમિયાન 65000 કરોડના ઈન્વેસ્ટમેન્ટ કમીટમેન્ટો પ્રાપ્ત થયા છે.25 ઉપરાંત કંપનીઓ સાથે સફળતાપૂર્વક થયેલ વાટાઘાટોને પરિણામે રૂ. 60000 કરોડથી માંડીને 6000 કરોડના ઈન્વેસ્ટમેન્ટના કમીટમેન્ટો કર્ણાટક રાજ્યને પ્રાપ્ત થયા છે. કર્ણાટક રાજ્ય ટેકનોલોજીની દ્રષ્ટિએ તેમજ સ્કીલ્ડ મેન પાવર ધરાવતું રાજ્ય છે. તેને અનુલક્ષીને જે કાંઈ ઈન્વેસ્ટમેન્ટ કમીટમેન્ટ થયા છે. તે પરિપુર્ણ કરવાનું શક્ય બનશે. આગામી છ માસથી માંડીને 1 વર્ષ સુધીમાં આ અંગેના કમિટમેન્ટ મોટા ભાગના પ્રોજેક્ટો સ્થાપવાનું શક્ય બનશે. કર્ણાટક રાજ્ય આ ઉપરાંત બેંગ્લોર ખાતે નવેમ્બર 2022 દરમિયાન ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ મીટનું આયોજન કરી રહી છે. તેમ કર્ણાટકના મુખ્યપ્રધાન શ્રી બોમાઈએ જણાવ્યું હતું.

## ગ્લેનમાર્ક ફાર્મા કંપનીનો નફો 26 ટકા ઘટ્યો

ગુજરાત | વંદન

31 માર્ચ 2022 ના રોજ પુરા થયેલ ચોથા ત્રિમાસિક સમયગાળામાં ગ્લેનમાર્ક ફાર્માસ્યુટીકલ્સ કંપનીએ કરવેરા પછીનો નફામાં પીછેહઠ અનુભવી છે. કંપનીનો નફો 26 ટકા જેટલો ઘટીને 173 કરોડ થવા પામ્યો છે. કંપનીએ 2021-22 (જાન્યુઆરી માર્ચ ત્રિમાસિક ગાળામાં) 234 કરોડ કરવેરા પછીનો નફો દર્શાવ્યો હતો. જો કે કંપનીની આવક વધીને 319 કરોડ થવા પામી છે. 2021-22 ના ચોથા ત્રિમાસિક સમયગાળામાં પ્રગતિ સારી રહી છે, જે આગલા વર્ષના આ સમયગાળામાં તેની આવક 2860 કરોડની હતી, જે વાર્ષિક ધોરણે 3 ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

કંપનીએ 31 માર્ચ 2022 ના સમગ્ર વર્ષમાં કરવેરા પછીનો 944 કરોડનો નફો દર્શાવ્યો છે. જે આગલા વર્ષે 970 કરોડ હતો. સમગ્ર વર્ષ દરમ્યાન કંપનીની આવક 12305 કરોડની સપાટીએ પહોંચી છે, જે આગલા વર્ષે 10499 કરોડ હતી.

કંપનીએ તેની અન્ય કંપની ગ્લેનમાર્ક લાઈફ સાયન્સનું શેર બજારમાં સફળતાપૂર્વક લિસ્ટીંગ કરાવી શકી હતી. કંપનીને યુ.એસ.એ. ની ઓલમીરલ અને યુ.એસ.એફ.ડી.એ. તરફથી સારી રીતે મંજુરી મળી છે. કંપની ચાલુ વર્ષમાં સારી કામગીરી દર્શાવશે. તેની ઈનોવેશન માટેની સારી કામગીરીથી અને દેવામાં ઘટાડો કરવાની ક્ષમતાથી સારી અસર દર્શાશે. કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર દ્વારા રૂ. 1 ની કિંમતના ઈક્વીટી શેર ઉપર શેર દીઠ રૂ. 2.50 લેખે ડિવિડન્ડ જાહેર કર્યું છે.

## મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ઓટોમોબાઈલ કંપનીની સુંદર કામગીરીઃ નફો 5 ગણો વધી 1192 કરોડ

ગુજરાત | વંદન



મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ઓટોમોબાઈલ કંપની લિમિટેડે 31 માર્ચ 2022 ના રોજ પુરા થયેલ ત્રિમાસીક ગાળામાં 1192 કરોડનો નફો કર્યો છે. આગલા વર્ષના આ સમયગાળામાં જે 245 કરોડ હતો. કંપનીની આવક 28 ટકા વધીને 17124 કરોડ થવાપામી છે. જે આગલા વર્ષના સમયગાળામં 1335 કરોડની હતી. 2021-22 ના સમગ્ર નાણાંકીય વર્ષમાં કંપનીએ 4935 કરોડનો નફો દર્શાવ્યો છે. જે આગલા વર્ષે 984 કરોડ હતો.

કંપનીએ ઓટો અને ફાર્મ ઈક્વીપમેન્ટ સેક્ટરમાં વાર્ષિક 55340 કરોડની આવક પ્રાપ્ત કરી છે. જે આગલા વર્ષની તુલનામાં 29 ટકાની વૃદ્ધિ દર્શાવે છે. કંપનીના ઓટો બિઝનેસને યુટીલીટી વ્હિકલના વોલ્યુમથી 42 ટકાની વૃદ્ધિ પ્રાપ્ત થઈ છે. જ્યારે ફાર્મ ઈક્વિપમેન્ટ સેક્ટરમાં ટ્રેક્ટર માર્કેટમાં તેનો હિસ્સો 90 ટકા વૃદ્ધિ પામ્યો છે. જે વાર્ષિક ધોરણે 1.8 ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

કંપનીએ નિકાસ ક્ષેત્રે પણ સારી કામગીરી દર્શાવી છે. વાર્ષિક ધોરણેતેને નિકાસ 76 ટકા વધવા પામી છે. કંપનીએ 17500 ટ્રેક્ટર્સની નિકાસ કરી છે. જે 66 ટકાની વૃદ્ધિ દર્શાવે છે. 2021-22 ના ચોથા ત્રિમાસિક સમયગાળામાં સેમી કંડક્ટર્સની સપ્લાય પોઝીશન સુધરવા પામી હતી. તેનાથી યુટીલીટી વ્હિકલ્સના ટર્ન ઓવરમાં સારો એવો વધારો થયો છે.

કંપનીની કામગીરીમાં પ્રતિકુળસંજોગો જેવા કે કોવિડ 19 ની અસર, કોમોડીટીમાં વધતા ભાવો, અને સેમીકંડક્ટર્સની અછત જેવી વિષમ પરિસ્થિતિ હોવા છતાં કંપનીએ સારી કામગીરી દર્શાવી છે. તેમ કંપનીના મેનેજીંગ ડિરેક્ટર અનિલ શાહે જણાવ્યું હતું.

સ્પેશિયલ યુટીલીટી વ્હિકલના માર્કેટમાં કંપનીની કામગીરી સારી રહી છે. બજારની પરિસ્થિતિ સાનુકૂળ રહેવા છતાં ફુગાવો વધવાના સંજોગો હોવા છતાં તેમ જ કોમોડીટીના ભાવો વધવા છતાં કંપનીએ વ્યાજ અને કરવેરા પુર્વેનો નફો સારા પ્રમાણમાં પ્રાપ્ત કર્યો છે.

## કોસ્મેટીક પ્રોડક્ટની નાઈકા કંપનીનો નફો ઘટ્યો

ગુજરાત | વંદન

ભારતની સૌંદર્યપ્રસાધનની પ્રોડક્ટની ઉત્પાદન કરતી અને માર્કેટીંગ કરતી નાઈકા નામની કંપનીએ તાજેતરમાં ભુતકાળમાં મુડી બજારમાં પ્રવેશીને આઈ.પી.ઓ. દ્વારા ઈન્વેસ્ટરોને શેરો ઓફર કર્યા હતાં. તેના ભરણાને એકંદરે સારો પ્રતિસાદ સાંપડ્યો હતો. આ કંપનીએ 31 માર્ચ 2022 ના રોજ પુરા થયેલ ત્રિમાસિક ગાળામાં જો કે નિરુત્સાહી કામગીરી બજાવી છે. તેનો નેટ નફો આજના વર્ષની તુલનામાં 49 ટકા જેટલો ઘટવા પામ્યો છે. આ ઉપરાંત કંપનીની અગાઉના ત્રિમાસિક સમયગાળામાં પણ નફામાં ઘટાડો નોંધાયો હતો. કંપનીની ત્રિમાસિક આવક વધીને રૂ. 973 કરોડ થવા પામી છે.

## રૂ તેમજ અન્ય કાચા માલના ભાવ વધવાથી સુરત, અમદાવાદના કાપડ ઉદ્યોગ ઉપર માઠી અસર

ગુજરાત | વંદન

કાપડના ઉત્પાદનમાં મહત્વના કાચા માલ તરીકે ઉપયોગમાં લેવાતા રૂ, કપાસના ભાવોમાં તાજેતરમાં ભારે ઉછાળો નોંધાયો હતો. તેની પ્રતિકુળ અસર અમદાવાદ, સુરત અને જેતપુરના કાપડ પ્રોસેસીંગના ઉદ્યોગ ઉપર માઠી અસર પડી છે. અને કામદારોને માત્ર સપ્હાતના ત્રણ જ દિવસ પ્રોસેસીંગ હાઉસમાં કામ કરવાની તક મળશે. લગભગ 3000 જેટલા પ્રોસેસીંગ યુનિટો કાપડના પ્રોસેસર્સ તરીકે કામ કરે છે.

રૂના ભાવ વધવાથી તેની અસરરૂપે કાપડનો ઉત્પાદન ખર્ચ વધતાં ભાવ વધારવાના સંજોગો ઉભા થયા છે. આ ઉપરાંત ગરમી વધવાથી અને તેની અસરરૂપે કાપડના માંગમાં 50 ટકા ઘટાડો નોંધાયો છે. આ પરિસ્થિતિ ચોમાસા પછી જ સુધરશે તેમ સાઉથ ગુજરાત પ્રોસેસર્સ એસોસિએશન જાણ્યું હતું. અત્રે નોંધનીય બાબત એ છે કે આની અસર રુપે સુરતના વિવિંગ યુનિટો દૈનિક જે 4 કરોડ ગ્રે કાપડનું ઉત્પાદન કરતાં હતાં તે પ્રતિકુળ સંજોગોમાં ઘટીને 2.5 કરોડ મીટરની દૈનિક સપાટીએ પહોંચ્યું છે.

## ઈન્ડિયા સિમેન્ટની ચોથા ત્રિમાસિક સમયગાળામાં 243 કરોડની ખોટ

ગુજરાત | વંદન

દક્ષિણ ભારતની અગ્રણી સિમેન્ટ કંપની ઈન્ડિયા સિમેન્ટે 31 માર્ચ 2022 ના રોજ પુરા થયેલ ચોથા ત્રિમાસિક સમયગાળામાં રૂ. 243 કરોડની ખોટ દર્શાવી છે. જ્યારે આગલા વર્ષના તુલનાત્મક સમયગાળામાં 72 કરોડનો નફો કર્યો હતો. કંપનીનો નફો ઘટવા માટે કોલસાના ભાવમાં ચાર ગણી તેજી થવાનું કારણ તેમજ કંપનીની આવક ઘટવાનું કારણ જવાબદાર છે.2021-22 ના ત્રિમાસિક સમયગાળામાં કંપનીની કામગીરી નિરાશાજનક પુરવાર થઈ છે.

આયાતી કોલસાનું બીલ 60 ડોલર ટન દીઠ અગાઉ હતું તે આ સમયગાળામાં વધીને 380 ડોલર ટન દિઠ હોવાથી કંપનીની કામગીરી ઉપર માઠી અસર થઈ છે. તેમ કંપનીના ચેરમેન શ્રી એમ. નિવાસે જણાવ્યું હતું.કંપનીના વેચાણના વોલ્યુમમાં અને કોરોનાના કારણે લોકડાઉન થવાથી તેમજ કમોસમી વરસાદના વિપરિત સંજોગોની ભારે અસર પડી હતી. વર્ષ દરમ્યાન કંપનીની કુલ આવક ઘટીને 1392 કરોડ થવા પામી હતી. જે આગલા વર્ષે 1457 કરોડ હતી. કંપનીએ 26.29 લાખ ટન સિમેન્ટનું વેચાણ કર્યું હતું, જે આગલા વર્ષે 266 લાખ ટનનું હતું. ક્લિન્કરનું વેચાણ 0.28 લાખની સપાટીએ રહેવા પામ્યું છે. જે આગલા વર્ષના સમયગાળામાં 3.14 લાખ ટન હતું. એકંદરે 11 ટકાનો ઘટાડો નોંધાયે છે. સમગ્ર વર્ષ દરમિયાન 26.57 લાખ ટન ઉત્પાદન થવા પામ્યું છે.

### કંપનીએ 2021-22 ના વર્ષમાં 15000 કરોડનો મુડી ખર્ચ વિકાસ યોજનાઓ પાછળ ખર્ચ્યો છે

# JSW સ્ટીલ વર્ષ 2023 માં 20000 કરોડનો કેપીટલ ખર્ચ કરશે

ગુજરાત | વંદન

દેશની અગ્રણી સ્ટીલ ઉત્પાદક કંપની જી.એસ.ડબલ્યુ. સ્ટીલ દ્વારા નાણાંકીય વર્ષ 2023 માં 20000 કરોડનો કેપીટલ ખર્ચ (કેપેક્ષ) કરવાનો મહત્વાકાંક્ષી વિકાસ કાર્યક્રમ ઘડી કઢાયો છે, જો આતંરરાષ્ટ્રીય બજારમાં સ્ટીલના ઉત્પાદન માટેના મહત્વના કાચા માલ અને કોલસાના ભાવો હાલી સ્થિતિમાં જે છે તેથી ઘટે તો દેસના આંતરિક બજારોમાં સ્ટીલના ભાવો ઘટશે અને આ સ્થિતિ સર્જાતા નિકાસ જકાતમાં કરાયેલો વધારો અલ્પજીવી પુરવાર થશે.

સ્ટીલ ઉદ્યોગની કોક (ખનીજ કોલસો) અને નિકાસ જકાતની ડ્યુટીનો વધારો પ્રતિકુળ પરિબળ તરીકે અસર કરી રહ્યો છે. પણ તેવી આશા દર્શાવાય છે કે આ અલ્પજીવી પુરવાર થશે.

કંપનીએ 2021-22 ના વર્ષમાં 15000 કરોડનો મુડી ખર્ચ વિકાસ યોજનાઓ પાછળ ખર્ચ્યો છે. આ ઉપરાંત 19000 કરોડની કિંમતથી ભુષણ પાવર એન્ડ સ્ટીલ કંપનીને હસ્તગત કરી છે. જો કે કંપની દેવાની પરિસ્થિતિ 57000 કરોડથી વધશે નહીં. કારણ કે કંપની વિકાસ યોજના માટેના નાણાંકીય સાધનો તેના આંતરિક રિઝર્વમાંથી ઉપયોગમાં લેશે.

સરકાર દ્વારા સ્ટીલ પ્રોડ્ક્ટસની ઉપલબ્ધતા વધે તે માટે આયર્ન ઓરની નિકાસ ઉપર 50 ટકાની નિકાસ જકાત લાદી છે અને 15 ટકા સ્ટીલ ઈન્ટરમીડીયેટ્સ ઉપર નિકાસ જકાત લાદી છે. જો આ નિકાસ જકાત લાંબો સમય ચાલુ રાખશે તો દેશની 150 મીલીયન ટન સ્ટીલની ઉત્પાદન ક્ષમતા પુરેપુરો ઉપયોગ કરી શકશે નહીં.



હકીકતમાં કુલ ઉત્પાદન ક્ષમતા 11 થી 12 ની ઉત્પાદન ક્ષમતા નિકાસ બજાર માટે નિર્ધારીત કરાઈ છે. અને ચાલુ વર્ષમાં તે બમણી કરવાની યોજના હતી. પરંતુ આ કાર્યક્રમને સરકારે લાદેલી નિકાસ જકાતથી માઠી અસર થઈ છે. કંપની નાણાંકીય વર્ષ 2025 માં તેની ઉત્પાદન ક્ષમતા વધારીને 37.5 મિલિયન મેટ્રીક ટનની અને 2030 માં 45 મિલિયન મેટ્રીક ટનની કરવાની વિકાસ યોજનાનું આયોજન કરી રહી છે.

દેશમાં જથ્થાબંધ ભાવોનો ઈન્ડેક્સ 64.2 ટકા જેટલો છે, જેના પ્રમાણમાં સ્ટીલ પ્રોડક્ટનો માત્ર 1.27 ટકાનો હિસ્સો છે. આમ, સ્ટીલ ઉપર નિકાસ જકાત લાદવાનું કારણ સ્ટીલ ઉદ્યોગ માટે પ્રતિકુળ પુરવાર થયું છે. હકિકતમાં નોન ફેરસ મેટલ્સ ઉપર કોઈ નિકાસ જકાત નથી.

કંપનીએ વર્ષ 2021-22 ના વર્ષમાં વર્ષના ચોથા ત્રિમાસિક સમયગાળામાં 9 ટકાની નિકાસ કરી હતી.

## હિંદુસ્તાન કોપરની પ્રગતિકારક કામગીરી જાહેર કરેલ રૂ. 23.20 ટકા ડીવીડન્ડ

ગુજરાત | વંદન

હિંદુસ્તાન કોપરની કામગીરીની ગણનાપાત્ર પ્રગતિ નોંધાઈ છે. 31 માર્ચ, 2022 ના રોજ પુરા થયેલ ત્રિમાસિક ગાળામાં તેનો ચોખ્ખો નફો 88.99 કરોડની સપાટીએ પહોંચ્યો છે. જે ગયા વર્ષના આ સમયગાળામાં રૂ. 38.61 કરોડની ખોટ હતી.

કંપનીની આવક 561.47 કરોડની સપાટીએ પહોંચી છે. જે આગલા વર્ષે 531.55 કરોડની હતી. વર્ષ 2021-22 માં તેનો નફો વધીને રૂ. 373.83 કરોડ થવા પામ્યો છે. આગલા વર્ષે કંપનીએ 110.22 કરોડનો નફો કર્યો હતો. કંપનીની વાર્ષિક આવક 1872.18 કરોડની સપાટીએ પહોંચી છે જે આગલા વર્ષે 1821.61 કરોડની હતી.

કામદારોના પગાર 2017 પછી વધારવાથી તેનો ખર્ચ 80.65 કરોડ થવા પામ્યો છે. છતાં કંપનીની નફા ક્ષમતા સારી રહી છે. કંપનીનો ડેબ્ટ ઈક્વીટી રેશિયો 0.51 : 1 ના પ્રમાણમાં રહેવા પામ્યો છે. કંપનીએ તેની ખાણોમાંથી વધુ ઉત્પાદન પ્રાપ્ત કરવા માટે મહત્વપુર્ણ મુડી ખર્ચ પણ કર્યો છે.


# ૩ દિવસમાં ફરવા માંગો છો ઉદયપુર? જાણો કયા સ્થળો છે ફરવાલાયક

રાજસ્થાન શ્રેષ્ઠ શહેરોની વાત કરવામાં આવે તો તેમાં ઉદયપુર નું નામ ચોક્કસથી સામેલ થાય. ઉદયપુરને ભારતનું વેનિસ પણ કહેવામાં આવે છે. ઉદયપુર પોતાના ઈતિહાસ, સંસ્કૃતિ અને જોવા લાયક સ્થળોને લઈને આખા વિશ્વમાં પ્રસિદ્ધ છે. જો તમે પણ ઉદયપુર જાવ તો આ જગ્યાઓની ચોક્કસ મુલાકાત લેજો. આવો જોઈએ ઉદયપુરમાં જોવા લાયક સ્થળો ની યાદી.

**ફતેહ સાગર લેક** | ફતેહ સાગર તળાવ ઉદયપુર શહેરના આકર્ષણોમાં મુખ્ય છે. આ એક માનવ નિર્મિત તળાવ છે જેનું નામ મેવાડના મહારાજ મહારાણા ફતેહ સિંહના નામ પરથી રાખવામાં આવ્યું છે. અહીં અરવલ્લીની ગિરીમાળાઓની વચ્ચે બોટિંગ કરવો એક સુખદ અનુભવ છે. ફતેહ સાગર તળાવ એક વર્ગ કિલોમીટરમાં ફેલાયેલુ છે. અહીંથી સનસેટનો નજારો ખૂબ જ અહલાદક છે.

**જગદીશ મંદિર** | જગદીશ મંદિર ઉદયપુરના સિટી પેલેસ પરિસરમાં આવેલું એક ખૂબ જ આકર્ષક અને સુંદર મંદિર છે, જેમાં ભગવાન વિષ્ણુની પૂજા કરવામાં આવે છે. આ મંદિર લક્ષ્મીનારાયણ મંદિરના નામથી પણ જાણીતું છે. આ મંદિરની સુંદર નકકાશી, આકર્ષક મૂર્તિઓ અને અહીંનું શાંતિપૂર્વક વાતાવરણ પ્રવાસીઓ અને યાત્રીઓ દ્વારા સૌથી વધારે પસંદ કરવામાં આવે છે. આ મંદિરનો મુખ્ય પ્રવેશ દ્વાર પેલેસના બારા પોલમાંથી પણ જોઈ શકાય છે.





**દૂધ તલાઈ મ્યૂઝિકલ ગાર્ડન** | દૂધ તળાઈ પોતાના સનસેટ વ્યૂને લઈને ખૂબ જ જાણીતું છે. રોપ વેના માધ્યમથી જ્યારે દૂધ તલાઈ સુધી પહોંચે તો વચ્ચે સુંદર પહાડી દ્રશ્યો પણ જોવા મળે છે. આ એક રોક અને ફાઉન્ટેઈન ગાર્ડન છે. અહીંથી કરણી માતા મંદિરે પણ જઈ શકાય છે.

**લેક પિચોલા** | લેક પિચોલા ઉદયપુરનું સૌથી જુનું અને મોટું તળાવ છે. આ તળાવ તેની સુંદરતા અને તેની આસપાસના દ્રષ્યોને લઈને ખૂબ જાણીતું છે. આ તળાવ અહીં આવનારા યાત્રીઓને તેની સુંદરતા અને વાતાવરણથી આકર્ષિત કરે છે. સાંજના સમયે આ જગ્યા સોનેરી રંગમાં ડૂબેલી જોવા મળે છે. અહીંનું સુંદર દ્રશ્ય પ્રવાસીઓને એક જુદી જ દુનિયામાં લઈ જાય છે. આ તળાવમાં સૌથી લોકપ્રય એવા જગ મંદિરની પણ મુલાકાત કરી શકાય છે.

**જગ મંદિર** | જગ મંદિર લેક પિચોલાના એક દ્વિપ પર આવેલું છે. તેને પ્રવાસીઓ લેક ગાર્ડન પેલેસ તરીકે પણ ઓળખે છે. લેક પિચોલાની મધ્યમાં આવેલું આ મંદિર સુંદરતાનો એક અદ્ભુત નમૂનો છે. મહારાજા જગતસિંહની યાદમાં આ મંદિરને જગત મંદિર તરીકે ઓળખવામાં આવતું હતું.

**સજ્જનગઢ પેલેસ અથવા મોનસૂન પેલેસ** | સજ્જનગઢ પેલેસનું નામ મહારાજ સજ્જન સિંહના નામ પરથી રાખવામાં આવ્યું છે. વર્ષ 1884માં તેમના દ્વારા જ પેલેસનું નિર્માણ કરાવવામાં આવ્યું હતું. ચોમાસાની ઋતુમાં વાદળોનો અદ્ભૂત નજારો માણવા માટે ખાસ આ પેલેસનું નિર્માણ કરાવવામાં આવ્યું હતું. અહીંથી લેક પિચોલા અને આસપાસના ગામડાઓના દ્રશ્યો પણ જોઈ શકાય છે.

# જો તમે કાચી ડુંગળીનું રોજ સેવન કરતા હોવ તો ખાસ વાંચો... થઈ શકે છે આ નુકસાન

ડુંગળી એ તો એવી વસ્તુ છે કે જે ભોજન પકવવામાં પણ ઉપયોગમાં લેવાય છે અને કાચી પણ ખવાય છે. ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળીના અનેક ફાયદા વિશે તો આપણે જાણીએ જ છીએ. જેમ કે શરીરને તે લૂથી બચાવે છે. પણ શું તમે એ વાત જાણો છો કે ગરમીમાં વધુ પડતી કાચી ડુંગળી ખાવાથી નુકસાન પણ થઈ શકે છે. તો આજે અમે તમને ગરમીમાં વધુ પડતી કાચી ડુંગળી ખાવાથી થતા સ્વાસ્થ્યને થતા નુકસાન અંગે જણાવીશું.



**એસિડિટી** | ગરમીમાં મર્યાદિત પ્રમાણમાં જો કાચી ડુંગળી ખાવામાં આવે તો પેટની ગરમી શાંત કરી શકાય. પરંતુ જો તમે વધુ પ્રમાણમાં કાચી ડુંગળી ખાતા હોવ તો એસિડિટીની સમસ્યા થઈ શકે છે. કાચી ડુંગળીમાં ગ્લૂકોઝ અને ફ્રેક્ટોઝ વધુ પ્રમાણમાં હોય છે. ગ્લૂકોઝ અને ફ્રેકટોઝના વધુ પડતા પ્રમાણથી બોડીમાં શુગર લેવલ પણ વધે છે આવામાં ભોજન સાથે કાચી ડુંગળી વધુ ખાવાથી પાચનમાં સમસ્યા થાય છે. અપચો અને એસિડિટીની સમસ્યા થઈ શકે છે.

**કબજીયાત** | વધુ પડતી ડુંગળી ખાવાથી પેટમાં દુઃખાવા અને કબજીયાતની સમસ્યા થઈ શકે છે. ડુંગળીમાં ફાઈબરનું વધુ પ્રમાણ હોય છે. ફાઈબરના વધુ પડતા સેવનથી પેટમાં દુખાવો અને કબજીયાત જેવી સમસ્યા સર્જાઈ શળકે છે. આથી કાચી ડુંગળીનું મર્યાદિત પ્રમાણમાં સેવન કરવું જોઈએ.

**આંતરડામાં સમસ્યા** | ડુંગળીનું વધુ પડતું સેવન તમના શરીરના આંતરડાને પણ નુકસાન પહોંચાડી શકે છે. કાચી ડુંગળી તમારા શરીરમાં સાલમોનેલા નામના બેક્ટેરિયાની સમસ્યા પેદા કરે છે. જે સ્વાસ્થ્ય માટે જોખમી સાબિત થઈ શકે છે. ધીરે ધીરે પેટના સમગ્ર સ્વાસ્થ્યને પ્રભાવિત કરી શકે છે. આથી કાચી ડુંગળી મર્યાદિત પ્રમાણમાં ખાવી જોઈએ.

આ સિવાય કાચી ડુંગળી જો વધુ પ્રમાણમાં ખાઈએ તો છાતીમાં બળતરા પણ થઈ શકે છે. કારણ કે ડુંગળીમાં પોટેશિયમ હોય છે. જો શરીરમાં તેનું પ્રમાણ વધે તો તે કાર્ડિયોલિવરને પ્રભાવિત કરી શકે છે. આવામાં છાતીમાં બળતરાની શક્યતા રહે છે. આ ઉપરાંત કાચી ડુંગળી ખાવાથી મોઢામાંથી પણ દુર્ગંધ આવતી હોય છે. જેને કારણે તમારે લોકો સામે શરમ અનુભવી પડી શકે છે. આથી જ્યારે પણ કાચી ડુંગળી ખાઓ ત્યારે મોઢું બરાબર સાફ કરવું જોઈએ તથા માઉથ ફ્રેશનરનો પણ ઉપયોગ કરવો જોઈએ.

આ તો થયા વધુ પડતી કાચી ડુંગળી ખાવાના ગેરફાયદા...પરંતુ આ સાથે અહીં એ વાત જાણવી પણ જરૂરી છે કે મર્યાદિત પ્રમાણમાં કાચી ડુંગળી ખાવાથી શરીરને ફાયદા પણ થાય છે. કારણ કે દરેક ચીજનું પ્રમાણસર સેવન શરીર માટે ફાયદાકારક છે અને અતિરેક નુકસાન કરે છે.

# હોમિયોપેથિક દવાઓ જીભ પર કેમ મુકવામાં આવે છે? જાણો શું કહે છે મેડિકલ સાયન્સ



હોમિયોપેથિક ચિકિત્સાનો મૂળ સિદ્ધાંત શરીરને જાતે જ સાજા કરવા પર ભાર મૂકે છે. હોમિયોપેથિક દવાઓમાં છોડ અને ખનિજ પદાર્થો જેવી કુદરતી વસ્તુઓનો ઉપયોગ થાય છે. આ વસ્તુઓમાંથી દવાઓ ખૂબ જ નાના કણોમાં તૈયાર કરવામાં આવે છે. તેઓ ખાંડના દાણા કરતા થોડા મોટા હોય છે. આ દવાઓ જીભ પર મૂકીને ચૂસવામાં આવે છે. પણ શું તમે જાણો છો કે હોમિયોપેથિક દવાઓ જીભ પર રાખીને જ કેમ ચૂસવામાં આવે છે. અસલમાં હોમિયોપેથિકના નિષ્ણાતો તેની પાછળના વિજ્ઞાનના તર્કનો આધાર આપે છે. તેમના મતે હોમિયોપેથિક દવાઓની સીધી અસર નર્વસ સિસ્ટમ પર થાય છે, જે જીભ દ્વારા જ ચેતાતંત્રને સક્રિય કરે છે.

હોમિયોપેથિક ડૉક્ટર રિતુ રાય સમજાવે છે કે હોમિયોપેથિક દવાઓ સીધી રીતે આપણી નર્વસ સિસ્ટમને ઉત્તેજીત કરવા માટે તૈયાર કરવામાં આવે છે. આખું ચેતાતંત્ર જીભ સાથે જોડાયેલ હોવાથી આપણે આ દવાઓ જીભ પર રાખીએ છીએ. જો આપણે તેને જીભ પર ન મૂકીએ તો આ દવાઓ બરાબર કાર્ય કરશે નહીં. જીભ પર રાખવાથી દવાની અસર એક સાથે સમગ્ર નર્વસ સિસ્ટમ પર થાય છે. જ્યાં સુધી દવા નર્વસ સિસ્ટમમાં ન જાય અથવા અન્ય કેટલીક વસ્તુઓ દવા સાથે અસર ન કરે ત્યાં સુધી જીભમાંથી બીજું કંઈપણ લેવાની મનાઈ હોય છે. તેથી જ હોમિયોપેથિક દવાઓ લીધા પછી અડધા કલાક પહેલાં અને અડધા કલાક પછી કંઈપણ ખાવા કે પીવાની મંજૂરી નથી આપવામાં આવતી.


## જીભમાં રહેલા નર્વ દવાને જલ્દી અસરકારક બનાવે છે

આ મામલે ડૉ. પ્રાંજલિ શ્રીવાસ્તવે યુટ્યુબ પર એક વિડીયો પોસ્ટ કર્યો છે. ડૉ. પ્રાંજલિ કહે છે કે, હોમિયોપેથિક દવાઓનું એક્શન મોંથી શરૂ થાય છે. મોટાભાગના નર્વ્સ જીભ સાથે જોડાયેલા હોય છે. તેથી જ હોમિયોપેથિકના ડોકટરો દવાઓને જીભ પર ચૂસીને લેવાનું કહે છે, જેથી દવાઓનું રસાયણ આખી જીભમાં ફેલાય અને દરેક નર્વ સેલ્સ અંદર પ્રવેશી જાય. ડૉ. પ્રાંજલિ કહે છે કે શરીરમાં જ્યાં પણ કોઈ સમસ્યા હોય છે, ત્યાંથી દવાઓ નર્વના માધ્યમથી તે અંગો સુધી પહોંચે છે. જો કે કેટલીક હોમિયોપેથિક દવાઓ પ્રવાહી સ્વરૂપમાં હોય છે અને જીભ દ્વારા લેવામાં આવતી નથી. તે પાણી સાથે લેવામાં આવે છે.

## જીભ પર મુકવાનું આ છે વિજ્ઞાન

જ્યારે હોમિયોપેથિક દવા જીભ પર મૂકવામાં આવે છે ત્યારે દવામાં હાજર રસાયણ જીભની નીચેની મ્યુકોસ મેમ્બ્રેનના સંપર્કમાં આવે છે. આ કનેક્ટિવ ટિશ્યુ માં ફેલાઈ જાય છે. આની નીચે ઈપિથેલિયમ સેલ્સ હોય છે, જેમાં અસંખ્ય નલિકાઓ હોય છે. દવામાં હાજર રસાયણો આ નળીઓ દ્વારા રક્ત પરિભ્રમણ તંત્ર સુધી પહોંચે છે. હોમિયોપેથિક દવાઓનો હેતુ રસાયણને સીધા અસરગ્રસ્ત અંગો સુધી પહોંચાડવાનો છે. જ્યારે આપણે કોઈપણ અંગ્રેજી દવા ખાઈએ છીએ ત્યારે તે સૌથી પહેલા આંતરડામાં જાય છે. અહીં તે રક્ત પરિભ્રમણમાં આવતા પહેલા લીવરના સંપર્કમાં છે. તેમાં સમય પણ લાગે છે અને અન્ય અંગોને પણ આડઅસર થાય છે. પરંતુ હોમિયોપેથિક દવા સીધી બ્લડ સર્ક્યુલેશનમાં પહોંચે છે. આ જ કારણે તે વધુ ઝડપથી અસરગ્રસ્ત અંગો સુધી પહોંચે છે. અન્ય દવાઓથી વિપરીત તે માત્ર સલેવરી એંઝાઈમ ના સંપર્કમાં આવે છે. આ કારણે અન્ય અવયવો પર તેની આડઅસર થતી નથી.

# આ રંગનું યુરિન આવે છે તો થઈ જાવ એલર્ટ, તમને થઈ શકે છે કિડનીની ગંભીર બીમારી



ભારતમાં બિનઆરોગ્યપ્રદ ખોરાકની આદતોને કારણે કિડનીના સ્વાસ્થ્ય પર ખૂબ જ ખરાબ અસર પડે છે. અને ધીમે ધીમે આ મહત્વપૂર્ણ અંગ નબળું પડવા લાગે છે અને અંતે કામ કરવાનું બંધ કરી દે છે. શું તમે જાણો છો કે કિડની ફેલ થવાને કારણે તમારા પેશાબનો રંગ બદલાય છે? આ કિડની ફેલ્યરનું મુખ્ય લક્ષણ છે. આ સિવાય પણ કિડની ફેલ થવાની અનેક વોર્નિંગ સાઈન છે. આવો જાણીએ.

## કિડની ફેલ્યરના પ્રારંભિક સંકેતો-

આલ્કોહોલનું સેવન, હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ અથવા અમુક દવાઓનું સેવન કરવાથી કિડની ફેલ થઈ શકે છે. કિડનીના રોગના લક્ષણો ઘણું નુકસાન થયા પછી દેખાય છે. જો કે, કેટલીક સમસ્યાઓ તેના પ્રારંભિક લક્ષણો તરીકે જોઈ શકાય છે.

- ઓછી પેશાબ લાગવી.
- પાણી ભરાવવાને કારણે પગના સાંધામાં દુખાવો.
- શ્વાસ લેવામાં તકલીફ થવી.
- કિડની ફેલ થવા પર જોવા મળતા લક્ષણો-
- માથું દુખવું.
- શરીરમાં ખંજવાળ આવવી.
- સમગ્ર દિવસ થાક લાગવો.
- રાત્રીના ઉંઘવામાં તકલીફ.
- વજન ઘટવો અથવા ભૂખ ન લાગવી.
- શારીરિક કમજોરી.
- યાદશક્તિમાં કમી.
- એકાગ્રતાની કમી.

## યુરિનના રંગનો શું છે મતલબ

1) સાફ અથવા આછો પીળો રંગ-બોડી સારી રીતે હાઈડ્રેટેડ છે.
2) ગાઢ પીળો રંગ-શરીરમાં પાણીની કમી અથવા ડિહાઈડ્રેશન.
3) નારંગી રંગ-શરીરમાં ગંભીર પાણીની કમી અથવા લોહીમાં બાઈલના સંકેત.
4) ગુલાબી અથવા લાલ રંગ-યુરિનમાં લોહી હોવાને કારણે.
5) પેશાબમાં ફીણ-યુરિનમાં પ્રોટીનના સંકેત અથવા કિડની ફેલ્યર જેવા લક્ષણ.



# ઘણી બીમારીઓનો અક્સીર ઇલાજ છે લીમડો

## લીવર, પેટ, અસ્થમા અને દાંતને રાખે છે તંદુરસ્ત



લીમડો સ્વાસ્થ્ય માટે સ્વાસ્થ્યવર્ધક માનવામાં આવે છે. લીમડાના સેવનથી શરીર તંદુરસ્ત રહે છે. દરરોજ લીમડાના બે પણ ખાવામાં આવે તો ઓક્સિજન લેવલ મેન્ટેન રહે છે. તેમાં કાર્બોહાઈડ્રેટ, પ્રોટીન, ફેટ, ફાયબર, મેગ્નેશિયમ જેવા અનેક પોષકતત્વો પણ હોય છે. ભરપુર પ્રમાણમાં ગુણ હોવાના કારણે દરરોજ સવારે ભૂખ્યા પેટે લીમડો ખાવાની સલાહ આપવામાં આવે છે.

## લીમડાના પાનના ગુણ આવી રીતે કરે છે ફાયદો

**1. લીવર માટે ફાયદાકારક**

ખરાબ વસ્તુઓના અને વધુ આલ્કોહોલ ના સેવનના કારણે લિવરના સ્વાસ્થ્ય પર ખરાબ અસર કરે છે. ત્યારે દરરોજ લીમડાના પાનનું સેવન કરી લીવરને તંદુરસ્ત રાખી શકો છો. લીમડાના પાનનું રોજ સેવન કરવાથી લીવરને નુકસાન થતું અટકાવવામાં મદદ મળે છે. તેથી જો લીવરને લગતી કોઈ સમસ્યા હોય તો તમે રોજ ખાલી પેટે બે લીમડાના પાનનું સેવન કરી શકો છો.

**2. પેટમાં દુ;ખાવામાં રાહત આપે**

પેટના દુઃખાવાની સમસ્યાથી પરેશાન વ્યક્તિ માટે લીમડાના પાન ખૂબ ફાયદાકારક સાબિત થઈ શકે છે, લીમડાના પાનમાં એન્ટી ઓક્સીડેન્ટ, એન્ટી ઈન્ફ્લેમેટરી જેવા અનેક તત્વો ભરપૂર પ્રમાણમાં હોય છે. તેમાં એનાલ્જેસિક તત્વો પણ હોય છે. લીમડાના પાનના રોજ સેવન કરવાથી પેટમાં દુઃખાવો કે સોજાની સમસ્યા દૂર થાય છે. આથી રોજીંદા આહારમાં લીમડાના બે પાન ચોક્કસથી સામેલ કરી શકાય છે

**3. અસ્થમા કંટ્રોલ કરે**

અસ્થમા એ શ્વાસ સાથે સંકળાયેલો રોગ છે. તેમાં શ્વાસનમાર્ગે સોજો જોવા મળે છે. પરિણામે શ્વાસ લેવામાં તકલીફ, છાતીમાં દુઃખાવા સાથે ખેંચાણ જેવી સમસ્યાઓનો સામનો કરવો પડી શકે છે. અસ્થમાના રોગને કંટ્રોલ કરવાના લીમડાના પાન ફાયદાકારક સાબિત થઈ શકે છે. તમે લીમડાના પાનનું સવારે અને સાંજે સેવન કરી શકો છો.

**4. કફ નાશક**

કફની સમસ્યામાં લીમડાના પાનનું સેવન સારો વિકલ્પ સાબિત થાય છે, લીમડાના પાનમાં થેરાપાટીન નામનું તત્વ જોવા મળે છે, જેનું સેવન કરવાથી કફની સમસ્યામાં રાહત મળે છે. કફની સમસ્યા દૂર કરવા માટે લીમડાના પાનનું સેવન કરો, સાથે જ તેનો રસ પણ ડાયટમાં સામેલ કરી શકો છો. વધુ લાભ માટે લીમડાના પાનને સૂકવીને ઘી અને હળદરથી તેનો ઉપયોગ કરી શકો છો.

**5.દાંત સંબંધિત સમસ્યાઓમાં છુટકારો આપે**

લીમડામાં રહેલા તત્વ દાંતને લગતી સમસ્યાઓને દૂર કરવામાં ખૂબ મદદરૂપ થાય છે, તેમાં ફ્લેવોનોઇડ્સ, સ્ટેરોઇડ્સ, બાયોએક્ટિવ જેવા ઘણા તત્વો પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે, એક રિસર્ચ મુજબ તે દાંતને લગતી સમસ્યા અને મોંમાંથી આવતી દુર્ગંધને પણ દૂર કરે છે

**6. સ્કિનને તંદુરસ્ત રાખે**

ત્વચાને સુંદર રાખવામાં પણ લીમડાના પાનનું સેવન ખૂબ ફાયદાકારક સાબિત થઈ શકે છે. લીમડાના પાનના ખાસ ગુણ ત્વચા સાથે જોડાયેલી અનેક સમસ્યાઓથી છુટકારો મેળવવા મદદરૂપ સાબિત થઈ શકે છે. આ સાથે જ લીમડાના પાનમાં પ્રોટીનનું પ્રમાણ પણ ભરપૂર હોય છે. જે ખીલ, ફોલ્લીઓ જેવી ત્વચાને લગતી સમસ્યાને દૂર કરે છે. આ ઉપરાંત તમે લીમડાના પાનનું કોટિંગ પણ ત્વચા પર લગાવી શકો છો.



# દુનિયામાં દરેક વ્યક્તિની ફિંગર પ્રિન્ટ કેમ જુદી-જુદી હોય છે?



દુનયિામાં કરોડો લોકો રહે છે અને દરેક વ્યક્તિ બીજા કરતા અલગ હોય છે. બધાના ચહેરા અને આદતો પણ અલગ અલગ હોય છે. એવી જ રીતે બધા લોકોની આંગળીઓ પર અલગ અલગ નિશાન હોય છે, જેને ફિંગરપ્રિન્ટ કહેવામાં આવે છે. એક વ્યક્તિના ફિંગરપ્રિન્ટ બીજા સાથે મેચ નથી થતા. દરેક વ્યક્તિના હાથમાં સ્કીનનાં બે લેયર બનેલા હોય છે. પહેલી પરતને એપિડર્મિસ અને બીજી પરતને ડર્મિસ કહેવામાં આવે છે. જેમ જેમ માણસની ઉંમર વધે છે, તેમ તેમ આ પરત પણ એકસાથે વધે છે. આ જ બંને પરતથી બને છે ફિંગરપ્રિન્ટ. ફિંગરપ્રિન્ટ એટલા મહત્વપૂર્ણ હોય છે કે, તેનો ઉપયોગ પાસવર્ડ બનાવવામાં પણ થાય છે. આ જ કારણ છે કે મહત્વના દસ્તાવેજો બનાવવા માટે વ્યક્તિના ફિંગરપ્રિન્ટની જરૂર પડે છે. ચાલો જાણીએ ફિંગરપ્રિન્ટ સાથે જોડાયેલા રોચક તથ્યો.

**હાથ દાઝી જાય તો પણ ફિંગરપ્રિન્ટ નષ્ટ નથી થતા** | આજકાલ લોકો પોતાના મહત્વના દસ્તાવેજ પર ફિંગરપ્રિન્ટ લોક રાખે છે. સ્કૂલ, કોલેજ, ઓફિસમાં હાજરી માટે પણ ફિંગરપ્રિન્ટનો ઉપયોગ થાય છે. હાથની ત્વચામાં આ ફિંગરપ્રિન્ટ એટલા ઊંડા હોય છે કે હાથ દાઝી જાય અથવા એસિડ પણ પડે તો પણ ફિંગરપ્રિન્ટ નષ્ટ નથી થતા. આપણા હાથમાં કોઈ ઈજા પહોંચે તો પણ ફિંગરપ્રિન્ટ યથાવત્ રહે છે. જો હાથમાં કોઈ પ્રકારની સમસ્યા થાય અને ફિંગરપ્રિન્ટ ગાયબ થઈ જાય તો થોડા સમય પછી પાછા ત્વચા પર ઉપસી આવે છે.

ખૂબ જ આશ્ચર્યની વાત છે કે આખી દુનિયામાં કોઈના ફિંગરપ્રિન્ટ મેચ નથી થતા. દરેક વ્યક્તિના પોતાના યુનિક ફિંગરપ્રિન્ટ હોય છે અને તે આજીવન રહે છે. એટલા માટે જ વ્યક્તિની સરળતાથી ઓળખ કરવા માટે ફિંગરપ્રિન્ટનો ઉપયોગ થાય છે. કારણકે કોઈ વ્યક્તિ ચહેરો બદલી શકે, પરંતુ ફિંગરપ્રિન્ટને કોઈ નથી બદલી શકતુ.

**ગર્ભમાંથી જ બને છે ફિંગરપ્રિન્ટ** | જ્યારે માણસનો જન્મ પણ નથી થયો હોતો, ત્યારથી ફિંગરપ્રિન્ટ બનવા લાગે છે. જી હાં, બાળક જ્યારે માતાના ગર્ભમાં હોય છે, ત્યારથી ફિંગરપ્રિન્ટ બનવા લાગે છે. આ નિશાનો પાછળ વ્યક્તિના જીન્સ અને વાતાવરણનો પ્રભાવ હોય છે.

જેમ જેમ માણસની ઉંમર વધવા લાગે તેમ તેમ આ પ્રિન્ટ પણ મોટા થતા જાય છે. બાળપણમાં મુલાયમ હોવાની સાથે સાથે જેમ જેમ ઉંમર વધે છે, તેમ તેમ આ નિશાન થોડા કડક થતા જાય છે. માણસના મૃત્યુ સુધી ફિંગરપ્રિન્ટમાં કોઈ ફેરફાર થતો નથી.

# પિચ ક્યૂરેટર અને ગ્રાઉન્ડ સ્ટાફ માટે બીસીસીઆઈએ ખોલ્યો ખજાનો



ગુજરાત | વંદન

આઈપીએલની 15મી સીઝનની સમાપ્તિ થઈ ગઈ છે. આ વખતે ગુજરાત ટાઈટન્સની ટીમે ટ્રોફી કબજે કરી છે. ટૂર્નામેન્ટની લીગ મેચ મુંબઈના વાનખેડે, ડીવાઈ પાટીલ, બ્રેબોન અને પુણેના એમસીએ મેદાનમાં રમાઈ હતી. ત્યારબાદ પિચ ક્યૂરેટર અને ગ્રાઉન્ડ્સમેનને બીસીસીઆઈ દ્વારા મોટી ભેટ આપવામાં આવી છે. બીસીસીઆઈ સચિવ જય શાહે ટ્વીટ કરીને સ્ટેડિયમના પિચ ક્યૂરેટરને ઈનામ આપવાની જાહેરાત કરી છે.

બીસીસીઆઈ સચિવે કરી જાહેરાત

ભારતીય ક્રિકેટ બોર્ડના સચિવ જય શાહે પિચ ક્યૂરેટર અને ગ્રાઉન્ડ્સમેનને લઈને મોટી જાહેરાત કરવામાં આવી છે. તેમણે ટ્વીટ કરી કહ્યુ કે, મને આઈપીએલના અજાણ્યા હીરોઝ માટે 1.25 કરોડની પુરસ્કાર રકમની જાહેરાત કરતા ખુશી થઈ રહી છે. તેમણે ટાટા આઈપીએલ 2022માં પોતાનું બેસ્ટ આપ્યું છે.

જય શાહે ટ્વીટમાં કહ્યુ કે, આપણે આ સીઝનમાં ઘણી હાઈ વોલ્ટેજ ગેમ જોઈ છે. આ મુકાબલા માટે પિચ ક્યૂરેટર અને ગ્રાઉન્ડ સ્ટાફે ઘણી મહેનત કરી છે. તેવામાં બીસીસીઆઈ વાનખેડે, ડીવાઈ પાટિલ, બ્રેબોર્ન, એમસીએના દરેક પિચ ક્યૂરેક્ટરને 25 લાખ રૂપિયા અને ઈડન ગાર્ડન અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમના પિચ ક્યૂરેટરને 12.5 લાખ રૂપિયા ઈનામના રૂપમાં આપવામાં આવશે.

## ભારત-દક્ષિણ આફ્રિકા ટી-20 શ્રેણીમાં બાયોબબલ નહીં હોય

ગુજરાત | વંદન

ભારતીય ક્રિકેટરો માટે રાહતના સમાચાર છે. બીસીસીઆઈએ ભારત અને પ્રવાસી દક્ષિણ આફ્રિકા વચ્ચેની પાંચ મેચની ટ્વેન્ટી૨૦ શ્રેણી બાયોબબલ વિના જ યોજવાનો નિર્ણય લીધો છે. આમ, ભારતીય ટીમ બે વર્ષ બાદ પ્રથમવાર બાયોબબલ વિનાની શ્રેણીમાં રમશે.

કોરોનાએ બે વર્ષ અગાઉ પગપેસારો કર્યા બાદ ભારતીય ક્રિકેટ ટીમ બાયોબબલમાં જ રમતી આવી છે. બાયોબબલમાં ટીમના સદસ્યો-સપોર્ટ સ્ટાફ શ્રેણી દરમિયાન હોટેલથી સ્ટેડિયમ સિવાય ક્યાંય બહાર જઈ શકતી નથી. ટીમ રોકાઈ હોય ત્યાં સુધી હોટેલ સ્ટાફ-ગ્રાઉન્ડ સ્ટાફને પણ બાયોબબલ હેઠળ જ રહેવું પડે છે અને બાયોબબલમાં ન હોય તેવી વ્યક્તિને મળી શકતા નથી. જોકે, દક્ષિણ આફ્રિકા સામેની શ્રેણી વખતે આવી કોઈ પળોજણનો સામનો નહીં કરવો પડે.

બીસીસીઆઈના સેક્રેટરી જય શાહે જણાવ્યું કે, 'ભારત-દક્ષિણ આફ્રિકા શ્રેણી વખતે પ્લેયર્સને બાયોબબલમાં નહીં રહેવું પડે. આ શ્રેણી વખતે ખેલાડીઓનો માત્ર નિયમિત ધોરણે કોવિડ ટેસ્ટ કરાશે. બાયોબબલમાં રહેવું ખેલાડીઓ માટે મુશ્કેલ હતું. આ સ્થિતિમાં પ્લેયર્સને બાયોબબલમાં પરિવાર જેવું જ વાતાવરણ મળે તેની પૂરતી તકેદારી રાખવામાં આવી હતી. આઈપીએલમાં અમે પ્રત્યેક ટીમ માટે એક-એક હોટેલ ફાળવી દીધી હતી. સમગ્ર ટુર્નામેન્ટ પણ એક જ સ્થળે યોજવામાં આવી હતી. '

દક્ષિણ આફ્રિકાની ટીમ બીજી જૂનથી ભારતપ્રવાસે આવશે. ૯ જૂનથી શ્રેણીની પ્રથમ ટ્વેન્ટી૨૦ રમાશે. ભારતીય ટીમના સદસ્યો પાંચ જૂને એકત્ર થશે. આ શ્રેણી માટે રોહિત શર્મા, વિરાટ કોહલી, જસપ્રિત બુમરાહને આરામ આપવામાં આવ્યો છે. લોકેશ રાહુલ ભારતીય ટીમની આગેવાની કરવાનો છે.




# ટીમ હાર્દિક પર છન-છન ધનવર્ષા, મળશે અધધ... 20 કરોડ રૂપિયા

## ઉપ વિજેતા ટીમ રાજસ્થાનને મળશે 13 કરોડ

ગુજરાત | વંદન

હાર્દિક પંડ્યાની કેપ્ટનશિપવાળી ગુજરાત ટાઈટન્સે રાજસ્થાન રોયલ્સને 7 વિકેટથી હરાવીને IPL 2022નો ખિતાબ પોતાના નામે કર્યો છે. રાજસ્થાન રોયલ્સ દ્વારા રાખવામાં આવેલા 131 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ગુજરાત ટાઈટન્સની ટીમે 18.1 ઓવરમાં 3 વિકેટના નુકસાન પર 133 રન બનાવીને ફાઈનલ મુકાબલો પોતાના નામે કરી લીધો હતો. કેપ્ટન હાર્દિક પંડ્યાને તેના ઓલરાઉન્ડ પ્રદર્શનના કારણે મેન ઓફ ધ મેચ તરીકે પસંદ કરવામાં આવ્યો. હાર્દિક પહેલા બોલિંગમાં 3 વિકેટ બાદ બેટિંગમાં પણ 34 રનની ઈનિંગ રમ્યો હતો.

પોતાની ડેબ્યુ સીઝનમાં જ જીત નોંધાવનારી હાર્દિક પંડ્યા એન્ડ કંપનીને ચમકદાર ટ્રોફીની સાથે પ્રાઈઝ મની તરીકે 20 કરોડ રૂપિયા મળ્યા છે. ઉપ વિજેતા રાજસ્થાન રોયલ્સને 12.5 કરોડ જ્યારે ત્રીજા નંબરે રહેનારી રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂને 7 કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે. ચોથા નંબરે આવનારી લખનૌ સુપર જાયન્ટ્સને 6.5 કરોડ રૂપિયા મળ્યા છે. હાર્દિક પંડ્યાએ IPLમાં પહેલી વખત કેપ્ટનશિપ કરવાની સાથે ટીમને ચેમ્પિયન બનાવી છે.

## રાજસ્થાન રોયલ્સ ખિતાબ ચૂકી ગઈ



મેચની વાત કરીએ તો સ્કોરિંગ ફાઈનલ મુકાબલામાં રાજસ્થાન રોયલ્સના કેપ્ટન સંજૂ સૈમસને ટોસ જીતીને પહેલા બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. રાજસ્થાનની ટીમ ધાર્યું પ્રદર્શન ન કરી શકી અને 9 વિકેટમાં 130 રન જ બનાવી શકી. ટીમ તરફથી ઓપનર જોસ બટલર સૌથી વધારે 39 રનની ઈનિંગ રમ્યા. ગુજરાત તરફથી હાર્દિક પંડ્યાએ સૌથી વધારે 3 વિકેટ લીધી. સ્પિનર સાઈ કિશોરના ખાતામાં 2 વિકેટ ગઈ. મોહમ્મદ શમી, યશ દયાલ અને લોકી ફર્ગ્યુસનની ઝોળીમાં 1-1 વિકેટ ગઈ.

# બે જાણીતી મહિલા ક્રિકેટરોએ કર્યા લગ્ન

## ક્રિકેટ ક્ષેત્રે સમલૈંલિક લગ્નનો બીજો કિસ્સો

ગુજરાત | વંદન



આજથી 3 વર્ષ પહેલા ઓસ્ટ્રેલિયન મહિલા ક્રિકેટર નિકોલા હૈનકોકે ન્યૂઝીલેન્ડની મહિલા ક્રિકેટર હેલી જેન્સેન સાથે લગ્ન કર્યા હતા. ત્યારે તાજેતરમાં ક્રિકેટ જગતમાં વધુ એક સમલૈંગિક વિવાહ સંપન્ન થયા છે. આ વખતે ઈંગ્લેન્ડની બે મહિલા ક્રિકેટર્સે એકબીજા સાથે જીવનની નવી ઈનિંગની શરૂઆત કરી છે.

મહિલા વર્લ્ડ કપ 2017ની વિજેતા એવી ઈંગ્લેન્ડની ટીમના સદસ્ય કૈથરીન બ્રંટ અને નટ સ્કીવરે વીકેન્ડમાં લગ્ન કરી લીધા છે. ઈંગ્લેન્ડની પૂર્વ ફાસ્ટ બોલર ઈસા ગુહાએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર બંનેના લગ્નની તસવીર શેર કરીને લખ્યું હતું કે, 'ગર્વ. તમને બંનેને પ્રેમ.' ઈંગ્લેન્ડ ક્રિકેટના સત્તાવાર ટ્વિટર હેન્ડલ દ્વારા પણ આ કપલને લગ્નની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. ઈંગ્લેન્ડ ક્રિકેટે ટ્વિટમાં લખ્યું હતું કે, 'વીકેન્ડ દરમિયાન લગ્ન કરનારા કૈથરીન બ્રંટ અને નટ સ્કીવરને અમારી હાર્દિક શુભેચ્છાઓ.'

સ્કીવર અને બ્રંટ હવે દક્ષિણ આફ્રિકાના મારિઝેન કપ અને ડેન વેન નિકેર્ક, ન્યૂઝીલેન્ડના એમી સૈટરથવેટ તથા લી તાહુહૂ બાદ વધુ એક ક્રેકિટ કપલ બની ગયા છે. સ્કીવર અને બ્રંટ બંને ઈંગ્લેન્ડની વર્લ્ડ કપ ટીમના સદસ્ય હતા અને ટીમ ટુર્નામેન્ટની ફાઈનલમાં પહોંચી ગઈ હતી.

બ્રંટ ઈંગ્લેન્ડ માટે 14 ટેસ્ટ, 140 વનડે અને 96 ટી-20 રમી છે જેમાં રમતના તમામ ફોર્મેટ્સમાં 316 વિકેટ લીધી છે. આ વર્ષના વર્લ્ડ કપમાં બ્રંટ ઈંગ્લેન્ડ માટે 4 મેચ રમી હતી જેમાં તેણે 4 વિકેટ લીધી હતી. બીજી બાજુ સ્કીવરે 7 ટેસ્ટ, 89 વનડે અને 91 ટી-20માં ઈંગ્લેન્ડનું પ્રતિનિધિત્વ કર્યું છે. ઓસ્ટ્રેલિયા સામેની 2022ની મહિલા વિશ્વ કપની ફાઈનલમાં સ્કીવર 148 રનની અણનમ પારી રમી હતી.

2022ના વર્લ્ડ કપમાં 8 મેચમાં 436 રન નોંધાવ્યા બાદ સ્કીવર સૌથી વધુ રન બનાવનારી ત્રીજી ખેલાડી બની હતી.

# રાજસ્થાન રોયલ્સના બટલરને છ એવોર્ડ સાથે 60 લાખનો રોકડ પુરસ્કાર



ગુજરાત | વંદન

આઈપીએલની ફાઈનલમાં ગુજરાત ટાઈટન્સે રાજસ્થાન રોયલ્સને હરાવીને ચેમ્પિયનશિપ જીતી લીધી હતી. ચેમ્પિયન બનેલી ગુજરાતની ટીમને રુપિયા ૨૦ કરોડ મળ્યા હતા. જ્યારે રનર્સઅપ બનેલી રાજસ્થાન રોયલ્સની ટીમને ૧૨.૫ કરોડ રુપિયા એનાયત કરવામાં આવ્યા હતા. જોકે વ્યક્તિગત એવોર્ડ્સમાં જોશ બટલર છવાઈ ગયો હતો.

બટલરને જુદા-જુદા છ એવોર્ડ મળ્યા હતા અને તેને કુલ મળીને રૂપિયા ૬૦ લાખનો રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. બટલરે સિઝનમાં સૌથી વધુ ૮૬૩ રન ફટકાર્યા હતા. જે બદલ તેને ૧૦ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત ૨૦૨૨ની સિઝનમાં સૌથી વધુ ૪૫ સિક્સર અને સૌથી વધઉ ૮૩ ચોગ્ગા ફટકારવા બદલ તેને ૧૦-૧૦ લાખ રૂપિયાનો રોકડ પુરસ્કાર અપાયો હતો.તેને ગેમ ચેન્જર, પાવર પ્લેયરની સાથે મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર ઓફ ધ સિઝનનો એવોર્ડ મળ્યો હતો. આ ત્રણેય એવોર્ડ માટે તેને રૂપિયા ૧૦-૧૦ લાખ રૂપિયા એનાયત કરવામાં આવ્યા હતા.

બટલરના સાથી ખેલાડી યઝવેન્દ્ર ચહલને સિઝનમાં સૌથી વધુ વિકેટ ઝડપવા બદલ રૂપિયા ૧૦ લાખ આપવામાં આવ્યા હતા. જ્યારે ઉમરાન મલિક ઈમર્જિંગ પ્લેયર ઓફ ધ યર જાહેર થયો હતો. તેને પણ રૂપિયા ૧૦ લાખનો ચેક એનાયત થયો હતો. લખનઉની ટીમમાં સામેલ વિન્ડિઝના ખેલાડી લુઈસે કોલકાતા સામે ઝડપેલા ક્લાસિક કેચને કેચ ઓફ ધ ટુર્નામેન્ટ જાહેર કરવામાં આવ્યો હતો. તેના કેચને પરિણામે કોલકાતા પ્લે ઓફની રેસમાંથી બહાર ફેંકાયું હતુ. લુઈસને પણ 10 લાખનું રોકડ ઈનામ અપાયું હતુ.

### 30 લાખ રૂપિયાના ચેક બાઉન્સ મુદ્દે કોર્ટમાં કેસ દાખલ

## બિહારના બેગુસરાઈમાં ધોની સામે કેસ

ગુજરાત | વંદન

ભારતને વર્લ્ડ કપ સહિતની તમામ મોટી ટ્રોફી જીતાડનાર કેપ્ટન કૂલ મહેન્દ્ર સિંહ



ધોની સામે ફરિયાદ નોંધાઈ છે. બિહારના બેગુસરાઈમાં ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન કૂલ તરીકે ઓળખાતા અને IPL સિવાય ક્રિકેટના તમામ ફોર્મેટમાંથી નિવૃત્તિ લેનાર મહેન્દ્ર સિંહ ધોની સામે કેસ નોંધાયો છે. આ કેસ બેગુસરાય કોર્ટમાં નોંધાયો છે. 30 લાખ રૂપિયાના ચેક બાઉન્સ મુદ્દે મહેન્દ્ર સિંગ ધોની વિરુદ્ધ કેસ દાખલ થયો છે. ધોની સહિત 7 લોકો સામે ખાતર વિક્રેતાએ કેસ દાખલ કર્યો છે. આ વિવાદ બે કંપની વચ્ચે છે ખાતર બનાવતી કંપનીએ તેની પ્રોડક્ટના વેચાણ માટે એસકે એન્ટરપ્રાઈઝ બેગુસરાય નામની એજન્સી સાથે કરાર કર્યો હતો. કંપની વતી ખાતર એજન્સીને મોકલવામાં આવ્યું હતુ પરંતુ ત્યાંથી માર્કેટિંગનો સહયોગ મળ્યો ન હતો. બાદમાં એજન્સીના માલિક નીરજ કુમાર નિરાલાએ કંપની પર અસહકારનો આરોપ લગાવ્યો અને કહ્યું કે તેના કારણે નુકસાન થયું છે...

# માલદીવમાં નીરજ ચોપરા માણી રહ્યો છે વેકેશનની મજા, પાણીની અંદર જેવલીન થ્રોની પ્રેક્ટિસ કરી

ગુજરાત | વંદન

ઓલિમ્પિકમાં ગોલ્ડ મેડલ જીત્યા બાદ નીરજ ચોપરા હાલ માલદીવમાં વેકેશનની મજા માણી રહ્યો છે. 23 વર્ષીય ગોલ્ડ મેડાલિસ્ટ નીરજ ચોપરા માલદીવના ફૂરાવેરી રિસોર્ટમાં રોકાયો છે. માલદીવમાં નીરજ ચોપરાએ સ્કૂબા ડાઈવિંગ કર્યું હતું. જેમાં તેણે પાણીની અંદર જેવલીન થ્રોની પ્રેક્ટિસ કરી હતી. અને તેનો વિડીયો તેણે સોશિયલ મીડિયામાં શેર કર્યો હતો.

નીરજ ચોપરાએ જેવલીનને લઈને તે કેટલો સમર્પિત છે તે દેખાડવાનો પ્રયાસ કર્યો છે. વિડીયો શેર કરતાં નીરજે લખ્યું છે કે- આકાશ પર, જમીન પર કે પાણીની અંદર, હું હંમેશા જેવલીન



અંગે વિચારું છું! અને આ સાથે તેણે લખ્યું છે કે, ટ્રેનિંગ શરૂ થઈ ગઈ છે. વિડીયોમાં જોઈ શકાય છે કે, નીરજ ચોપરા જેમ જમીન પર જેવલીન થ્રો કરવાની પ્રેક્ટિસ કરે છે, તેવી જ પ્રેક્ટિસ તે સ્કૂબા ડાઈવિંગ સમયે પાણીની અંદર કરી રહ્યો છે.

**ભાઈ સાથે માલદીવમાં માણી રહ્યો છે વેકેશન** | ટોક્યોથી ઓલિમ્પિક ગોલ્ડ મેડલ જીત્યા બાદ નીરજના માન-સન્માનમાં અનેક કાર્યક્રમો આયોજિત થયા હતા. તો સ્વદેશ પરત ફરતાંની સાથે જ નીરજ ચોપરા બીમાર થઈ ગયો હતો. અને બીમારીથી સાજા થયા બાદ તે વેકેશન માણવા માટે માલદીવ પહોંચ્યો છે. નીરજ ચોપરા પોતાના ભાઈ સાથે માલદીવ પહોંચ્યો છે. અને માલદીવ જતાં પહેલાં તેણે સોશિયલ મીડિયામાં પોસ્ટ કરીને લખ્યું હતું કે, એલાર્મ ઓફ અને વેકેશન મોડ ઓન.

અને 2008માં અભિનવ બિન્દ્રા બાદ ગોલ્ડ મેડલ જીતનાર તે પ્રથમ ખેલાડી છે. ભારતના ઓલિમ્પિકના ઈતિહાસમાં વ્યક્તિગત સ્પર્ધામાં શૂટર અભિનવ બિન્દ્રા બાદ નીરજ ચોપરાએ બીજો ગોલ્ડ મેડલ જીત્યો હતો.

# હાર્દિક બની શકે છે ભારતીય ટીમનો કેપ્ટન, ગાવસ્કરએ કરી ભવિષ્યવાણી

ગુજરાત | વંદન

IPL 2022માં હાર્દિક પંડ્યાએ જે રીતે ગુજરાત ટાઈટન્સ ટીમનું નેતૃત્વ કર્યું અને જીત અપાવી તેની વાહવાહી થઈ રહી છે. તેની કુશળતાથી પ્રભાવિત પૂર્વ ભારતીય ક્રિકેટર સુનીલ ગાવસ્કરનું માનવું છે કે, આ સ્ટાર ઓલરાઉન્ડર નજીકના ભવિષ્યમાં ભારતીય ટીમની કેપ્ટનશિપ કરવાના પ્રબળ દાવેદાર તરીકે ઉભરાઈને સામે આવ્યો છે. ગયા વર્ષે ટી20 વર્લ્ડ કપમાં ખરાબ પ્રદર્શનના કારણે હાર્દિક પંડ્યાને ફેન્સની નફરતનો સામનો કરવો પડ્ય હતો, પરંતુ તેણે આ વખતે IPLમાં જબરદસ્ત વાપસી કરી છે. સુનીલ ગાવસ્કરે કહ્યું હતું કે, 'આ માત્ર મારું જ નહીં પરંતુ તમામનું મૂલ્યાંકન છે, તે નેતૃત્વકર્તાના



રૂપમાં હાર્દિક પંડ્યા સારો ખેલાડી સાબિત થયો છે. આ તેની ગેમનું એક એવું પાસું હતું જેના વિશે વધારે કોઈ જાણતું નહોતું. જ્યારે તમારી અંદર નેતૃત્વ ક્ષમતા હોય છે ત્યારે નજીકના ભવિષ્યમાં ભારતીય ક્રિકેટ ટીમની કેપ્ટનશિપનો રસ્તો આપોઆપ ખુલી જાય છે'.

ગાસ્વકરે ઉમેર્યું હતું કે, 'તે રોમાંચક છે, ત્રણ અથવા ચાર નામ રેસમાં છે. હું તેમ નહીં કહું કે, આગામી તે જ હશે પરંતુ સિલેક્શન કમિટી પાસે સારા વિકલ્પ હોવા તે સારી વાત છે'. ફાઈનલ મેચમાં હાર્દિક પંડ્યાએ રાજસ્થાન રોયલ્સ સામે 17 રન પર ત્રણ વિકેટ ઝડપ્યા બાદ 30 બોલમાં 34 રન રમીને ગુજરાત ટાઈટન્સને સાત વિકેટથી જીત અપાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. હાર્દિક પંડ્યાએ ટુર્નામેન્ટમાં 487 રન બનાવવા સિવાય આઠ વિકેટ ઝડપી હતી.

સુનીલ ગાવસ્કરે કહ્યુ હતું કે 'આપણને બધાને ખબર છે કે હાર્દિક પંડ્યા બેટ સાથે શું કરી શકે છે, તે બોલ સાથે શું કરી શકે છે. લીગની શરૂઆત પહેલા થોડી ચિંતા હતી કે શું તે બોલિંગ કરી શકશે.

હાર્દિક પંડ્યાએ IPLમાં સારું પર્ફોર્મન્સ કરતાં સાઉથ આફ્રિકા સામેની પાંચ મેચની T20 સીરિઝમાં ભારતીય ટીમમાં કમબેક કર્યું છે. આ ટીમની કમાન કેએલ રાહુલને સોંપવામાં આવી છે.

**નિષ્ફળતા** કોહલીના ખરાબ ફોર્મથી નિરાશ થયો સહેવાગ

# વિરાટે આ સિઝનમાં એટલી ભૂલ કરી છે કે તેણે પોતાના આખા કરિયરમા નહીં કરી હોય: સહેવાગ



ગુજરાત | વંદન

IPL 2022માં વિરાટ કોહલી( પોતાનું ખાસ પ્રદર્શન બતાવી શક્યો નથી. વિરાટ ક્વાલીફાયર 2માં માત્ર 7 રન બનાવીને હારી ગયો હતો. વિરાટ કોહલીના ખરાબ ફોર્મ માટે વીરેન્દ્ર સહેવાગ પોતાની પ્રતિક્રિયા આપી છે. સહેવાગે કોહલીને લઈને કહ્યું હતું કે, વિરાટે આ સિઝનમાં એટલી ભૂલ કરી છે કે તેણે પોતાના આખા કરિયરમા નહીં કરી હોય. કોહલી આ સિઝનમાં માત્ર 2 અડધી સદી ફટકારી શક્યો હતો.

ભૂતપૂર્વ દિગ્ગજ બેટ્સમેને કોહલી અંગે કહ્યું હતું કે, જ્યારે તમે ફોર્મની બહાર જાવ છો, તેથી તમે આત્મવિશ્વાસ મેળવવા માટે દરેક બોલને બેટની વચ્ચેથી રમવાનો પ્રયાસ કરો છો. પ્રથમ ઓવરમાં તેણે કેટલાક બોલ છોડી દીધા હતા પરંતુ બધું ઠીક આવી રીતે જ થાય છે. તમે બોલને ઓફ-સ્ટમ્પની બહાર જવા પણ નથી દેતા. ક્યારેક ક્યારેક કિસ્મત તમારો સાથ નથી આપતી. આ તે વિરાટ કહોલી નથી જેને અમે જાણીએ છીએ. આ સિઝનમાં કંઈક અલગ જ કોહલી જોવા મળ્યો હતો.

સહેવાગે વધુમાં કહ્યું હતું કે, જ્યારે તમે રન નથી બનાવી શકતા ત્યારે તમે અલગ-અલગ રીતે પ્રયત્ન કરો છો અને બાદમાં કંઈક અલગ રીતે આઉટ ન થાવ એ માટે પ્રયત્ન કરો છો પરંતુ તમે આ સીઝનમાં દરેક રીતે આઉટ થતા જોવા મળ્યા હતા. કોહલીના આ પ્રદર્શનથી લોકો ચિંતામાં જોવા મળ્યા છે. કોહલીએ આ સિઝનમાં તેના ચાહકોને નિરાશ કર્યા છે. સાથે જ RBCના લાખો ચાહકો ટીમની હારને કારણે નારાજ થયા છે.

### વિરાટનું ખરાબ ફોર્મ યથાવત

તમને જણવી દઈએ કે, વિરાટ કોહલી માટે IPL 2022ની સીઝન કંઈ ખાસ નથી રહી. આ સીઝનમાં વિરાટ કોહલી સતત ખરાબ ફોર્મમાં જોવા મળ્યો હતો. વિરાટ કોહલીએ લીગ સ્ટેજની 14 મેચોમાં 23.77ની સરેરાશથી 309 રન બનાવ્યા હતા. ત્યાં જ આ સીઝનમાં રમેલી 16 મેચોમાં 22.73ની સરેરાશથી 341 રન બનાવ્યા હતા. વિરાટ કોહલીએ આ સીઝનમાં ફક્ત 115.99ની સ્ટ્રાઈક રેટથી રન બનાવ્યા અને 2 જ અર્ધશતક બનાવ્યા હતા.

# ગુજરાતની માના પટેલનો 100 મીટર વિમેન્સ બેકસ્ટ્રોકમાં બેસ્ટ ઈન્ડિયન ટાઈમ

■ ફ્રાન્સમાં યોજાયેલી સ્વિમિંગ મીટમાં મેળવેલી સિદ્ધિ

ગુજરાત | વંદન



ગુજરાતની ઓલિમ્પિયન સ્વિમર માના પટેલે ફ્રાન્સમાં યોજાયેલી એક ઈવેન્ટમાં મહિલાઓની ૧૦૦ મીટર બેક સ્ટ્રોક ઈવેન્ટમાં બેસ્ટ ઈન્ડિયન ટાઈમ આપીને રેકોર્ડ નોંધાવ્યો હતો. ૨૨ વર્ષીય માનાએ ફ્રાન્સની કાનેટ લેગ ઓફ મારે નોસ્ટ્રુમમાં આ સફળતા મેળવતા રેસ એક મિનિટ અને ૩.૬૯ સેકન્ડમાં પુરી કરી હતી.

ટુર્નામેન્ટના આખરી દિવસે માનાએ તેનો વ્યક્તિગત શ્રેષ્ઠ દેખાવ કરતાં આ રેકોર્ડ હાંસલ કર્યો હતો. નોંધપાત્ર છે કે, અગાઉનો રેકોર્ડ પણ માનાના નામે જ હતો. તેણે ગત વર્ષે બેલગ્રાડેમાં યોજાયેલી ઈવેન્ટમાં એક મિનિટ અને ૩.૭૭ સેકન્ડનો સમય આપ્યો હતો.

માનાએ આ મીટમાં બી ફાઈનલ માટે ઓવરઓલ ૧૫માં ક્રમે ક્વોલિફાય કર્યું હતુ. જ્યાં તેણે એક મિનિટ અને ૩.૮૭ સેકન્ડનો સમય આપ્યો હતો. સ્વિમિંગમાં નેશનલ એક્વેટિક ચેમ્પિયનશિપમાં નોંધાતા રેકોર્ડને જ નેશનલ રેકોર્ડ તરીકે માન્યતા મળે છે. જેના કારણે અન્ય મીટમાં નોંધાતા રેકોર્ડને બેસ્ટ ઈન્ડિયન ટાઈમ તરીકે ઓળખવામાં આવે છે.

# રેલવે બોર્ડે એક ઝાટકે 40,000 નોકરીઓ પર કાતર ફેરવી નાખી

ગુજરાત | વંદન

કેન્દ્રિય રેલ મંત્રાલયના રેલવે બોર્ડ દ્વારા ભારતીય રેલમાં નોન સેફ્ટી કેટેગરીમાં ખાલી પડેલી હજારો જગ્યાઓમાંથી ૫૦ ટકા જગ્યા સરન્ડર કરવાનો નિર્ણય લેવાયો છે. રેલવે બોર્ડના આ નિર્ણય સામે ભારે વિરોધ ઉભો થયો છે. અગામી દિવસોમાં રેલ મંત્રાલય અને રેલ યુનિયનો વચ્ચે ઘર્ષણ ઉભુ થશે એવો માહોલ સર્જાયો છે.

નેશનલ ફેડરેશન ઓફ ઈન્ડિયન રેલવેમેન (એનએફઆઈઆર)ના જનરલ સેક્રેટરી ડો.એમ.રાવઘવૈયાએ ગત શુક્રવારે રેલવે બોર્ડના ચેરમેન વી.કે.ત્રિપાઠીને પત્ર લખીને ચેતવણી આપી છે કે નોન સેફ્ટી શ્રેણીમાં આવતી જગ્યાઓમાં ૫૦ ટકા મહેકમ ઘટાડવાનો જે નિર્ણય લેવાયો છે તે અયોગ્ય છે અને તેના વિરોધમાં દેશના તમામ રેલવે સ્ટેશનો પર હડતાલ પાડવામાં આવશે. ડો.રાઘવૈયાનું કહેવુ છે કે તા.૨૦ મે ૨૦૨૨ના રોજ નોન સેફ્ટી કેટેગરી અંતર્ગત આવતા વિભાગો જેમ કે કોમશયલ, એન્જિનિયરિંગ, મેડિકલ, એસ્ટાબ્લીસમેન્ટ, એકાઉન્ટ્સ, સ્ટોર્સ, કોચ ફેક્ટરીઓ, ઉત્પાદન એકમો અને વર્કશોપ મળીને હાલમાં આશરે ૮૦,૦૦૦થી વધુ જગ્યાઓ ખાલી છે જેના પર લાંબા સમયથી ભરતી કરાઇ નથી. હવે, ભરતીની વાત તા દૂર રહી, રેલવે બોર્ડે આ ૮૦,૦૦૦ જગ્યાઓમાંથી ૫૦ ટકા જગ્યા એટલે કે ૪૦,૦૦૦ જગ્યાઓને ઘટાડવાનો નિર્ણય લીધોં છે. આ નિર્ણયથી ૪૦,૦૦૦ નોકરીઓ પર સીધી અસર થશે

વેસ્ટર્ન રેલવે મજદૂર સંઘના પ્રમુખ શરીફખાન પઠાણે કહ્યું હતુ કે રેલવે બોર્ડના આ નિર્ણયથી બેરોજગારીનો દર વધશે.બીજી તરફ નોન સેફ્ટી કેટેગરીમાં કામ કરતા કર્મચારીઓ પર કામનું ભારણ વધશે. રેલવે હવે ખાનગીકરણ તરફ વધી રહી છે. કર્મચારીઓની ભરતી પણ કોન્ટ્રાક્ટ પર અને આઉટ સોર્સિંગથી કરવા માગે છે. રેલવેની મિલકતો વેચવામાં આવી રહી છે.

રેલવે બોર્ડના ચેરમેને એક ઝાટકે એક પત્રથી ૪૦,૦૦૦ નોકરીઓ પર કાતર ફેરવી દીધી છે.એનએફઆઈઆર તેનો વિરોધ કરે છે અને જો રેલવે બોર્ડ તેનો નિર્ણય પરત નહી લે તો દેશભરમાં ધરણા, રેલીઓ, વિરોધ પ્રદર્શનો, સૂત્રોચ્ચાર અને હડતાલ આંદોલન શરૂ કરવામાં આવશે.


# રશિયાના સુપ્રિમો પુતિનનું મોત- બ્રિટિશ જાસૂસનો દાવો

■ તેમનો ડુપ્લિકેટ હાલમાં જાહેર સમારોહમા હાજરી આપી રહ્યા છે, સનસનાટી

ગુજરાત | વંદન

રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા જંગની વચ્ચે બ્રિટનની જાસૂસી એજન્સી એમઆઈ 6 દ્વારા એક આશ્ચર્યજનક દાવો કરવામાં આવ્યો છે. એજન્સીના અધિકારીઓનુ કહેવુ છે કે, રશિયન રાષ્ટ્રપતિ પુતિનનુ મોત થઈ ચુકયુ છે અને તેમનો ડુપ્લિકેટ જાહેર સમારોહમાં દેખાઈ રહ્યો છે.પુતિનના સાથીદારો પુતિનના મોતને દુનિયા અને દેશથી થોડા સમય માટે છુપાવવા માંગે છે.

બ્રિટિશ અખબારે એમ આઈ 6ના અધિકારીઓના હવાલાથી કહ્યુ હતુ કે, શક્ય છે કે, પુતિનની મીડિયામાં જે હાજરી દેખાઈ રહી છે તે પહેલા કરાયેલા રેકોર્ડિંગ સ્વરુપે છે.પુતિનનુ મોત થયુ



હોવાની શક્યતા છે અને તેમના જેવા દેખાતા વ્યક્તિએ તેમની જગ્યા લીધી હોવાની શકયતા પણ છે.જોકે આ એક શક્યતા છે અને સત્ય જાણવુ અસભંવ છે.

સૂત્રોને ટાંકીને કહેવાયુ છે કે, આ પહેલા પણ પુતિન જ્યારે અસ્વસ્થ હતા ત્યારે તેમના ડુપ્લિકેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.પુતિનના નિકટના લોકોને ડર છે કે, પુતિનના મોતની જાણકારી બહાર આવશે તો રશિયામાં સત્તાપલટો થશે અને રશિયન આર્મી જનરલો સેનાને યુક્રેનમાંથી પાછી બોલાવી લેશે. એટલે પુતિનને જીવતા દર્શાવવામાં જ તેમની આસપાસના લોકોનો ફાયદો છે. બે સપ્તાહ પહેલા રશિયાના એક અબજોપતિએ દાવો કર્યો હતો કે, પુતિન બ્લડ કેન્સર સામે ઝઝૂમી રહ્યા છે અને તે ભારે બીમાર છે.

જયારે બ્રિટિશ જાસૂસી એજન્સીના એક પૂર્વ જાસૂસ ક્રિસ્ટોફર સ્ટીલે એવો દાવો કર્યો હતો કે, ખરાબ તબિયતના કારણે પુતિનની રશિયા પરની પકડ ઢીલી પડી રહી છે અને તેઓ દેશને અરાજકતા તરફ ધકેલી રહ્યા છે.

આખા વિશ્વમાં ફૂડ, એનર્જી તેમજ ખાતરના ભાવ આસમાને પહોંચ્યા

# યૂક્રેન યુદ્ધને કારણે વૈશ્વિક મંદી સર્જાવાનો ખતરો : વર્લ્ડ બેન્ક

ગુજરાત | વંદન



રશિયાએ યૂક્રેન પર આક્રમણ કરીને છેડેલા યુદ્ધને કારણે વૈશ્વિક મંદી સર્જાવાનો ખતરો ઊભો થયો છે તેવી ચેતવણી વર્લ્ડ બેન્કના પ્રેસિડેન્ટ ડેવિડ માલ્પાસ દ્વારા ઉચ્ચારવામાં આવી છે. વર્લ્ડ બેન્કે 2022 માટે ગ્લોબલ ગ્રોથનો અંદાજ 4.1 ટકાથી ઘટાડીને 3.2 ટકા કર્યો છે. ભારત માટે વર્લ્ડ બેન્કે એપ્રિલમાં ગ્રોથનો અંદાજ 8.7 ટકાથી ઘટાડીને 8 ટકા કર્યો છે. ફુગાવામાં વધારો અને સપ્લાય ચેનમાં અવરોધોને કારણે ભારતનો ગ્રોથ ઘટશે.અનાજની અછત નિવારવા વર્લ્ડ બેન્કે 30 અબજ ડૉલરની સહાય જાહેર કરી છે. યૂક્રેન યુદ્ધને કારણે આખા વિશ્વમાં ફૂડ, એનર્જી તેમજ ખાતરના ભાવ આસમાને પહોંચ્યા છે જેની સૌથી ખરાબ અસર વિકાસશીલ દેશોને થઈ છે. યૂક્રેન અને રશિયાના ગ્રોથમાં મોટાપાયે ઘટાડો થઈ શકે છે જ્યારે યુરોપ અને અમેરિકાનો ગ્રોથ ધીમો પડશે. ચીનનો ગ્રોથ પણ ઘેરી મંદી વચ્ચે સપડાશે. કોરોના, ફુગાવો તેમજ અગાઉથી ચાલી રહેલી રીઅલ એસ્ટેટ ક્ષેત્રની મંદી ચીનના ગ્રોથને ધીમો પાડશે. વર્લ્ડ બેન્કના વડાએ કહ્યું કે વિશ્વ સ્તરે મંદી કેવી રીતે નિવારવી તે મહત્ત્વનું છે. ગ્લોબલ GDPને મંદીમાં ઘેરાતી રોકવા અત્યારથી જ પગલાં લેવા પડશે. એનર્જી એટલે કે ક્રૂડ ઓઈલના ભાવ બમણા થઈ ગયા છે જે મંદીને ઊભી કરવા માટે પૂરતા છે. જો કે મંદી ક્યારે શરૂ થશે તે તેમણે કહ્યું ન હતું. કોરોનાને લગતા પ્રતિબંધો પણ મંદીને નોતરી શકે છે. વર્લ્ડ બેન્કના વડાની ચેતવણી અગાઉ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ટરનેશનલ ફાઈનાન્સ દ્વારા 2022નો ગ્લોબલ ગ્રોથ આઉટલૂક 4.6 ટકાથી ઘટાડીને 2.3 ટકા કરાયો છે. યુએસ, જાપાન, યુરોપના દેશોનો ગ્રોથ 1.9 ટકા અને ચીનનો 5.1 ટકાથી ઘટીને 3.5 ટકા રહી શકે છે.

UPSC ટોપર બનતા શ્રુતી શર્મા : પ્રથમ ચાર સ્થાન પર ગર્લ પાવર

# સીવીલ સેવાનું પરિણામ જાહેર: કુલ 685 ઉમેદવારોએ દેશની સૌથી ટફ પરીક્ષા કલીયર કરી

ગુજરાત | વંદન

દેશમાં લાખો યુવાઓમાં ડ્રીમ, જોબ માટે લેવાતી યુનિયન પબ્લીક સર્વિસ કમીશન (યુપીએસસી) 2021નું આખરી પરિણામ જાહેર થયું છે અને પ્રથમ વખત ટોપ-4 સ્થાનો પર યુવતીઓએ મેદાન માર્યુ છે. ઓલ ઈન્ડીયા રેન્કીંગમાં પ્રથમ સ્થાને શ્રુતી શર્મા આવ્યા છે.

શ્રુતી શર્મા જવાહરલાલ નહેરુ યુનિ.માં પોષ્ટ ગ્રેજયુએશન બાદ યુપીએસસીની તૈયારી કરી રહ્યા હતા. જયારે બીજા સ્થાને અંકીતા અગ્રવાલ ત્રીજા સ્થાન ગામીની શિંગલા અને ચોથા સ્થાને ઐશ્વર્યા વર્મા આવ્યા છે.



ટોપ 10 માં પાંચ ગર્લ સ્ટુડન્ટસનો સમાવેશ થાય છે. કુલ 685 ઉમેદવારોએ મેદાન માર્યુ છે અને હવે તેઓ આઈએએસ, આઈપીએસ સહિતની કેડરમાં સેવા આપવા માટે પસંદ કરાશે.

# મૂસેવાલાની હત્યા બાદ અન્ય સિંગર મિકાને મળી ધમકી! સુરક્ષામાં વધારો

ગુજરાત | વંદન

સિદ્ધુ મૂસેવાલા ને મિકા સિંહ ખાસ મિત્ર હતા, સો.મીડિયામાં લોરેન્સ બિશ્નોઈના પેજને બૅન કરવાની ડિમાન્ડ કરતાં પોલીસે સુરક્ષા વધારી

લોકપ્રિય પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલાની નિર્મમ હત્યા બાદ જોધપુરમાં બોલિવૂડ સિંગર મિકા સિંહની પોલીસ સુરક્ષા વધારી દેવામાં આવી છે. મિકા સિંહ હાલમાં જોધપુરમાં પોતાના નવા શો 'મિકા દી વોટી'નું શૂટિંગ કરી રહ્યો છે. જોધપુર કમિશનરે સિંગર મિકા સિંહની સુરક્ષામાં વધારો કર્યો છે. હોટલમાં મોટી સંખ્યામાં પોલીસ જોવા મળી હતી. સેટ પર પણ પોલીસ જવાન જોવા મળ્યા હતા. નોંધનીય છે કે મિકા સિંહ તથા સિદ્ધુ મૂસેવાલા ખાસ મિત્રો હતા. સિદ્ધુના મોત બાદ મિકા સિંહે સો.મીડિયામાં પોસ્ટ શૅર કરી હતી.

DCP ભુવન ભૂષણ યાદવે કહ્યું હતું કે પંજાબી સિંગર સિદ્ધુની હત્યા બાદ સાવચેતી માટે મિકા સિંહની સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. જોકે મિકાએ આ અંગે કોઈ ડિમાન્ડ કરી નહોતી.

મિકાએ સો.મીડિયામાં પોસ્ટ શૅર કરીને કહ્યું હતું, 'હું હંમેશાં કહેતો કે મને પંજાબી હોવા પર ગર્વ છે, પરંતુ આજે મને આ વાત કહેતા શરમ આવે છે. 28 વર્ષનો યંગ ટેલન્ટેડ યુવક ઘણો જ લોકપ્રિય હતો, તેનું ભવિષ્ય ઊજળું હતું, પરંતુ પંજાબમાં પંજાબીઓએ જ તેને મારી નાખ્યો. ભગવાન તેના આત્માને શાંતિ આપે. પરિવાર પ્રત્યે સાંત્વના. હું પંજાબ સરકારને વિનંતી કરું છું કે તે ગુનેગારો વિરુદ્ધ કડક કાર્યવાહી કરે.'

અન્ય એક પોસ્ટમાં મિકાએ કહ્યું હતું, 'મિસ યુ ભાઈ. બહુ જલદી જતો રહ્યો. લોકો હંમેશાં તારા નામ, ફૅમ તથા ઈજ્જતને યાદ કરશે. આ સાથે જ તારા તમામ હિટ રેકોર્ડ્સ પણ યાદ રહેશે. ભગવાન તારી આત્માને શાંતિ આપે. સતનામ વાહેગુરુ.'

## સિદ્ધુની હત્યાના એક દિવસ પહેલાં જ સિક્યોરિટી ઘટાડવામાં આવી



પંજાબના સિંગર સિદ્ધુ મૂસેવાલાની રવિવાર, 29 મેના રોજ દિવસે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પંજાબના માનસાના જવાહર ગામમાં AN 94થી ફાયરિંગ કરીને સિદ્ધુ મૂસેવાલાની હત્યા કરવામાં આવી હતી. પંજાબ સરકારે એક દિવસ પહેલાં જ સિક્યોરિટી ઘટાડી હતી. પહેલાં સિંગર પાસે 10 ગન મેન હતા, પરંતુ સરકારે આ સંખ્યા ઘટાડીને 2 કરી હતી. પોલીસે કેનેડા બેઝ્ડ ગોલ્ડી બરાર તથા લોરેન્સ બિશ્નોઈને હત્યાના આરોપી ગણાવ્યા છે.

આર્યનને ક્લીનચિટ બાદ સમીર વાનખેડેની એનસીબીમાંથી બદલી

# સમીર વાનખેડેને હવે ચેન્નઈમાં ડાયરેક્ટરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સમાં ડીજી ટેક્સપેયર સર્વિસ તરીકે તૈનાત કરાયા

ગુજરાત | વંદન

મુંબઈ ડ્રગ્સ કેસમાં અભિનેતા શાહરુખ ખાનના પુત્ર આર્યનની ધરપકડને લઈને વિવાદોમાં આવેલા એનસીબીના પૂર્વ અધિકારી સમીર વાનખેડેની બદલી કરી દેવાઈ છે. તાજેતરમાં જ એનસીબીએ ડ્રગ્સ મામલે ચાર્જશીટ દાખલ કરી હતી, જેમાં આર્યન ખાનને ક્લીન ચીટ આપવામાં આવી હતી. આને લઈને વિભાગની ઘણી ટીકા થઈ હતી. આર્યનની ધરપકડ સમયે મુંબઈમાં એનસીબીના ઝોનલ ડાયરેક્ટર રહેલા સમીર વાનખેડેની બદલી તેનુ જ પરિણામ માનવામાં આવી રહ્યુ છે.



સમીર વાનખેડેને હવે ચેન્નઈમાં ડાયરેક્ટરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સમાં ડીજી ટેક્સપેયર સર્વિસ તરીકે તૈનાત કરાયા છે. અત્યાર સુધી તેઓ મુંબઈમાં એનાલિટિક્સ એન્ડ રિસ્ક મેનેજમેન્ટ મહાનિદેશક કાર્યાલયમાં એડિશનલ કમિશ્નર હતા. એનસીબીમાંથી તેમની પહેલા જ વિદાય થઈ ચૂકી છે. વાનખેડેનો એનસીબીમાં 4 મહિનાનો કાર્યકાળ 31 ડિસેમ્બર 2021એ પૂરો થઈ ચૂક્યો છે. જે બાદ તેમને એક્સટેન્શન આપવામાં આવ્યુ નહોતુ.

ગયા વર્ષે મુંબઈમાં ક્રૂઝમાંથી ડ્રગ્સ જપ્ત કરાયા મામલે એનસીબીએ કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરતા કહ્યુ હતુ કે આર્યન ખાન અને પાંચ અન્ય સામે પૂરતા પુરાવાનો અભાવ છે. આકરી ટીકા બાદ એનસીબીના ડીજી એસએન પ્રધાને નિવેદન આપવુ પડ્યુ હતુ. તેમણે માન્યુ હતુ કે આ મામલે સમીર વાનખેડે અને તેમની ટીમથી ભૂલ થઈ છે. જે બાદ કેન્દ્ર સરકારે ગયા અઠવાડિયે એનસીબીના મુંબઈમાં ઝોનલ ડાયરેક્ટર રહેલા વાનખેડે સામે કાર્યવાહીનો આદેશ આપ્યો હતો.

સમીર વાનખેડે અને તેમની ટીમે મુંબઈમાં કોર્ડેલિયા ક્રૂઝ પર ગયા વર્ષે 3 ઓક્ટોબરે દરોડા પાડ્યા હતા અને મોટા પ્રમાણમાં ડ્રગ્સ જપ્ત કર્યુ હતુ. આ મામલે આર્યન ખાન સહિત 22 લોકોની ધરપકડ થઈ હતી. આ મામલે તપાસને લઈને મહારાષ્ટ્ર સરકારમાં મંત્રી નવાબ મલિકે સમીર પર કેટલાય પ્રશ્ન ઉઠાવ્યા હતા. બોમ્બે હાઈકોર્ટે 28 ઓક્ટોબરે આર્યનને જામીન આપતા કહ્યુ હતુ કે એનસીબી માત્ર વ્હોટ્સએપ મેસેજ પર વિશ્વાસ કરીને કેસ બનાવી રહી છે, જે આવા ગંભીર કેસમાં યોગ્ય નથી. બાદમાં સમીર પર ભ્રષ્ટાચારના આરોપ લાગ્યા, જે બાદ એનસીબીએ તપાસ માટે એસઆઈટી ની રચના કરી.

# રાયગઢ: ઘરેલું વિવાદના કારણે માતાએ 6 બાળકોને કૂંવામાં ફેંકી દીધા

ગુજરાત | વંદન

મહારાષ્ટ્રના રાયગઢથી એક હચમચાવી મૂકતી ઘટના સામે આવી છે જ્યાં માતાએ તેના 6 સગીર બાળકોને કૂવામાં ફેંકીને મારી નાખ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે ઘરેલુ વિવાદને કારણે મહિલાએ આ ભયાનક પગલું ભર્યું હતું. મામલો મુંબઈથી 100 કિલોમીટર દૂર મહાડ તાલુકાના ખારાવલી ગામનો છે.

એક પોલીસ અધિકારીએ જણાવ્યું કે, મૃતક બાળકોમાં પાંચ છોકરીઓનો સામેલ છે. મહિલાના સાસરિયાઓએ તેની સાથે મારપીટ કરી હતી જેના કારણે તેણે ગુસ્સે થઈને તેના જ બાળકોને કૂવામાં ફેંકી દીધા હતા. અને બાળકોના મોત થયા હતા. મૃતક બાળકોની ઉંમર 18 મહિનાથી 10 વર્ષની વચ્ચે હતી.

રાહુલ બાદ શિક્ષિકાની હત્યાથી પંડિતો ઘાટીમાં રહેવા તૈયાર નથી

# ઉપરાઉપરી હત્યાથી કાશ્મીરી પંડિતોમાં ફફડાટ, સુરક્ષા માટે કેન્દ્રને અલ્ટીમેટમ

ગુજરાત | વંદન

જમ્મુ-કાશ્મીરમાં અને ખાસ કરીને ખીણ ક્ષેત્રમાં ફરી કાશ્મીરી પંડિતોને અપાવવાના કેન્દ્રના પ્રયાસો વચ્ચે કુલગાવમાં કાશ્મીરી પંડિત શિક્ષિકાની હત્યા બાદ જમ્મુ સહિતના ક્ષેત્રમાં હજારો પંડિતોએ માર્ગ પર આવીને હવે અહી વસતા કાશ્મીરી પંડિતોની સુરક્ષા માટે નિર્ણય લેવા અલ્ટીમેટમ આપ્યુ હતું.

હજારો કાશ્મીરી પંડિતોના સંગઠનોએ ઠેર ઠેર દેખાવો કર્યા હતા તથા ખીણ સહિતના ક્ષેત્રોમાં જે પંડિતો વસે છે તેઓને



તાત્કાલીક સુરક્ષિત સ્થળો પર ખસેડવાની માંગણી કરી હતી અને જો સરકાર આ અંગે નિર્ણય નહી લે તો જે પંડિતો જીવનના જોખમે પણ ધંધા રોજગાર માટે ખીણ સહિતના ક્ષેત્રોમાં વસે છે તેઓ સામુહિક હિજરત કરશે તેવી ચીમકી આપી હતી.

ગત તા.12 મે ના કાશ્મીરી પંડિત સ્કુલ કર્મચારી રાહુલ ભટ્ટની હત્યા બાદ મંગળવારે એક કાશ્મીરી પંડિત શિક્ષિકાને ત્રાસવાદીઓએ ગોળીએ ઠાર માર્યા હતા અને તે પણ ત્રાસવાદીઓ શાળામાં ઘુસીને આ હત્યા કરી હતી.

# ચિત્તોડગઢમાં સંઘ સંયોજકની હત્યા, સમગ્ર શહેરમાં કલમ 144 લાગુ

ગુજરાત | વંદન

રાજસ્થાનમાં એક પછી એક શહેરોમાં તંગદિલી વ્યાપી રહી છે. હજુ તો જોધપુર, નાગૌર અને બીજા શહેરોમાં બનેલી ઘટનાની શાહી સુકાઈ નથી ત્યાં તો વળી પાછું ચિત્તોગઢ શહેરમાં તંગદિલીનો માહોલ છવાયો છે. ચિત્તોડગઢમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સંયોજક રત્ના સોનીની હત્યા થતા તણાવ વ્યાપ્યો છે. મૃતક એક સામાજિક કાર્યક્રમમાં હાજરી આપીને પરત ફરી રહ્યો હતો ત્યારે ઝઘડો થતાં અન્ય સમાજના ત્રણથી ચાર યુવકોએ તેના પર હુમલો કર્યો હતો. આ પછી રત્ના સોનીનું અવસાન થયું હતું. આ પછી, હિન્દુ બાજુના હજારો લોકોએ શહેરના મુખ્ય ચોક પર રાતોરાત પ્રદર્શન કર્યું હતું અને આરોપીઓની ધરપકડ કરવાની માંગ કરી હતી.

ચિત્તોડગઢના કાચી બસ્તી વિસ્તારમાં કેટલાક યુવકોએ રત્ના સોની પર ઝઘડાને લઈને હુમલો કર્યો હતો. આમાં રત્ના સોનીને



ઈજા થઈ હતી. ત્યારબાદ તેમને ઉદયપુર હોસ્પિટલ લઈ જતા રસ્તામાં જ તેમનું મોત થયું હતું. રત્નાના મોતના સમાચાર મળતા જ હિન્દુ સંગઠનોમાં રોષ જોવા મળ્યો હતો. આ પછી, આરોપીઓની ધરપકડની માંગ સાથે આખી રાત શહેરના સુભાષ ચોક ખાતે હજારો લોકોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું.

હિન્દુ સંગઠનોના વિરોધને ધ્યાનમાં રાખીને પોલીસે આરોપીના પરિજનોની અટકાયત કરી છે. આ ઘટના બાદ પોલીસ સતર્ક થઈ ગઈ હતી. ત્યાર બાદ શહેરમાં મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.એકઠા થયેલા લોકોએ આરોપીઓની ધરપકડની માંગ સાથે હંગામો મચાવ્યો હતો. પોલીસની સમજાવટ છતા પણ મામલો શાંત પડ્યો નહોતો હતો આથી પોલીસે શહેરમાં કલમ 144 લાગુ પાડી હતી. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.


કૂતરા માટે સ્ટેડિયમ ખાલી કરાવનાર આઈએએસ કો ક્યા કહના..! આખરે લદાખમાં બદલી...

# એક કુત્તેવાલા...એક નોટોવાલી અને એક તેલવાલા...!

ગુજરાત | વંદન

18 કરોડની નોટોવાળી મહિલા આઈએએસ કેટલાનો ભોગ લેશે, પાંચ લાખની લાંચ સાથે મસાજ માટે તેલ લેનાર કે.રાજેશ મોજમાં... કહેવત છે ને કે કુત્તે કે ભી દિન આતે હૈ..અને દિલ્હી સરકારના અગ્ર સચિવ સંજીવ ખિરવાર અને તેમની પત્ની રિન્કુ દુગ્ગાએ એક એવો કૂતરો પાળ્યો કે તેને હરવા-ફરવા અને હલકા થવા એક આખુ સ્ટેડિયમ જોઈએ...! પછી શું.. દિલ્હીના અગ્ર સચિવ અને કૂતરાને હરવા-ફરવા તો જોઇને એટલે ફરમાન છૂટ્યું-ત્યાગરાજ સ્ટેડિય શામ કો 7 બજે કે પહલે પહલે ખાલી કરા દો.....! શાબજી કા હુકમ સર આઁખો પે ચઢા કર સ્ટેડિયમનો વોચમેન સાડા છ વાગે એટલે ફુરરરર....કરતાં સિસોટી વગાડીને સ્ટેડિયમમાં પ્રેકટીસ કરવા આવેલા રમતવીરો, આશાસ્પદ રમતવીરોને બહાર કાઢી મૂકે.. 7 વાગે એટલે કૂતરા સાથે આઇએએસ સંજીવ અને આઇઇએએસ પત્ની રિન્કુદેવીનું વીવીઆઇપી કૂતરા સાથે આગમન થાય. આખુ સ્ટેડિયમ ખાલીખમ્મ....કૂતરો મોકળાશથી હરે ફરે અને રમતવીરોના પ્રેકટીસ માટે બનાવેલા મેદાનમાં ગમે ત્યાં ભીનુ કરી નાંખે..

બીજા દિવસે આવુ જોઇને પ્રેકટીસ કરવા આવતા અને બહાર કાઢી મૂકાતા રમતવીરો પૈકી કે અન્ય કોઇએ મિડિયાને-અખબારોને જાણ કરી અગાઉ સ્ટીંગ કરવાની હિંમત બતાવનાર ટીવી મિડિયામાંથી કોઇની હિંમત ના ચાલી..પણ ઇન્ડિયન એક્સપ્રેસે હિંમત બતાવી અને એક સપ્તાહ સુધી તેના એક પત્રકારે વોચ રાખી, દૂરથી વિડિયોગ્રાફી કરી અને ફોટા પણ પાડ્યા આઇએએસ દંપત્તિને ખબર ના પડે એ રીતે.. અને એક આઇએએસ અધિકારી દ્વારા સાંજ પડે અને પોતાના કૂતરાને હરવા-ફરવા માટે સ્ટેડિયમ ખાલી કરાવવામાં આવે છે...એવા



સમાચાર ફોટા સાથે ધમધમાવીને પ્રસિધ્ધ કર્યા અને એ આઇએસનું નામ કૂત્તેવાલા અફસર... સોશ્યલ મિડિયામાં પડી ગયું કે નામકરણ કરવામાં આવ્યું...સોશ્યલ મિડિયામાં એ આઇએએસ દંપત્તિની ધૂળ કાઢી નાંખવામાં આવી કે કૂતરા માટે રમતવીરોને સ્ટેડિયમની બહાર કાઢી મૂકવામાં આવશે તો ભારત ખેલો ઇન્ડિયામાં શું ધૂળ રમશે...?!

દિલ્હીના સીએમ કેજરીવાલ, ગુજરાતમાં સત્તા મેળવવાના હસીન ખ્વાબવાળા, તેમને પણ સોમિજનો(સોશ્યલ મિડિયા સાથે જોડાયેલા સૌ કોઇ માટે નવુ નામ-સોમિજન..)એ કેજરીવાલને ધોઇ નાંખ્યા...હું ખોટુ જરાયે ચલાવી નહીં લઉં..કહીને પંજાબમાં ભ્રષ્ટાચારના મામલે પોતાના જ મંત્રી વિજય સિંગલાને જેલમાં ધકેલનાર કેજરીવાલને પોતાની જ સરકારના મોટા કુત્તેવાલે અફસરના કરતૂતમાં કાંઇ ખોટુ ન લાગ્યુ અને મૌનીબાબા બની ગયા...! મિડિયા અને સોમિજનોના સતત મારા બાદ કુત્તેવાલે અફસરની રાતોરાત બદલી- પતિ અધિકારી લદાખમાં....અને પત્ની અધિકારી અરૂણાચલપ્રદેશમાં....! પણ જેના કારણે આ બધુ થયું તે કુત્તામહાશય ક્યાં..?! તે ક્યાં હરશે અને ફરશે લદાખના બર્ફિલા પહાડો પર કે અરૂણાચલ પ્રદેશના રસ્તા પર...?! ત્યાંના મિડ્યિા હવે તેમના પર નજન ન રાખે તો સારૂ.. નહીંતર ત્યાંથી પણ....!

એક મચ્છર આદમી કો.....બના દેતા હૈ... એક કૂત્તા અફસર કો કહાં સે કહાં લે જાતા હૈ.... લડાખમાં કે અરૂણાચલપ્રદેશમાં આઇએસનો કૂતરો ફરવા નિકળશે ત્યારે મનમાં ગાતો જશે- યે કહાં આ ગયે હમ યું હી સાથ સાથ ચલતે....! લાગે છે કે આઇએએસ પર સંકટના વાદળો ઘેરાયા હોય તેમ સંજીવ ખિરવાર ત્રીજા એવા આઇએએસ છે કે જે ચાકડે ચઢી ગયા..

તાજેતરમાં ઝારખંડમાં એક મહિલા આઇએએસ પૂજા સિંઘલના સીએને ત્યાંથી 18 કરોડની રોકડ પકડાઇ..મનરેગામાં કાળી મજૂરી કરતાં ગરીબોના પૈસા પૂજાબુન વટ કે સાથ ઘરે લઇ જતાં અને પોતાના સીએને રાખવા માટે આપતાં..પણ પાપ છાપરે ચઢીને પોકારે તેમ પૂજાબુનના કરતૂતો કુત્તેવાલે અફસરની જેમ છાપરે અને છાપે ચઢ્યા એટલે મહિલા આઇએએસ ગયા સીધા જેલમાં...! 18 કરોડ સરકારમાં જમા થઇ ગયા અને પૂજાના કાલે કારનામાં બીજા કોણ કોણ અધિકારીઓ છે તેની તપાસ ચાલુ આહે...પૂજાને જેલમાં સાથ આપવા બીજા અધિકારીઓ પણ જેલમાં જાય તેમ છે.

ગુજરાતમાં કોઇ આઇએએસને ત્યાંથી 18 કરોડ રોકડા તો ઠીક 18 રૂપિયા પણ આજ દિનસુધી મળ્યા નથી...હાં પેલા શરીરની માલિશ માટે પાંચ લાખની લાંચની સાથે 3 કિલો તલનું તેલ લેનાર કિંકાપતી રાજેશ (કે. રાજેશ) તપાસના એક વર્ષ પછી ચાકડે ચઢ્યા અને દિલ્હીથી આદેશ થતાં સીબીઆઇએ કાર્યવાહી કરી પણ જેમની સામે 100 ફરિયાદો છે, પોલીસની મના છતાં કેટલાયને લેતીદેતી

...અનુસંધાન પેજ નં. 6 પર



# ‘થપ્પડ સે ડર નહીં લગતા સાહબ, પ્યાર સે લગતા હૈ..’

## સોનાક્ષી સિંહાનો જન્મદિવસ, દબંગથી કરી હતી ફિલ્મમાં એન્ટ્રી

બોલિવુડ અભિનેત્રી સોનાક્ષી સિંહા 2 જૂને પોતાનો જન્મદિવસ ઉજવે છે. આ વર્ષે સોનાક્ષી તેનો 35મો જન્મદિવસ મનાવી રહી છે. પટનામાં જન્મેલી સોનાક્ષીએ મુંબઈમાં અભ્યાસ કર્યો હતો. સોનાક્ષીએ ફેશન ડિઝાઈનિંગમાં ગ્રેજ્યુએશન કર્યું છે.દિગ્ગજ અભિનેતા શત્રુઘ્ન સિંહાની પુત્રી સોનાક્ષીએ વર્ષ 2010 માં ફિલ્મ દબંગથી બોલિવુડમાં પ્રવેશ કર્યો હતો. ફિલ્મો માટે પોતાને ફીટ કરવા માટે સોનાક્ષીને ખૂબ મહેનત કરવી પડી હતી.બોલિવૂડમાં આવતા પહેલા તેનું વજન ખૂબ વધારે હતું.જન્મદિવસના ખાસ પ્રસંગે ચાલો જાણીએ સોનાક્ષીથી જોડાયેલી કેટલીક રસપ્રદ વાતો વિશે.બોલિવુડની દબંગ ગર્લ સોનાક્ષી સિંહાએ વર્ષ 2010 માં બોલિવૂડમાં પ્રવેશ કર્યો હતો. સલમાન ખાન સ્ટારર આ ફિલ્મથી સોનાક્ષીને ઘણી લોકપ્રિયતા મળી. તેમનો ડાયલોગ ‘થપ્પડ સે ડર નહીં લગતા સાહેબ, પ્યાર સે લગતા હૈ’ ખૂબ લોકપ્રિય થયો. શત્રુઘ્ન સિંહાની પુત્રી હોવા છતાં સોનાક્ષીએ પોતાની મહેનત અને પ્રતિભાથી પોતાનું નામ બનાવ્યું. આમ તો, સોનાક્ષી સિંહા જેટલી શાનદાર એક્ટ્રેસ છે, એટલી જ તે દિલથી પણ સારી છે. શું તમે જાણો છો કે, સોનાક્ષીને દબંગથી જે ફીસ મળી હતી, તેનું તેમણે શું કર્યું? સોનાક્ષી સિંહાએ પોતાનો પહેલો પગાર સલમાન ખાનની એનજીઓ બીઈંગ હ્યુમનને દાનમાં આપ્યો હતો. બીઈંગ હ્યુમનએ જરૂરીયાતમંદ લોકોની મદદ કરે છે. આ સંસ્થા દ્વારા જરૂરીયાતમંદોને આરોગ્ય સુવિધાઓ આપવામાં આવે છે. આ સાથે જ ગરીબ બાળકોના શિક્ષણનો ખર્ચ પણ ઉઠાવે છે. તેથી સોનાક્ષીએ પોતાનો પહેલો પગાર અહીં લોકોની સહાય માટે દાનમાં આપ્યો હતો.વર્કફ્રંટ વિશે વાત કરીએ તો સોનાક્ષી છેલ્લી ફિલ્મ દબંગ 3 માં જોવા મળી હતી. જે વર્ષ 2019 માં રિલીઝ થઈ હતી. ત્યારબાદ તે બીજી કોઈ ફિલ્મમાં જોવા મળી નથી. આ સિવાય સોનાક્ષીએ રાઉડી રાઠોડ, સન ઓફ સરદાર, લૂટેરા, બોસ, હોલિડે, તેવર, મિશન મંગલ, ખાનદાની શફાખાના, આર.રાજકુમાર, નૂર અને ભુજ ધ પ્રાઈડ ઓફ ઈન્ડિયા જેવી ઘણી ફિલ્મોમાં કામ કર્યું છે.

### કરણી સેનાના વિરોધ બાદ ફિલ્મ મેકર્સે લીધો નિર્ણય

# પૃથ્વીરાજ નહીં.. ‘સમ્રાટ પૃથ્વીરાજ’!

અક્ષય કુમારની ફિલ્મ પૃથ્વીરાજનું નામ હવે બદલી નાખવામાં આવ્યું છે. જાણકારી અનુસાર હવે આ ફિલ્મનું નવું નામ સમ્રાટ પૃથ્વીરાજ રાખી દેવામાં આવ્યું છે. કરણી સેનાની PIL બાદ આ પગલું લેવામાં આવ્યું છે. ફિલ્મના નિર્માતાઓ, યશ રાજ ફિલ્મસેએ કરણી સેનાના પ્રમુખને એક સત્તાવાર પત્ર લખીને આ અંગે માહિતી આપી છે.યશ રાજ ફિલ્મસ દ્વારા ઈન્સ્ટાગ્રામ પર પણ આ નવું પોસ્ટર શેર કરવામાં આવ્યું છે!યશ રાજ ફિલ્મ્સે કરણી સેનાના પ્રમુખને લખેલા સત્તાવાર પત્રમાં ઉલ્લેખ કર્યો છે કે પૃથ્વીરાજનું નામ હવે બદલાઈને ”સમ્રાટ પૃથ્વીરાજ” થઈ ગયું છે. YRFએ લખ્યું હતું કે, અમારી, યશ રાજ ફિલ્મ્સ પ્રાઈવેટ લિમિટેડ, 1970ના દાયકામાં અમારી શરૂઆતથી જ અગ્રણી પ્રોડક્શન હાઉસ અને ડિસ્ટ્રિબ્યુશન કંપનીઓમાંની એક રહી છે અને ભારતના સૌથી મોટા ફિલ્મ સ્ટુડિયોમાંની એક બની ગઈ છે. બધા દર્શકોના આનંદ માટે સતત સારું કન્ટેન્ટ બનાવવન આગ્રહી છીએ અને એના માટે અમે સતત પ્રતિબદ્ધ છીએ.






### યશ રાજે કરણી સેનાના વખાણ કર્યા

YRF આગળ લખ્યું હતું કે, “અમે તમારી ફરિયાદ અને ફિલ્મના ટાઈટલના સંદર્ભમાં તમારા પ્રયત્નોની પ્રશંસા કરીએ છીએ, અને તમને ખાતરી આપીએ છીએ કે અમે કોઈપણ વ્યક્તિની લાગણીઓને ઠેસ પહોંચાડવા અથવા અનાદર કરવા માટે આવું કર્યું નથી.તેમ વધુ લખવામાં આવ્યું હતું કે હકીકતમાં અમે તો ઈચ્છીએ છીએ કે આ ફિલ્મ દ્વારા આપણા દેશના ઈતિહાસમાં સ્વર્ગસ્થ રાજા અને યોદ્ધા પૃથ્વીરાજ ચૌહાણની બહાદુરી, સિદ્ધિઓ અને યોગદાનની ઉજવણી કરવામાં આવે અને લોકોને તેણી ખબર પડે.

# રણદીપ હુડ્ડા બનશે ‘વીર સાવરકર’, રોલ માટે ઉતાર્યું 12 કિલો વજન, હજુ 10 કિલો ઉતારશે

આજે એટલે કે 28મી મે મહાન સ્વાતંત્ર્ય સેનાની વિનાયક દામોદર સાવરકરની 139મી જન્મજયંતિ છે. આ આનંદના અવસર પર, ફિલ્મના નિર્માતાઓએ શક્તિશાળી પાત્ર દર્શાવતી ફિલ્મમાં વિનાયક દામોદર સાવરકરનો ફર્સ્ટ લૂક રિલીઝ કર્યો છે. આ ફિલ્મમાં રણદીપ હુડ્ડા એ રોલમાં છે. ફિલ્મના પોસ્ટરમાં લખ્યું છે કે, ‘હિંદુત્વ કોઈ ધર્મ નથી, ઈતિહાસ છે’. આ ફિલ્મ ઓગસ્ટ 2022માં ફ્લોર પર જવાની છે.






પ્રોડ્યુસર સંદીપ સિંહે જણાવ્યું હતું કે, આખી દુનિયા જાણે છે કે રણદીપ હુડ્ડાએ સરબજીત જેવો દેખાવા માટે ઘણું વજન ઘટાડ્યું હતું. અહીં રણદીપ હુડ્ડા વીર સાવરકરનો રોલ નિભાવવા માટે વજન ઘટાડી રહ્યો છે. અત્યાર સુધી તેણે 10 કિલો વજન ઘટાડ્યું છે. બે મહિનામાં વધુ 12 કિલો વજન ઘટાડશે. એટલે કે રણદીપ કુલ 22 કિલો વજન ઘટાડશે

ફિલ્મના નિર્માતા સંદીપ સિંહે કહ્યું, “એ સમયે જ્યારે હર્ષદ મહેતા, વિજય માલ્યા અને લલિત મોદીની ફિલ્મો ટ્રેન્ડમાં છે, ત્યારે મને વીર સાવરકર જીની જીવનકથા કહેવામાં વધુ રસ છે. તેઓ ભારતના પ્રથમ ગતિશીલ હીરો અને એકમાત્ર વ્યક્તિ હતા જે 1947માં દેશના ભાગલાને બચાવી શક્યા હતા. તેથી આ ફિલ્મ દ્વારા, હું માત્ર એક ફિલ્મ નિર્માતા તરીકે જ નહીં પરંતુ સૌથી અગત્યનું એક ભારતીય તરીકે સાવરકરના સંઘર્ષ વિશે વિશ્વની હકીકતો જણાવવા માંગુ છું. આઝાદી માટેના તેમના સાહસિક પ્રયાસો, અંગ્રેજોને ડરાવવા માટે તેમનું નિર્ભય વ્યક્તિત્વ અને તેમના છેલ્લા શ્વાસ સુધી હિન્દુત્વ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા ખૂબ જ પ્રેરણાદાયી છે. જોકે તે સૌથી ગેરસમજ થયેલો હીરો છે. હવે સમય આવી ગયો છે કે આપણે તેને સમજીએ અને તેના બળવાખોર વલણની ઉજવણી કરીએ. તેમને ક્યારેય એવો દરજ્જો મળ્યો નથી જે તે લાયક હતો અને તેથી હું વિનંતી કરું છું કે સાવરકરને ભારત રત્ન અને નોબેલ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવે.

નિર્માતા આનંદ પંડિતે શેર કર્યું, “રણદીપે એક અભિનેતા તરીકેની તેમની કુશળતા વારંવાર દર્શાવી છે અને વધુમાં, તેણે બતાવ્યું છે કે તે જે ભૂમિકા ભજવે છે તેમાં પરિવર્તન કરી શકે છે. પરંતુ સાવરકરના કિસ્સામાં, તેઓ સ્વાતંત્ર્ય સેનાની સાથે આઘાતજનક સામ્ય ધરાવે છે. તેમની પાસે વધારાની ગતિશીલતા પણ છે. હું ઈતિહાસનો પ્રેમી રહ્યો છું અને 70mm સ્ક્રીન પર એવા નેતાની વાર્તા લાવવાનો સિનેમેટિક વિશેષાધિકાર મેળવવા માટે ઉત્સાહિત છું જેની વાર્તા કહેવાને લાયક છે.



# અનન્યાએ NCBની ચાર્જશીટમાં કહ્યું- આર્યન સાથે ‘Weed’ વાળી ચેટ માત્ર મજાક હતી

મુંબઈના પ્રખ્યાત ક્રૂઝ ડ્રગ્સ કેસમાં કિંગ ખાનના પુત્ર આર્યન ખાનને મોટી રાહત મળી છે. એનસીબીએ તેને ક્લીનચીટ આપી છે. ચાર્જશીટમાં તેની સામે કોઈ પુરાવા મળ્યા નથી. આર્યન ખાને અન્ય આરોપીઓ સાથે મળીને કાવતરું ઘડ્યું હોવાનું પણ સાબિત થયું નથી. તો ચાર્જશીટમાં અભિનેત્રી અનન્યા પાંડેના નિવેદનનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આમાં અનન્યા પાંડેએ NCBને કહ્યું કે આર્યન અને તેની વચ્ચે મોબાઈલ ચેટ પર ‘weed procurement’ની વાત માત્ર મજાક હતી.

જો કે ચાર્જશીટમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે આર્યનએ અભિનેત્રી અનન્યા પાંડે સાથેની weed ખરીદવાના સંબંધમાં પોતાની વાતચીતની વાત પણ સ્વીકારી હતી. પરંતુ અનન્યા પાંડેએ આ ચેટને માત્ર મજાક ગણાવી. અનન્યા પાંડેએ જણાવ્યું કે આર્યન ખોટું બોલી રહ્યો છે અને તે સંપૂર્ણપણે અજાણ છે. NCBએ શુક્રવારે મુંબઈની કોર્ટમાં 20માંથી 14 લોકો સામે ચાર્જશીટ દાખલ કરી હતી જેમને ગયા ઓક્ટોબરમાં ક્રૂઝ શિપ પર દરોડા અને ડ્રગ્સની કથિત જપ્તી બાદ આ કેસમાં ધરપકડ કરવામાં આવી હતી. કેન્દ્રીય એજન્સીએ કહ્યું કે પુરાવાના અભાવે આર્યન ખાન સહિત છના નામ ચાર્જશીટમાં નથી.






# ક્યારે આવશે ‘KGF-3’, મેકર્સે કર્યો ખુલાસો

કેજીએફ ચેપ્ટર-1 અને કેજીએફ-2ના પ્રોડ્યુસર વિજય કિરાગંદૂરે પુષ્ટિ કરી છે કે ફિલ્મનો ત્રીજો ભાગ એટલે કે કેજીએફ-3 આવવાની છે. વિજય કિરાગંદૂરે કહ્યુ છે કે ફિલ્મ નિર્માતાઓની યોજના હિટ ફિલ્મની માર્વલ સ્ટાઈલની ફ્રેંચાઈઝી બનાવવાની છે. એક ઈન્ટરવ્યુમાં વિજય કિરાગંદૂરે એ પણ કહ્યુ કે કેજીએફ 3નુ શૂટિંગ ઓક્ટોબર-નવેમ્બર 2022 બાદ શરુ કરવામાં આવશે અને 2024માં ફિલ્મ રિલીઝ થવાની સંભાવના છે. આ પહેલા ફિલ્મના ડિરેક્ટર પ્રશાંત નીલે હાલમાં એક ઈન્ટરવ્યૂમાં ખુલાસો કર્યો છે કે કેજીએફ-3 2024 સુધી દર્શકો વચ્ચે આવશે. ખાસ વાત તો એ છે કે ત્રીજા ભાગમાં કલમ હાસન અને રાણા દગ્ગુબાટી જેવા એક્ટર્સની પણ એન્ટ્રી થઇ શકે છે. કેજીએફ-2ની વાત કરીએ તો આ ફિલ્મમાં યશની સાથે સંજય દત્ત, રવીના ટંડન અને શ્રીનિધી શેટ્ટીનો મહત્વનો રોલ હતો અને ફિલ્મે બોક્સ ઓફિસ પર 1200 કરોડ રૂપિયાની કમાણીનો આંક પાર કરી લીધો છે.

# ગુડફેલસ ફેમ જાણીતા હોલીવૂડ સ્ટાર રે લિઓટાનું નિદ્રામાં જ અચાનક નિધન

હોલીવૂડ ફિલ્મ ગુફેલસ ફેમ જાણીતા અભિનેતા રે લિઓટાનું ગુરૂવારે અચાનક મોત થઈ ગયું હતું. એક ફિલ્મના શૂટિંગ દરમિયાન નિંદ્રામાં જ રેએ દુનિયાને કરી દીધી અલવિદા. 67 વર્ષની ઉંમરમ રે લિઓટાના નિધનની ખબરથી હોલિવૂડ સ્ટાર જ નહીં ફેન્સ પણ ઘણાં આઘાતમાં છે. મીડિયા રિપોર્ટ્સ મુજબ ડોમિનિકન રિપબ્લિકમાં તેમણે અંતિમ શ્વાસ લીધા. રે લિઓટાએ ફિલ્મ ‘ગુડફેલસ’માં ડાકુ ‘હેનરી હિલ’નું પાત્ર અદા કર્યું હતું. જે ઘણું ફેમસ થયું હતું. સાથે જ તે ‘ફીલ્ડ ઓફ ડ્રીમ્સ’ માટે પણ જાણીતા છે. તેની સહકર્મી જેનિફર એલને જણાવ્યું કે લિઓટા ડેન્જરસ વોટર્સ ફિલ્મનું શૂટિંગ કરી રહ્યાં હતાં. આ દરમિયાન તેમનું નિંદ્રામાં જ મૃત્યુ થયું હતું, જો કે તેમનું મૃત્યુ કેવી રીતે થયું તેનું કારણ હજુ સુધી જાહેર થયું નથી. રે લિઓટાનાં આકસ્મિક નિધન પર ઘણા બધા સ્ટાર્સે શોક વ્યક્ત કર્યો છે અને સોશિયલ મીડિયા પર શ્રદ્ધાંજલિ આપી છે.




# બોલિવૂડની સુપર પોપ્યુલર ગર્લ જાહ્નવીએ પર્પલ ડ્રેસમાં કરાવ્યું હોટ ફોટોશુટ

બોલિવૂડ અભિનેત્રી જાહ્નવી કપૂર સોશિયલ મીડિયા પર ખૂબ એક્ટિવ રહે છે. તે ઈન્ટરનેટ પર છવાઈ જાય એવી તસવીરો શેર કરે છે. બોલિવૂડ અભિનેત્રી જાહ્નવી કપૂર સોશિયલ મીડિયા પર પોતાના કાતિલ અંદાજથી ફેન્સને દિવાના બનાવી દે છે. તે પોતાની એવી તસવીરો શેર કરે છે જે ધૂમ મચાવે છે. ત્યારે ફરી એકવાર તેણે પોતાના હોટ લૂકથી ફેન્સના દિલમાં હલચલ મચાવી દીધી છે. તાજેતરમાં જાહ્નવી કપૂરે પર્પલ ડ્રેસમાં હોટ ફોટોશુટ કરાવ્યું હતું, થાઈ હાઈ સ્લિટ ડ્રેસમાં જાહ્નવી સુંદર દેખાય છે. ફોટોમાં જાહ્નવી પરફેક્ટ ફિગરને ફ્લોન્ટ કરતી દેખાઈ રહી છે. જાહ્નવી પોતાના ફોટોને લઈ લાઈમલાઈટમાં રહે છે. બેકલેસ ડ્રેસમાં જાહ્નવી કપૂરે કહેર વરસાવ્યો છે. જાહ્નવી પોતાની ફિટનેસનો ખાસ ખ્યાલ રાખે છે અને ઘણી વખત તેના પરફેક્ટ બોડીને શો ઓફ કરતી નજરે આવે છે. તેની આ જ અદા પર કરોડો ફેન્સના દિલ ધડકે છે.

# ‘શોલે’ ફિલ્મ શીર્ષકના ધંધાદારી ઉપયોગ બદલ 25 લાખનો દંડ

દિલ્હી હાઈકોર્ટે ફિલ્મ શોલેનાં શીર્ષકનો ધંધાદારી ઉપયોગ કરવા બદલ એક ખાનગી કંપનીને પચ્ચીસ લાખનો દંડ ફટકાર્યો છે. હાઈકોર્ટે તેના ચુકાદામાં જણાવ્યુ છે કે કેટલીક ફિલ્મો માત્ર એક સામાન્ય શબ્દ નથી પરંતુ તે સમય જતાં પ્રસિદ્ધિનાં એક ચોક્કસ શિખર પર પહોંચી ચુકી છે. આવા સંજોગોમાં શોલે જેવી આઈકોનિક ફિલ્મનાં શીર્ષકનો કોઈ પોતાના ધંધાદારી હેતુ માટે ઉપયોગ કરી શકે નહીં. હાઈકોર્ટનાં ન્યાયમૂર્તિ જસ્ટિસ પ્રતિભાસિંહે આ ચુકાદામાં જણાવ્યું છે કે ફિલ્મો અને ટાઈટલ્સને ટ્રેડમાર્ક કાયદાઓ હેઠળ માન્ય ઠેરવી શકાય છે અને શોલે તેનું એક ક્લાસિક ઉદાહરણ છે. તેમણે ચુકાદામાં જણાવ્યું હતું કે શોલે ફિલ્મ એકથી વધુ પેઢીઓમાં લોકપ્રિય છે. તેનાં પાત્રો, સંવાદો, સેટિંગ, બોક્સ ઓફિસ રેકોર્ડ આ બધું એક દંતકથા સમાન છે. શોલે શબ્દ કાને પડે કે તરત જ આ ફિલ્મ સાથેનું જોડાણ સંધાઈ જાય છે. હિન્દી ડિક્શનરીમાં શોલે શબ્દનો અર્થ ભલે સળગતા કોલસા એવો થતો હોય પરંતુ હવે આ શબ્દ જાણે કે આ ફિલ્મ સાથે જ જોડાઈ ચૂક્યો છે. એક કંપનીએ શોલે નામથી ડોમેન રજિસ્ટર કરાવ્યું હતું અને મેગેઝિનમાં પણ ટાઈટલ તરીકે શોલે નામનો ઉપયોગ કરી તેના પાત્રો, સંવાદો વગેરેનો ઉપયોગ કર્યો હતો. શોલેની નિર્માતા કંપની સિપ્પી ફિલ્મસ પ્રાઈવેટ લિમિટેડે ટ્રેડમાર્ક ભંગનો દાવો માંડ્યો હતો. આ કેસમાં 20 વર્ષ બાદ ચુકાદો આવ્યો છે.



સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## તોફાની તત્વોને કન્ટ્રોલ કરવા માટે લેવાશે નિર્ણય

# ગુજરાતમાં પણ લાગૂ થશે યોગી મોડલ, નુકસાનની ભરપાઈ માટેનો કાયદો લાવશે

ગુજરાત | વંદન

ગુજરાતમાં ભાજપ સરકાર તોફાની તત્વો તરફથી સરકારી અથવા પ્રાઈવેટ પ્રોપર્ટીને નુકસાન પહોંચાડનારા લોકો પાસેથી રિકવરી કરવા માટેનો કાયદો ટૂંક સમયમાં લાવી શકે છે. તેનાથી સંબંધિત કાયદાને ઓર્ડિનેંસ દ્વારા રજૂ કરવાની તૈયારી છે. ત્યાર બાદ ભવિષ્યમાં સરકાર તેને વિધાનસભામાં બિલ તરીકે પાસ કરાવશે.

ભાજપ શાસિત ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશ પહેલાથી જ આ પ્રકારના કાયદાને લાગૂ કરી ચુક્યા છે, જે અંતર્ગત સરકારી અથવા પ્રાઈવેટ સંપત્તિને નુકસાનની ભરપાઈ કરવામાં આવે છે. આ પ્રસ્તાવિત કાયદો ગુજરાત રિકવરી



ઓફ ડેમેઝ્સ ઓફ પબ્લિક એન્ડ પ્રાઈવેટ પ્રોપર્ટીઝ હોઈ શકે છે.

રાજ્યના ગૃહમંત્રાલયના એક સૂત્રએ જણાવ્યું છે કે, ઉત્તર પ્રદેશ ને મધ્ય પ્રદેશ જેવા રાજ્યોની સરકારી સંપત્તિને નુકસાન પહોંચાડનારા અરાજક તત્વો માટે કડક કાયદા બનાવ્યા છે. ગુજરાત સરકારે આ કાયદાનું અધ્યયન કર્યું છે અને આવા કાયદાની જોગવાઈઓ આપણે ત્યાં લાગૂ કરવાનો નિર્ણય કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે, તેને લઈને ટૂંક સમયમાં એક ઓર્ડિનેંસ લાવવામાં આવશે. જેમાં સરકારી અથવા ખાનગી સંપત્તિને નુકસાન પહોંચાડનારા અરાજક તત્વો પાસેથી ડબલ અથવા ત્રણ ગણી ભરપાઈ વસૂલવાની જોગવાઈ હશે.

## આવું કડવું સત્ય ઉચ્ચારવું એ પણ મર્દાનગી કહેવાય - ભાજપ સાંસદ

# નિમ્ન શિક્ષણ સ્તરને કારણે ગુજરાતના યુવાનો IAS, IPS બની શકતા નથી: વસાવા

ગુજરાત | વંદન

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા ધો. 9થી 12ના વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહે એ માટે રાજપીપળામાં નર્મદા જિલ્લા કક્ષાના કારકિર્દી



માર્ગદર્શન સેમિનારનું આયોજન કરાયું હતું. આ કાર્યક્રમમાં ભાજપ સાંસદ મનસુખ વસાવા, નર્મદા જિલ્લા પંચાયતના પ્રમુખ પર્યુસાબહેન વસાવા, નાંદોદના ધારાસભ્ય પી.ડી. વસાવાએ વિદ્યાર્થીઓને કારકિર્દી અંગે માર્ગદર્શન આપ્યું હતું.

આ પ્રસંગે ભાજપ સાંસદ મનસુખ વસાવાએ ગુજરાત શિક્ષણની પરિસ્થિતિ મુદ્દે ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, 'નર્મદા જિલ્લામાં શિક્ષણનું સ્તર ખૂબ નીચું છે. આખા ગુજરાતનું શિક્ષણનું સ્તર નીચું છે. મારી પાસે તેના પુરાવા છે. આ જ કારણસર ગુજરાતમાં ડાયરેક્ટ આઈએએસ કે આઈપીએસ અધિકારી ગણ્યાગાંઠ્યા લોકો જ બને છે.'

આગળ તેઓ કહે છે કે, 'ગુજરાતમાં ઘણાં આઈએએસ-આઈપીએસ અધિકારી છે, જેમની હું ટીકા નથી કરતો, પરંતુ તેઓ પ્રમોશન લઈને ત્યાં પહોંચ્યા છે. હું સાચું કહું છું એટલે જ લોકો મને સારો નથી ગણતા. સત્ય કહેવું, સાચી વાત કરવી એ મર્દાનગી છે, હું વિદ્યાપીઠમાં એવું શીખ્યો હતો.વસાવાએ કહ્યું કે, મને ઈર્ષા નથી, અદેખાઈ નથી, પણ ગુજરાતમાં બેંકોમાં મેનેજર અન્ય રાજ્યોનાં છે. રેલવેની ભરતીમાં રાજ્યના ગણ્યાગાંઠ્યા લોકો આવે છે.'

## હમ તુમ એક કમરે મેં બંદ હો, ઔર...! પત્ની રેશમાએ ભરતસિંહને રંગેહાથે પકડી પાડ્યા, યુવતીની ધોલાઈ

# કોંગ્રેસ સત્તાને લઈ શોકમાં... ભરતસિંહ મોજમાં..!

### ગુજરાતના રાજકારણમાં ખળભળાટ, ચૂંટણી ટાણે જ વગદાર નેતાનો પરસ્ત્રી સાથેનો વીડિયો વાયરલ

ગુજરાત | વંદન

ગુજરાત વિધાનસભાની ચૂંટણીઓ નજીકમાં છે કોંગ્રેસ નેતાઓ ચૂંટણીઓ જીતવાની રણનીતિ બનાવી રહ્યા છે, તેવા સમયે કોંગ્રેસની પ્રદેશ અને રાષ્ટ્રીય નેતાગીરીને શરમજનક તથા ક્ષોભજનક સ્થિતિમાં મુકાઈ જવું પડે તેવી એક ઘટનામાં પૂર્વ પ્રદેશ પ્રમુખ ભરતસિંહ સોલંકી એક યુવતી સાથે તેમણી પત્ની રેશમા પટેલ દ્વારા રંગેહાથે ઝડપાઈ ગયાનો વીડિયો દાવાનળની જેમ મીડિયા અને સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. આ વીડિયોમાં ખુબસૂરત યુવતી ભરતસિંહની સાથે જ હોવાનું સ્પષ્ટ જણાય છે. રેશમા પટેલ દ્વારા આ યુવતીના માથાના વાળ પકડીને બેફામ ગાળો સાથે ધોલાઈ કરવામાં આવી હતી. યુવતીને બચાવવા ભરતસિંહ દોડીને વચ્ચે પડ્યા હતા. અને મોટેથી 'પોલીસ બોલાવો, પોલીસ બોલાવો' એવું કહેતા સંભળાય રહ્યું છે. ...અનુસંધાન પેજ નં. 6 પર

### ભરતસિંહ સેક્સ મેનિયાક છે, પક્ષે તેમને કાઢી મુકવા જોઇએ : વંદના



કોંગ્રેસના વરિષ્ઠ નેતા ભરતસિંહ સોલંકી પરસ્ત્રી સાથે તેમણી પત્ની દ્વારા રંગેહાથે ઝડપાઈ જતાં કોંગ્રેસમાં તેના ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે. કોંગ્રેસની પૂર્વ મહિલા અગ્રણી વંદના પટેલે આ અંગે ખૂબ જ કડક ભાષામાં પ્રત્યાઘાત આપતા માંગણી કરી હતી કે, કોંગ્રેસ નેતાગીરીએ આવા માનસિક રીતે વિકૃત સેક્સ મેનિયાક નેતાને તાત્કાલિક પક્ષમાંથી દુર કરવા જોઈએ. આ કોઈ પ્રથમ કિસ્સો નથી ભરતસિંહે કોંગ્રેસ પાર્ટીમાં ઘણી મહિલાઓ સાથે આવા અનૈતિક સંબંધો રાખ્યા છે. અને જ્યારે જ્યારે તેમણે એટલે કે વંદના પટેલે વિરોધ કર્યો ત્યારે ભરતસિંહને ઠપકો આપવાને બદલે વંદના પટેલની હકાલપટ્ટી કરી દેવામાં આવી હતી. ભરતસિંહના આ વાયરલ વીડિયોના પગલે કોંગ્રેસ કાર્યલયમાં સન્નાટો વ્યાપી ગયો છે, તમામ નેતાઓ તેના પર ફિટકાર વરસાવી રહ્યા છે. તેમનું માનવું છે કે, ચૂંટણી વખતે જ આ પ્રકારની હરકતથી પાર્ટીને ભારે નુકસાન થશે. કેમકે, ભાજપ અને હમણાં જ કોંગ્રેસ છોડીને ગયેલા હાર્દિક પટેલ આ મામલાને ચગાવવામાં કોઈ કસર નહીં રાખે. કોંગ્રેસને તેનાથી જે રાજકીય નુકસાન થશે તે ક્યારે ભરપાઈ નહીં થઈ શકે. કેમકે, આ મામલામાં પક્ષના નેતાને તેમણી પત્નીએ જ ઉઘાડા પાડ્યા છે. જો અન્ય કોઈ હોત તો બચાવ થઈ શકે. પરંતુ જ્યારે નેતાની પત્ની જ ભાંડો ફોડે છે ત્યારે પક્ષ પાસે ભરતસિંહને દુર કરવા સિવાય બીજો કોઈ રસ્તો જડશે કે કેમ દરમિયાનમાં વંદના પટેલે વધુમાં કહ્યું કે તેમણે ભરતસિંહના આવા કાળા કરતૂતોનો એક પત્ર પક્ષની નેતાગીરીને લખ્યો હતો. જેમાં પરસ્ત્રી સાથેના તેમના સંબંધોનો ઉલ્લેખ દર્શાવવામાં આવ્યો હતો.

## નવાબંદર રોડ પર સ્વીફ્ટ કાર અને ડમ્પર વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં 4 લોકોનાં સ્થળ પર જ મોત

# ભાવનગર-આણંદમાં એકસાથે બે અકસ્માતમાં 6 લોકોના મોત



ગુજરાત | વંદન

ભાવનગર શહેરની નજીક આવેલા નવાબંદર રોડ પર બુધવારે વહેલી પરોઢે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. સ્વીફ્ટ કાર અને ડમ્પર વચ્ચે અકસ્માત થયો હતો, જેમાં ચાર લોકોનાં સ્થળ પર મોત નીપજ્યાં છે. ભાવનગર શહેરના નવાબંદર રોડ પર ગઈકાલે વહેલી સવારે સ્વીફ્ટ કાર અને ડમ્પર ધડાકાભેર અથડાયા હતા. સ્વીફ્ટ કારમાં રહેલા સવાર ચાર લોકોના સ્થળ પર નિપજ્યા હતા. બનાવને લઈ 108 અને પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી ગયો છે.

તો બીજી બાજુ આણંદમાં પણ ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં મળતી માહિતી પ્રમાણે વઘાસી નજીક નેશનલ હાઈ-વે પર હિટ એન્ડ રનની ઘટના ઘટી છે. જેમાં અજાણ્યા વાહનની ટકકરે બે યુવકોના કરૂણ મોત નિપજ્યા છે. મળતી માહિતી પ્રમાણે પુરપાટ ઝડપે જતા વાહને ટક્કર મારતા બંને યુવાનો 15 ફૂટ દૂર સુધી ફંગોળાયા હતા. જેમાં તેઓના કરૂણ મોત નિપજ્યાં છે. મૃતક યુવાનો મૂળ ઉત્તરપ્રદેશ અને બિહારના રહેવાસી હોવાનું જાણવા મળી રહ્યું છે અને વઘાસી નજીક તેઓ ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા. બાદમાં પોલીસે ઘટનાસ્થળે પહોંચી બંને યુવાનોના મૃતદેહને PM માટે ખસેડ્યા હતા. આ ઘટનામાં આણંદ ગ્રામ્ય પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.

## અમે કોઈ મહાત્મા નથી કે કોઈને પાપી ગણીએ : નીતિન પટેલ

# 'તારા જેવા કેટલાય આવી ગયા..' એમ હાર્દિકને કહેનાર નીતિન પટેલે આપ્યું સમર્થન

ગુજરાત | વંદન

પાટીદાર અનામત આંદોલનના પ્રણેતા હાર્દિક પટેલના ભાજપમાં જોડાવવા અંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આડકતરી રીતે સમર્થન આપી દીધું છે. એટલું જ નહીં ભાજપમાં હાર્દિકના પ્રવેશ કાર્યક્રમમાં ખુદ નીતિન પટેલ આવકરવા સ્ટેજ ઉપર હાજર રહે તેવા સ્પષ્ટ સંકેતો પણ વહેતા થયા છે.

મહાત્મા મંદિર ખાતે આયોજિત કાર્યક્રમના અંતે નાયબ મુખ્ય મંત્રી નિતિન પટેલે હાર્દિકના ભાજપ પ્રવેશ અંગે પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે સમાજમાં રહેલા કોઈપણ વ્યક્તિ રાષ્ટ્ર સેવા, સમાજસેવા કરવા રાજકીય મદદ સાથે ભારતીય જનતા પાર્ટી ના માધ્યમથી સેવા માટે નો ઉત્સાહ



હોય તો તેવા વ્યક્તિ ભારતીય જનતા પાર્ટીમાં આવકાર્ય છે. એટલું જ નહીં ઘણા લાંબા સમયથી ભાજપમાં ઉત્સાહિત યુવાનો મહિલાઓ ડોક્ટરો વકીલો સહિત વિવિધ ક્ષેત્રના અનેક દિગ્ગજો જોડાઈ રહ્યા છે.

ત્યારે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ પાટીલના નેતૃત્વવાળી અમારી ભારતીય જનતા પાર્ટી ઉત્સાહી યુવાનોને હંમેશા આવકારતા હોવાનું નિવેદન આપ્યું હતું. તો બીજી તરફ હાર્દિક સામે લગાડેલા રાજદ્રોહ ના કેસનું હવે શું થશે ? તેવા પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં નીતીન પટેલ સ્પષ્ટ કર્યું હતું કે, અત્યારે આ પ્રશ્નનો ઉત્તર આપવાનો સમય નથી પરંતુ અમારું અધિકૃત નેતૃત્વ સમય આવે આ મુદ્દે સ્પષ્ટતા કરશે તેવું રાજકીય નિવેદન આપ્યું હતું આ ઉપરાંત નિતિન પટેલને પ્રશ્ન કર્યો હતો કે ભાજપ એ પવિત્ર ગંગા સમાન છે ત્યારે તેમાં પવિત્ર થવા લોકો જોડાય છે તેવું ભૂતકાળમાં કરેલા તેમના નિવેદનને ટાંકી પ્રશ્ન પૂછતાં નીતિનભાઈ પટેલે સ્પષ્ટતા કરી હતી કે કોઈપણ વ્યક્તિ ભૂલ કરે તો તેને સુધારવાની તક મળતી હોય છે.એટલું જ નહિં કોઈપણ વ્યક્તિને પાપી ગણવો યોગ્ય નથી. કારણ કે ...અનુસંધાન પેજ નં. 6 પર

## થોડી ઈધર કી / થોડી ઉધર કી

# રેઇનકોટ અને છત્રી માળિયામાં કે પછી પેટીમાં મૂક્યા હોય તો બહાર કાઢીને સુકવવા મૂકી દેજો..!



**વાતાવરણમાં** ધીરે ધીરે સે મેરી જિંદગી મેં આના..ની જેમ ધીરે ધીરે પલટો આવી રહ્યો છે., ગરમીની સાથે પવન ફૂંકાઈ રહ્યો છે. ક્યારેક વાતાવરણ વાદળછાયુ બની જાય અને ગરમી ગાયબ થતાં હવે વરસાદ આવશે..એમ લાગે પણ આવે નહીં અને ફરીથી ગરમી લાગે. પણ મેઘરાજાએ કેરળમાં વહેલુ દસ્તક આપીને પ્રવેશ કર્યો છે. એટલે હવે ગુજરાતમાં પણ મેઘરાજાની પધરામણી દૂર નથી...

રેઈનકોટ અને છત્રી મળિયામાં મૂક્યા હોય કે પેટીમાં મૂક્યા હોય તો બહાર કાઢીને સુકવવા મૂકી દેશો..છત્રીની દાંડી કે હાથો બગડી ગયો હોય કે એકાદ સળિયો તૂટ્યો હોય તો રિપેર કરાવી દેશો.. પતરાંવાળુ મકાન હોય તો વરસાદ ના આવે તેની ચકાસણી કરી લેશો, દર વર્ષે પ્લાસ્ટીકના મિણિયા ઘરની ઉપર નાંખવા પડે એવુ ઘર હોય તો પાંચકુવામાં મિણિયાવાળા રાહ જુવે છે, ગટરો ઉભરાતી હોય તો સ્થાનિક જનપ્રતિનિથિને કહીને સાફસફાઈ કરાવી દેશો કેમ કે ભારતના અર્થતંત્ર ઉપર જેનો દારોમદાર હોય છે એ મોનસુન કહેતા ચોમાસુ કેરળથી નિકળી ગયું છે..

રીમઝીમ વરસાદમાં ગરમાગરમ દાળવડા ખાવાની મોસમ આવી રહી છે...સાથે તળેલા મરચાંની જ્યાફત અને દુનિયાભરની વાતો- શું લાગે છે, ભાજપ જીતશે ફરીથી...? આ રાહુલના ઠેકાણાં નથી, ચૂંટણી આવે અને વિદેશ જતાં રહે છે..બોસ કેજરીવાલ જોરદાર છે...સરકાર બનાવે તેમ છે...કેજરીવાલ કોને સીએમ બનાવશે....? થોડીક વારમાં દાળવડા ખતમ, તેલની ચિકાશવાળુ અખબારનું પાનુ અને ગરમાગરમ ચા સાથે વાતો પણ પૂરી...!

### અમદાવાદમાં ઓલમ્પિક...? હેં, શું વાત કરે છે..? ખરેખર..? યસ....2036માં...!

કોઈ માને કે ન માને પણ સને 2036માં અમદાવાદમાં આંતરરાષ્ટ્રીય




સ્તરનો રમતોત્સવ ઓલમ્પિક યોજાવાનું નક્કી છે. તેની તૈયારી રૂપે અમદાવાના નારણપુરામાં 600 કરોડના ખર્ચે સ્પોર્ટસ સંકૂલ તૈયાર થશે. આ સ્પોર્ટસ સંકૂલ ઓલમ્પિક સ્તરનો હશે. એટલે કે તેમાં 2036માં યોજાનાર સૂચિત ઓલમ્પિકની કેટલીક રમતોનું આયોજન થવાની શકયતા છે.

2036ના સૂચિત ઓલમ્પિક માટે જ સરકારે મોટેરામાં મોદી સ્ટેડિયમની આસપાસ નવા બાંધકામો અટકાવ્યાં છે અને ત્યાં સ્પોર્ટસ વીલેજ ત્યાર કરાશે જેથી ભાગ લેવા આવનાર દુનિયાભરના ખેલાડીઓ અને તેમની સાથેના અન્ય સદસ્યોને ઉતારો આપી શકાય. ભારતમાં અત્યારસુધી કોમનવેલ્થ ગેમ્સ અને એશિયાડનું યોજન થયું છે. 1947 પછી ક્યારેય ઓલમ્પિકનું આયોજન થયું નથી કે યોજવાના કોઈ પ્રયાસો પણ થયા નથી. પરંતુ કંઈક નવુ નવુ કરવા માંગતા વડાપ્રધાન મોદીએ 2036માં ભારત ઓલમ્પિક માટે યજમાન બનશે તેવી ખાતરી આપીને તે માટેની અરજી પણ આપી છે. ટૂંક સમયમાં આ અંગેની એક સમિતિ ભારત આવીને કેવી તૈયારીઓ અને આયોજન વગેરેની પ્રાથમિક માહિતી મેળવીને મંજૂરી આપે તેમ છે...

અમદાવાદમાં આઈપીએલ 2022ની ફાઈનલમાં કેવા મસ્ત મસ્ત દર્શ્યો લોકોને જોવા મળ્યા, એના કરતાં વધારે ઝાકમઝોળભર્યા દર્શ્યો 2036ની ઓલમ્પિકમાં અમદાવાદમાં જોવા મળશે..દેશ દેશના ખેલાડીઓને ગુજરાતી ભોજન, ગુજરાતી થાળીની સાથે અમદાવાદની પોળો જોવાનો પણ લ્હાવો મળશે. 2036માં એક મહિના સુધી વિશ્વભરમાં અમદાવાદ, ગુજરાત અને મોદી સ્ટેડિયમ ઉપરાંત અન્ય જે સ્પોર્ટસ સુવિધાઓ ઉપલબ્ધ કરાશે તેના નામો ગાજશે અને ગૂંજશે...!

અમદાવાદમાં એકવાર ઓલમ્પિક માટેની કાયમી સુવિધા ઉપલબ્ધ થયાં બાદ તે પછી જેમ અમેરિકા, બ્રિટન, ચીન, જાપાન, ફ્રાન્સ કે જર્મનીમાં વારાફરતી ઓલમ્પિક યોજાય છે તેમ ભારતમાં અમદાવાદમાં યોજાશે...! અમદાવાદ, તારા ભાગ્યના દરવાજા ખોલવાની તૈયારી કર, ઓલમ્પિકના ભાવિ ખેલાડીઓના માથે કંકુતિલકની તૈયારી કર, ખમણપાત્રા અને ઢોકળા ઢોકળી ખવડાવવાની તૈયારી કર..આવી રહી છે એથેન્સથી ઓલમ્પિક જ્યોત....!

### "ભાજપવિરોધી" આમિરખાને આઇપીએલના ફાઇનલમાં કઇ રીતે એન્ટ્રી મારી..? શરણાગતિ..?



આઈપીએલ2022 રમતોત્સવ પૂરો થયો. ફાઈનલની મેચ પહેલાં અમદાવાદના મોટેરા સ્ટેડિયમ પર એ.આર. રહેમાન, રણવીરસિંહના ગીત-સંગીત, નાચગાન ઝાકમઝોળ આનંદ ઉલ્લાસ અને ચારે તરફ ક્રિકેટ..ક્રિકેટ...ની અસરના ...અનુસંધાન પેજ નં. 6 પર

## રખડતા ઢોર કાયદો, તાપી-નર્મદા-પાર યોજના રાખી મુલતવી

# રણનીતિ : ચૂંટણી પહેલા ભાજપે અનેક નિર્ણયોમાં કરી પીછેહઠ



ગુજરાત | વંદન





તંગ ભવાં, ચિંતાતુર ચહેરાઓ અને દોડધામ. ના, આ ગુજરાત કોંગ્રેસનું કાર્યાલય નથી, રાજ્યની ભાજપ સરકારની વાત છે. ગુજરાત પર ત્રણ દાયકા સુધી રાજ કરનાર અજેય પક્ષ પોતાના નિર્ણયો પાછો ખેંચી રહ્યો છે અથવા રદ કરી રહ્યો છે. ગભરાટ સ્પષ્ટ દેખાય છે. કેન્દ્રીય નાણાં મંત્રી નિર્મલા સીતારામને તેમના 2022-23ના બજેટ ભાષણમાં જાહેર કરેલો પાર-તાપી-નર્મદા રિવરલિંક પ્રોજેક્ટ દક્ષિણ ગુજરાતના આદિવાસીઓનાં ઉગ્ર આંદોલનને ધ્યાનમાં રાખીને રદ કરી દેવાયો છે.

ગુજરાત, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશને સાંકળતા આ આંતર-રાજ્ય પ્રોજેક્ટ સામે વિરોધ પ્રદર્શન રાજ્યના બજેટ સત્ર દરમિયાન શરૂ થયું હતું. દક્ષિણ ગુજરાતના વાંસદાના કોંગ્રેસના ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં અસરગ્રસ્ત આદિવાસી વિસ્તારોમાં દેખાવો ઉપરાંત રાજ્યના પાટનગર ગાંધીનગરમાં આંદોલન શરૂ થયું હતું.

સરકારે પહેલા તો આ પ્રોજેક્ટને સ્થગિત કર્યો હતો, પરંતુ ડિસેમ્બરમાં ગુજરાત વિધાનસભાની ચૂંટણી બાદ તેને નવેસરથી શરૂ કરવામાં આવશે તેવા આક્ષેપ સાથે વિરોધ પ્રદર્શન ચાલુ રહ્યું હતું. આખરે, રાજ્ય સરકારે પ્રોજેક્ટને રદ કરવાની જાહેરાત કરીને અને ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકારે આ પ્રોજેક્ટ માટે સંમતિ આપી નથી. જોકે કોંગ્રેસે સરકારના ઈરાદા શંકાસ્પદ હોવાનો આક્ષેપ કરીને આ મુદ્દો હજુ છોડ્યો નથી.

સરકારની પીછેહઠનું બીજું ઉદાહરણ રખડતા ઢોરના માલિકો સામેનો કડક કાયદો છે, જેને રાજ્ય વિધાનસભામાં મધરાત સુધી ચાલેલી ચર્ચા બાદ પસાર કરાયો હતો.

રખડતા ઢોરના ત્રાસ અંગેની અરજીના પગલે સરકારે ગુજરાત હાઈકોર્ટમાં ખાતરી આપી હોવાથી વિધાનસભામાં આ કાયદો રજૂ કરવામાં આવ્યો હતો. કાયદાની અનેક વિવાદાસ્પદ જોગવાઈઓમાંની એક એ હતી કે પશુપાલન કરવા ઈચ્છતા કોઈપણ નાગરિકને જિલ્લા કલેક્ટરની પરવાનગી લેવી પડશે. ઉપરાંત જે રખડતાં ઢોરોને જીઓ-ટેગ કરવામાં આવ્યાં ન હોય તેમના માલિકોને રૂ.50,000નો દંડ ફટકારવામાં આવશે. જ્યારે આવા રખડતાં પ્રાણીઓની કિંમત દંડની રકમથી અડધી પણ નથી હોતી. માલધારી સમાજ (પશુપાલકો)ના ભારે વિરોધને ...અનુસંધાન પેજ નં. 6 પર